કુમાર

સંસ્થાપક : સ્વ. રવિશંકર મ. રાવળ

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

વર્ષ ૬૮મું · એપ્રિલ ૧૯૯૫

૮૦૭ મો સળંગ અંક

તંત્રી : ધીરુ પરીખ


સંપાદક : બિહારીલાલ ટાંક



यदेव पुरुषं सूर्ये सोऽहं अस्मि (उपनिषद)

નિરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો
તે જ હું તે જ હું શબ્દ બોલે (નરસિંહ)





વનરાઈ

ફોટો · ઈન્ગબર્ટ ગ્રુન્થર

એપ્રિલ ૧૯૯૫

આ અંકમાં

કુમાર સળંગ અંક ૮૦૭

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
ડિરેક્ટરો : હીરાલાલ ભગવતી (ચેરમેન), બિહારીલાલ પો. શાહ, ભાલચંદ્ર શાહ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર,
અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૩૪૩૭૪૫)
પ્રિન્ટર્સ : હરેશ પટેલ, પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કો. સેન્ટર, સલાપસ રોડ,
અમદાવાદ ૩૮૦ ૦૦૧
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે ડૉલર ૨૫ અથવા રૂ. ૭૫૦
છૂટક નકલ રૂ. ૧૦-૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૨.૦૦

વાચકો લખે છે

'કુમાર'ના જાન્યુ. '૯૫ના અંકુમાં ડૉ. વિક્રમ સારાભાઈ વિષેનો લેખ તેમના કાર્યની સુંદર રજૂઆત કરે છે. આવા મેધાવી પુરુષની ઉપેક્ષા કર્યાનું એક ઉદાહરણ યુનિવર્સિટીના કુલપતિપદ માટેનું છે. એવું જ ઉપેક્ષા કર્યાનું બીજું પગલું અમદાવાદની મ્યુનિસિપાલિટીએ ભરેલું, જેનું ટૂંક બયાન નીચે આપું છું.

સ્વ. ડૉ. વિક્રમ સારાભાઈ પરમાણુ ઉર્જા સમિતિ (એટમિક એનર્જી કમિશન)ના અધ્યક્ષ હતા. ત્યારે ઉર્જા-ઉત્પાદન પ્રક્રિયામાં કેટલીક કીમતી આડપેદાશો ઉત્પન્ન થાય છે તેનો સદ્‌ઉપયોગ કરવાનો પ્રશ્ન આવેલો. આ આડપેદાશમાં વિકીર્ણ (રેડીએશન-Radiation) ઉત્પાદક પદાર્થો હોય છે. તેનો ઉપયોગ રોગ-નિદાનમાં અને રોગસારવારમાં થાય છે. 'ન્યૂક્લિઅર મેડીસીન' નામની એક નવી જ તબીબી વિજ્ઞાનની શાખા આપણા દેશમાં પહેલવહેલી શરૂ કરવાની હતી અને તેમાં આ પદાર્થોનો ઉપયોગ કરવાનો હતો. સ્વ. વિક્રમભાઈએ પહેલી ફિઝિકલ લેબોરેટરી 'એમ.જી. સાયન્સ કોલેજ'માં શરૂ કરેલી, એવી જ રીતે આ બીજી સંસ્થા અમદાવાદમાં થાય તેવી તેમની ઇચ્છા હતી ને તેમ કરવા તેઓ પૂરા શક્તિમાન હતા. તેમણે અત્રેની 'એલ.જી. હૉસ્પિટલ'ની પસંદગી કરેલી. તેઓએ જાતે હૉસ્પિટલમાં સુપરિન્ટેન્ડન્ટ તેમજ મ્યુનિસિપલ કમિશનર આગળ પ્રસ્તાવ મૂકી ચર્ચા કરેલી. પરંતુ પરિણામ શૂન્યમાં આવ્યું. થોડા જ દિવસો પછી મુંબઈમાં આ હૉસ્પિટલ સ્થપાઈ. અમદાવાદ માટે આ શરમજનક બીના હતી.

- ડૉ. ચન્દ્રવદન જે. દવે (અમદાવાદ)

આજે 'કુમાર' મળી ગયું છે. અંકનો Lay-out તથા છપાઈ, પૃષ્ઠ સંખ્યા વિગેરે બધું ગમ્યું. કે.એલ. સાયગલ - લેખ શાળાનો વિદ્યાર્થી નિબંધ વાંચતો હોય એ કક્ષાનો હોય એવું લાગ્યુ આ લેખમાં એને બદલે અડધો લેખ ગઝલ વિષે! વળી પુનરાવર્તનનો પણ લેખમાં આવ્યાં કરે છે.

'કુમાર' ખૂબ રંગત પકડે અને તમારી જહેમત અને પૂર્વના યશ-કાર્યની જેમ પ્રજ્વલિત થાય એવી ભાવના ભાવું છું. આજે પણ 'કુમાર'ની એટલી જ જરૂરત છે, જેટલી અમારા ઘડતરના વર્ષોમાં હતી.

- રમેશ શાહ (સૂરત)

ફેબ્રુ-૯૫ના 'કુમાર'ના અંકમાં 'કે.એલ. સાયગલ' લેખ ખૂબ જ પસંદ પડ્યો. અમારા વિધાનસભા સચિવાલયમાં 'કુમાર' આવે છે તેમાં એકીબેઠકે આ સુંદર લેખ વાંચ્યો. લેખકની મહેનત ઘણી ઊંડાણપૂર્વકની અને સંશોધનાત્મક છે. સાયગલ સાહેબના ઉમદા જીવનચરિત્ર અને તેમની કારકિર્દી પર સુંદર પ્રકાશ પાડ્યો છે જે તેમના ચાહકોનેજ નહીં પરંતુ અન્યવર્ગને પણ જરૂર પસંદ પડશે.

- પંકજ બુચ (ગાંધીનગર)

વિરહિણી

ચૈતર ચંપો મ્હોરિયો, ને મ્હોરી આંબાડાળ,
મઘમઘ મ્હોર્યા મોગરા, મેં ગૂંથી ફૂલનમાળ.

જૂઈ ઝળૂંબી માંડવે, ને બાગે બાગે ફાલ,
તું ક્યાં છો વેરી વાલમા ? મને મૂકી અંતરિયાળ !

આ ચૈતર જેવી ચાંદની, ને માણ્યા જેવી રાત,
ગામતરાં તને શે ગમે ? તું પાછો વળ ગુજરાત.

કોયલ કૂજે કુંજમાં, ને રેલે પંચમસૂર,
વાગે વનવન વાંસળી, મારું પલપલ વીંધે ઉર.

અવળું ઓઢ્યું ઓઢણું ને મારા છુટ્ટા ઊડે કેશ,
શું કરું નિર્દય કંથડા ! મને વાગે મારગ ઠેસ.

જોબનને આ ધૂપિયે, પ્રીત જલે લોબાન,
રત આવી રળિયામણી, મારાં કોણ પ્રીછે અરમાન ?

નારીઉર આળું ઘણું, બરડ કાચની જાત,
તું જન્મ્યો નરને ખોળિયે, તને કેમ સમજાવું વાત ?

સમજી જાજે સાનમાં, મન બાંધી લેજે તોલ,
હોય ઇશારા હેતના, એના ના કંઈ વગડે ઢોલ !

બાલમુકુન્દ દવે

યાત્રાવિહાર

(અનુષ્ટુપ)

યાત્રા સ્મરણની હો વા, હો હિમાલયની ખરી;
કાકાની તોલમાં કોને ચીંધશું આંગળી ધરી !

એમ તો સાંભરે પાછા સ્વામિ દાદા ય સાંભરે,
બળૂકી વાણ બોલે ને ફક્કડ થૈ ફરતા ફરે.

દક્ષિણાયન દાખીને કવિ જે દક્ષિણે ગયા,
પ્રસાદી નેત્ર ત્રીજાની ધૈર્યથી ધરતા રહ્યા.

ચં.ચી.એ ગઠરી છોડી, ચીજો કંઈ કિસ્મની ધરી;
એક ચીજ સ્વયં પોતેઃ બૂજ શી કવિએ કરી !

સાંભળ્યા મોરના ટૌકા કવિએ અંડમાનમાં,
કથા ઝાઝી નથી કીધી, સુણાવ્યું કંઈક સાનમાં.

સ્વયંજ્યોતિતીર્થ જેવા સંન્યાસી સાંભરે વળી,
ચૌદમા વર્ષમાં જેણે ત્યજી સંસાર-કાંચળી.

ભક્તની સાખ ધારીને ભક્તિ ના કદી યે ધરી
જેણે નિરંજની યાત્રા કિવના કેફથી કરી.

નવનીત સમા ચાલ્યા પદાચિહ્ને અગસ્ત્યના,
તથ્યો કંઈ તારવી આપ્યાં મર્ત્યનાં ને અમર્ત્યનાં.

નાનાભાઈ સભા ભટ્ટે આવી છે જાતરા-વહી,
પ્રશ્નોરી નર્મની સુક્તિ વિખેરી છે અહીં-તહીં.

ગુલાબીદાસની ગાથા રસિકા રમણી સમી,
વાંચી'તી વરસો પહેલાં, તેવળે તો હતી ગમી.

ઓલિયો શેખ આદમ જે શ્વસ્યો યૂરોપની હવા,
અંતે અંદા'દમાં આવ્યો લેરખી એ પ્રસારવા.

એમ તો કંઈક ઘૂમ્યા છે બક્ષી-દર્શક-ચૌધરી,
તરોતાઝા-સત્વશીલા-આત્મીયા ગોઠડી કરી.

સાન્નિધ્યે સરિતાઓના કવિ જે દક્ષ સંચર્યા,
ધરાના ધબકારા ને વ્હેતાં સૌંદર્ય પી ગયા.

ભોળાભાઈ ભજું ભાવે, પ્રીતિને પ્રેમથી સ્મરું;
આપ તો મહાયાત્રી છો; અલ્પ હું અર્ઘ્ય શો ધરું !

ચડી પાસ્પોર્ટની પાંખે ર.ચી. શાહ સમા વળી
જોયું - જાણ્યું - લણ્યું જે કંઈ ખંખેરે ખાંતથી ખળી.

એવા કૈંક હશે બીજા જેને ના લેશ જાણતો;
કરે જે ભીતરી યાત્રા પ્રેમભાવે પ્રમાણતો.

સાધુ, સન્યાસીઓ, સંતો, બાવાઓ ઘૂમતા વળી,
વિદેશી બાવલાં ગોરાં અર્ધવસ્ત્રે હળીમળી.

એમાં એક વધુ જાણો - હું યે થોડું હર્યો-ફર્યો,
ગોપવી માધવી* હૈયે મીરાંના દેશમાં ઠર્યો.

૧૨-૧૩-૧૪ (ફેબ્રુ.) ૧૯૯૫

* સદ્ગત પુત્રી માધવી, જે અગાઉ પ્રવાસોમાં સ્વંય સાથે રહેતી તે આ પ્રવાસમાં સતત સ્મરણમાં રહી, હૃદયસ્થ રહી.

હરિકૃષ્ણ પાઠક

કંઈ એવું એકલું લાગે

(ગીતિ)

– કંઈ એવું એકલું લાગે
કે કોઈ જે શ્વાસવગું, તું ઓતપ્રોત મનપ્રાણે,
સહસા તે ઊપડી ગયું જાણે અગમ દેશ અજાણ્યે,
મુજથી ના પ્હોંચાય એટલું અકળ અગોચર-આથે.

સરસ કોઈ જાણે ઊપડેલું ગીત ચઢ્યું 'તું ઝોલે,
પરથમ પ્હેલી પંગતી ચગી'તી લય-ઉચ્છલ હિલ્લોલે,
પ્રાસ સુધી આવ્યું નાવ્યું ત્યાં અટક્યું જઈ અધભાગે.

ઉશનસ્

વિજનમાં

(પૃથ્વી)

અડાબીડ અરણ્યમાં સ્ફટિક-સ્વચ્છ સ્રોતસ્વિની
તટે કુટિર પર્ણપુંજ થકી એક ગૂંથી, અને
કર્યું નિવસવા શરૂ દિવસ જે થકી, ત્યારથી
મનુષ્ય તણી વસ્તીમાં નવ બની શક્યું તે અહીં
બની વિજનમાં ગયું સહજ કેવું ! - બ્રહ્માંડના
અણુ અણુ મહીં હવે હૃદય ઓગળી આ ગયું !

જગદીશ ત્રિવેદી



દક્ષિણ આફ્રિકાની અશ્વેત પ્રજાના મહાન મુક્તિદાતા

નેલ્સન મૅન્ડેલા

- ડૉ. જયકુમાર ર. શુક્લ -

દક્ષિણ આફ્રિકામાં કેઈપ ટાઉન પાસેના વિકટર વર્સ્ટર કારાવાસમાંથી ૧૧મી ફેબ્રુઆરી ૧૯૯૦ના રોજ ૨૭ વર્ષ અને ૬ મહિનાના જેલવાસ પછી ત્યાંની શ્યામ પ્રજાના લોકપ્રિય નેતા નેલ્સન મૅન્ડેલા બહાર આવ્યા. દક્ષિણ આફ્રિકામાં રંગભેદ રાખતી શ્વેત સરકાર દ્વારા મૅન્ડેલાને ૧૯૬૪ થી અને તેમના સાથીઓને ૧૯૬૦થી જેલમાં પૂરવામાં આવ્યા હતા. શ્વેત લઘુમતી સરકાર તે દ્વારા સ્વતંત્રતાના સંઘર્ષનો અંત આણીને શ્વેત સરકારનું આધિપત્ય મજબૂત કરવા આતુર હતી. પરંતુ દુનિયાના કોઈપણ દેશની પ્રજાને કાયમ માટે ગુલામ રાખી શકાતી નથી. પરિણામે મૅન્ડેલાની મુક્તિને કરોડો કચડાયેલા કમનસીબ લોકોએ ઉત્સાહ તથા ઉમંગ સહિત વધાવી લીધી.

નેલ્સન રોલિલાહલા મૅન્ડેલાનો જન્મ ઉમતાતાના ટેમ્બુ રાજકુટુંબમાં ૧૮મી જુલાઈ, ૧૯૧૮ના રોજ થયો હતો. ટ્રાન્સ્કી પ્રદેશમાં બાળપણમાં તેમની જાતિના વડીલોએ કહેલી વાર્તાઓ તેમણે સાંભળી હતી. તે વાર્તાઓ તેમની પિતૃભૂમિના રક્ષણાર્થે તેમના પૂર્વજોએ કરેલી લડાઈઓ વિશેની હતી. તેમાંથી ડિંગેન અને બામ્બાટા, હિન્તસા અને મકના વગેરેનાં નોંધપાત્ર પરાક્રમોની સર્વત્ર પ્રશંસા કરવામાં આવતી. તે સાંભળીને દક્ષિણ આફ્રિકાની અશ્વેત પ્રજાના મુક્તિસંગ્રામમાં પોતાનું જીવન સમર્પણ કરવાની તેમણે તીવ્ર ઈચ્છા સેવી હતી.

મૅન્ડેલા ઉચ્ચ અભ્યાસ કરવા માટે ફોર્ટહેર કૉલેજમાં જોડાયા અને વિદ્યાર્થીઓના અધિકારો મેળવવા માટેની હડતાલની આગેવાની લેવા બદલ ઑલિવર તામ્બો તથા અન્ય વિદ્યાર્થી આગેવાનો સહિત તેમને કૉલેજમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આ રીતે અન્યાય વિરુદ્ધ આંદોલન કરવાની અને તે માટે ભોગ આપવાની તાલિમ તેમને વિદ્યાર્થીકાળ દરમિયાન મળી હતી. બીજે વરસે જોહાનિસબર્ગ જઈને તેમણે પત્રવ્યવહાર દ્વારા બી.એ.ની ડિગ્રી મેળવી. ત્યાં વૉલ્ટર સિસુલુ આફ્રિકનોના અધિકારો માટે સંઘર્ષ ચલાવતા હતા. મૅન્ડેલા તેમને મળ્યા અને તેમના પ્રોત્સાહનથી તેમણે કાયદાનો અભ્યાસ કર્યો.

આફ્રિકન નેશનલ કૉંગ્રેસની વિનંતીથી, ૧૯૪૪માં મૅન્ડેલાએ વૉલ્ટર સિસુલુ, ઓલિવર તામ્બો, એન્ટન લેમ્બીડી વગેરે નેતાઓના સહકારથી યુવક સંઘ સ્થાપ્યો. સંઘના સભ્યો એ આફ્રિકન નેશનલ કોન્ગ્રેસને ભાષણો અને વિનંતીઓ કરનાર બિનઅસરકારક સંગઠનમાંથી આત્મનિર્ણયની પ્રાપ્તિ માટેના રાષ્ટ્રિય મુક્તિસંગ્રામમાં ફેરવી નાખીને દક્ષિણ આફ્રિકા સહિત આફ્રિકાના અન્ય દેશો માટે સાચી લોકશાહી પ્રાપ્ત કરવા ઉત્સુક હતા.

યુવક સંઘના કાર્યક્રમમાં બહિષ્કાર, હડતાલો, સવિનય કાનૂન-ભંગ તથા અસહકાર સહિત 'સીધા પગલાં'નો પણ સમાવેશ થતો હતો. આફ્રિકન નેશનલ કોન્ગ્રેસની રાષ્ટ્રિય કારોબારીમાં ૧૯૪૯માં તેનો કાર્યક્રમ સ્વીકારવામાં આવ્યો. મૅન્ડેલા રાષ્ટ્રિય કારોબારી સમિતિના સભ્ય તથા યુવક સંઘના રાષ્ટ્રિય પ્રમુખ બન્યા.

ટ્રાન્સપાલ તથા નાતાલ ઈન્ડિયન કૉંગ્રેસોએ ડૉ. યુસુફ મોહમ્મદ દાદુ તથા જી.એમ. નાયકરના નેતૃત્વ હેઠળ શાંત પ્રતિકારની લડત આરંભી. તે લડતમાં બે હજાર માણસો જેલમાં ગયા. ઈન્ડિયન કોંગ્રેસોએ આફ્રિકન ખાણિયાઓને સહાય કરી હતી. આ શાંત પ્રતિકારમાં આફ્રિકન તથા શ્વેત લોકો પણ જોડાયા અને આંદોલનમાં પ્રાણ પૂર્યા. ભારતની સરકારે સંયુક્ત રાષ્ટ્રોમાં દક્ષિણ આફ્રિકામાં ભારતીયો સાથેના અયોગ્ય વ્યવહાર વિરુદ્ધ ૧૯૪૬માં સૌપ્રથમ ફરિયાદ કરી તથા ત્યાંની બહુમતી અશ્વેત પ્રજા પર થતા જુલમો પ્રત્યે જગતના દેશોનું ધ્યાન દોર્યું.

મૅન્ડેલા યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા હતા ત્યારે ભિન્ન ભિન્ન જાતિના કેટલાક વિદ્યાર્થીઓના ઘનિષ્ઠ પરિચયમાં આવ્યા હતા, જે ભવિષ્યમાં મુક્તિ માટેનાં આંદોલનોમાં મહત્ત્વનો ભાગ ભજવવાના હતા. તેઓમાં જો સ્લોવો તથા રૂથ ફર્સ્ટ પણ હતા. આ ઉપરાંત ઈન્ડિયન કૉંગ્રેસના ઈસ્માઈલ મીર તથા જે.એન. સિંહ હતા, જેમના દ્વારા મૅન્ડેલાને ડૉ. યુસુફ દાદુ તથા અન્ય

નામાંકિત ભારતીય નેતાઓનો સંપર્ક થયો હતો. ભારતની રાષ્ટ્રિય ચળવળમાં મૅન્ડેલાએ ઊંડો રસ લીધો હતો તથા જવાહરલાલ નેહરુનાં લખાણોનો તેમણે રસપૂર્વક અભ્યાસ કર્યો હતો.

જાતિવાદ વિરોધી તથા અત્યાચારો ભોગવતા સર્વે લોકોનો સંયુક્ત મોરચો રચવાની આવશ્યકતા સમજનાર વૉલ્ટર સિસુલુ પછી, મૅન્ડેલા આફ્રિકન નેશનલ કૉન્ગ્રેસના પ્રથમ આગેવાનોમાંના એક હતા. સામ્યવાદીઓ તથા બીજા બધા જાતિવાદના વિરોધીઓને પજવવા માટે ઘડવામાં આવેલા 'સપ્રેશન ઑફ કમ્યુનિસ્ટ્સ એક્ટ'નો વિરોધ કરવા માટે આફ્રિકન નેશનલ કૉન્ગ્રેસ. તથા દક્ષિણ આફ્રિકન ભારતીય કૉન્ગ્રેસે ૨૬ જૂન, ૧૯૫૦ના દિવસે સમગ્ર રાષ્ટ્રનાં લોકોને હડતાલ પાડી ઘરમાં જ રહેવાનો આદેશ આપ્યો. તેની સંયોજન સમિતિના કાર્યાલયનો હવાલો મૅન્ડેલાને સોંપવામાં આવ્યો. તેનાં બે વરસ બાદ આફ્રિકન નૅશનલ કૉન્ગ્રેસ અને દક્ષિણ આફ્રિકન ભારતીય કૉન્ગ્રેસે અન્યાયી કાયદાઓ વિરુદ્ધ અહિંસક ચળવળ શરૂ કરી. આ ચળવળના મુખ્ય આગેવાન નેલ્સન મૅન્ડેલાને બનાવવામાં આવ્યા. દેશની જુદી જુદી જાતિઓના ૮,૫૦૦ લોકો આ ચળવળ દરમિયાન જેલમાં ગયા. મૅન્ડેલાને પણ તેમાં નવ માસની કારાવાસની સજા ભોગવવી પડી.

નેલ્સન મૅન્ડેલા લોકનેતાના ઉચ્ચ ગુણો ધરાવનાર વ્યક્તિ. તેથી તેમને આફ્રિકન નેશનલ કૉન્ગ્રેસના નાયબ રાષ્ટ્રિય પ્રમુખ તથા તેની ટ્રાન્સવાલની શાખાના પ્રમુખ તરીકે ચૂંટવામાં આવ્યા. વિરોધી ચળવળના પરિણામે આફ્રિકન નેશનલ કૉન્ગ્રેસ, સાઉથ આફ્રિકન ઇન્ડિયન કૉંગ્રેસ, કલર્ડ પીપલ્સ કૉંગ્રેસ, કૉંગ્રેસ ઑફ ડેમોક્રેટ્સ તથા સાઉથ આફ્રિકન કૉંગ્રેસ ઑફ ટ્રેડ યુનિયન્સની બનેલી કૉંગ્રેસ એલાયન્સની રચના કરવામાં આવી. આ સહકાર અને એક્તાના કાર્યની અનેક દેશોમાં પ્રશંસા કરવામાં આવી. પરંતુ સરકારે હિંસાનો દોર છૂટો મૂકી લોકોને ઉશ્કેર્યાં તથા અત્યાચારી કાયદા ઘડ્યા અને વિરોધીઓને ફટકા મારવાની તથા જેલની ઘણી લાંબી સજાઓ કરી ત્યારે 'કૉન્ગ્રેસ ઑફ એલાયન્સ' સસ્પેન્ડ કરવામાં આવી.

આ.ને. કૉન્ગ્રેસ અને તેની સાથી સંસ્થાઓએ ૧૯૫૫માં 'કૉન્ગ્રેસ ઑફ ધ પીપલ'ની રચના કરી. તેમાં દક્ષિણ આફ્રિકાના વિવિધ જાતિઓનાં લોકોના વ્યાપક પ્રતિનિધિત્વનો સમાવેશ કરવામાં આવ્યો. તેણે 'સ્વાતંત્ર્યનો ખતપત્ર' તૈયાર કર્યો. તેનો મુક્તિ માંગતાં સંગઠનોના સમાન કાર્યક્રમ તરીકે સ્વીકાર કરવામાં આવ્યો. તેમાં જાહેર કરવામાં આવ્યું કે 'અશ્વેત તથા શ્વેત જે બધાં લોકો આ દેશમાં વસે છે, તે સૌનો દેશ દક્ષિણ આફ્રિકા છે. નૂતન દક્ષિણ આફ્રિકામાં લોકોની ઇચ્છા પર આધારિત, લોકશાહી રાજ્યમાં જાતિ, રંગ, લિંગ તથા ધર્મના ભેદભાવ વિના સર્વે લોકોને સમાન અધિકારો તથા તક આપવામાં આવશે.'

ડિસેમ્બર ૧૯૫૨માં જાહેર કાર્યક્રમોમાં હાજરી આપવાનો પ્રતિબંધ ફરમાવતો તથા જોહાનિસબર્ગની બહાર ન જવાનો હુકમ મૅન્ડેલા પર શ્વેત સરકાર દ્વારા ફરમાવવામાં આવ્યો. બીજે વરસે તેમના ઉપર વધારે કડક નિયંત્રણો લાદવામાં આવ્યાં અને તેમને આ.ને. કૉન્ગ્રેસના સભ્ય થવાનો પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો. તેમણે ૧૯૫૨માં તેમના સહાધ્યાયી અને પાછળથી આ.ને. કૉન્ગ્રેસના પ્રમુખ બનનાર ઑલિવર તામ્બો સાથે ભાગીદારીમાં વકીલાત શરૂ કરી. પરંતુ તેમના ઉપર સરકારે લાદેલાં નિયંત્રણોને કારણે તે વ્યવસાયમાં તેમણે અનેક મુસીબતોનો સામનો કરવો પડ્યો. મૅન્ડેલાએ નિયંત્રણોની ખાસ પરવા કર્યા વિના, લોકો પ્રત્યેની પોતાની ઉમદા ફરજના ભાગરૂપે રાજકીય પ્રવૃત્તિઓ નિર્ભયતાપૂર્વક ચાલુ રાખી..

'સ્વાતંત્ર્યનો ખતપત્ર' તૈયાર કરનાર આગેવાનોની ડિસેમ્બર ૧૯૫૬માં રાષ્ટ્રવ્યાપી ધરપકડો કરવામાં આવી. મૅન્ડેલા સહિત કુલ ૧૫૬ નેતાઓની ધરપકડ કરીને તેમના ઉપર 'ગંભીર રાજદ્રોહ'નો આરોપ મૂકવામાં આવ્યો પરંતુ અદાલતમાં કેસ ટકી શકે એમ ન હતો. તેથી અનેક આરોપીઓની વિરુદ્ધ કેસો ધીમે ધીમે પાછા ખેંચી લેવામાં આવ્યા. મૅન્ડેલાને તે સૌમાં મુખ્ય આરોપી બનાવીને કેસ લંબાવવામાં આવ્યો. આખરે ૧૯૬૧ સુધીમાં બધા આરોપીઓને નિર્દોષ છોડી દેવામાં આવ્યા પરંતુ મૅન્ડેલાને મુક્તિ મળે તેમાં સરકારના અસ્તિત્વને જોખમ હતું. તેથી ૧૯૬૦ની કટોકટીની સ્થિતિ



મુક્કાબાજીના શોખીન યુવાન મૅન્ડેલા



નલ્સન અને વીનિ મૅન્ડેલા

દરમિયાન મૅન્ડેલાને કેટલાક મહિના અટકાયતમાં રાખવામાં આવ્યા.

નેલ્સન મૅન્ડેલાએ ૧૯૫૩માં જણાવ્યું હતું કે સરકારના સતત અત્યાચારોને કારણે જાહેર સભાઓ, છાપાંજોગાં નિવેદનો અને પત્રિકાઓ દ્વારા પ્રચાર કરવાની જૂની પદ્ધતિઓ મુશ્કેલ અને જોખમકારક બની ગઈ છે. તેથી રાજકીય સંઘર્ષના નવા માર્ગો શોધવા પડશે. સરકાર દ્વારા લોકો ઉપરના અત્યાચારો ચાલુ રહેવા છતાં તેમણે ગ્રામકક્ષાએ લોકોનું સંગઠન સાધ્યું. લોકો અને ક્રિયાશીલ કાર્યકરો વચ્ચેની કડીઓ સાંકળી તથા અશ્વેત પ્રજાની પ્રવૃત્તિઓને વેગ આપ્યો. તેને 'એમ-પ્લાન' નામથી ઓળખવામાં આવે છે. સરકાર દ્વારા પ્રતિબંધિત હોવા છતાં, આ.ને. કૉન્ગ્રેસ સરકાર વિરુદ્ધનો સંઘર્ષ નિરંતર ચાલુ રાખી શકી. જાતિભેદ રાખીને અમાનવીય અત્યાચારો આચરતી સરકાર વિરુદ્ધ તેમણે વિવિધ દેશોની સરકારોને સર્વ પ્રકારની મદદ અટકાવી દેવા જણાવ્યું, જેથી શ્વેત સરકાર તેનાં ઘાતકી કૃત્યો ઓછાં કરે.

'પાસ' રાખવાના કાયદા વિરુદ્ધ શાન્ત દેખાવો કરનાર અનેક આફ્રિકનોની ૨૧ માર્ચ ૧૯૬૦ના રોજ શાર્પવિલે મુકામે બેફામ ગોળીબારો કરીને નિર્દયતાપૂર્વક હત્યા કરવામાં આવી હતી. આફ્રિકન નૅશનલ કૉન્ગ્રેસ તથા પાન-આફ્રિકનિસ્ટ કૉન્ગ્રેસ પર પ્રતિબંધ મૂકી, અસાધારણ સ્થિતિની દેશમાં જાહેરાત કરીને હજારો અશ્વેત પ્રજાજનોની અટકાયત કરવામાં આવી હતી. આ દરમિયાન રાજદ્રોહના અતિચર્ચાસ્પદ બનેલા મુકદમામાં અદાલતે નિર્દોષ છોડેલા પ્રખ્યાત નેતા નેલ્સન મૅન્ડેલા એપ્રિલ ૧૯૬૧માં ભૂગર્ભમાં ચાલ્યા ગયા. થોડા સમય બાદ પિટરમેરિટ્ઝબર્ગમાં મળેલી ઑલ - ઈન આફ્રિકન કોન્ફરન્સમાં તેમણે હાજરી આપી. તે પરિષદમાં શ્વેત પ્રજાસત્તાક સ્થાપવાની લઘુમતી શાસકોની ચાલબાજીનો સતત વિરોધ કરવામાં આવ્યો તથા જાતિભેદ-વિહીન લોકશાહી પ્રજાસત્તાક બંધારણ ઘડવા માટે દક્ષિણ આફ્રિકાની બધી જાતિના લોકોના પ્રતિનિધિઓની રાષ્ટ્રિય પરિષદ બોલાવવાની માગણી કરવામાં આવી.

દક્ષિણ આફ્રિકાને મે ૧૯૬૧માં પ્રજાસત્તાક રાજ્ય તરીકે જાહેર કરવામાં આવ્યું. તે સમયે માનવ અધિકારોથી વંચિત અશ્વેત લોકોએ ત્રણ દિવસની દેશવ્યાપી હડતાલ પાડી. ઉપર્યુક્ત પરિષદે વિનંતી કરવાથી મૅન્ડેલાએ ભૂગર્ભમાં રહીને તે હડતાલનું સફળ સંચાલન કર્યું હતું. શ્વેત લઘુમતી સરકારે લશ્કર અને પોલીસોની અનેક ટુકડીઓ શહેરોમાં ગોઠવી દઈને, કામદારો પર જુલમ ગુજારીને તથા હજારો લોકોની ધરપકડ કરીને હડતાલને સખત હાથે દાબી દીધી.

મૅન્ડેલા અને તેમના સાથીઓએ આંદોલનકારો તથા દેશનાં મહત્ત્વનાં લોકો સાથે વિસ્તૃત ચર્ચાવિચારણા કર્યા બાદ નિર્ણય કર્યો કે અહિંસાનો ત્યાગ કરવો અનિવાર્ય છે. તેથી વિવિધ જાતિનાં લોકોની બનેલી આફ્રિકન નૅશનલ કૉન્ગ્રેસની લશ્કરી પાંખ 'Umkhonto We Sizwe' એટલે કે 'રાષ્ટ્રનો ભાલો'ની સ્થાપના કરીને મૅન્ડેલાને તેના સરસેનાપતિ બનાવવામાં આવ્યા. માનવજીવનને નુકસાન ન થાય એ રીતે ૧૬ ડિસેમ્બર, ૧૯૬૧ના રોજ વિવિધ શહેરોમાં અનેક સરકારી સ્થળોએ તેના દ્વારા સફળતાપૂર્વક બૉંબધડાકા કરવામાં આવ્યા. ભાંગફોડના સેંકડો બનાવોથી આફ્રિકન લોકો આનંદ અને ઉત્સાહમાં આવી ગયાં. પરંતુ શ્વેત સરકારે હજારો લોકોને અટકાયતમાં લીધાં તથા ગુપ્ત માહિતી કઢાવવા તેમના ઉપર અમાનવીય અત્યાચારો ગુજાર્યા. તેમના નેતાઓની ધરપકડ કરવામાં આવી તથા ૧૯૬૪ સુધીમાં વિરોધીઓને કચડી નાખવામાં આવ્યા. પરંતુ જુલમી સરકારને સત્તાના નશામાં કદાપિ સૂઝતું નથી કે અત્યાચારો આચરવાથી લોકોની શાંત તાકાત તથા એકતામાં ક્રમશઃ વધારો થાય છે, જે આખરે સરકારના વિનાશમાં જ પરિણમે છે.

આ દરમિયાન ૧૯૬૨માં નેલ્સન મૅન્ડેલા ગુપ્ત રીતે વિદેશ ચાલ્યા ગયા. આફ્રિકાના જુદા જુદા દેશોનો પ્રવાસ કરી, ત્યાંના નેતાઓ સાથે મંત્રણા કરી, તેમણે સશસ્ત્ર સંઘર્ષ કરવા માટે તે દેશોની સરકારો પાસે સહાયની માગણી કરી. લંડનની ટૂંકી

મુલાકાત બાદ સ્વદેશ પાછા ફરતાં ૫ ઑગસ્ટ ૧૯૬૨ના રોજ તેમની ધરપકડ કરીને નવેમ્બર માસમાં તેમને પાંચ વર્ષની જેલની સજા કરવામાં આવી. કારાવાસ દરમિયાન, ૧૯૬૩-૬૪માં તેમને જેલમાંથી લાવી, વૉલ્ટર સિસુલુ તથા અન્ય નેતાઓ સાથે ભાંગફોડના આરોપ હેઠળ કેસ ચલાવી, આજીવન કારાવાસની સજા ફટકારવામાં આવી.

આ દરમિયાન મૅન્ડેલાનું નામ દેશના મહાન તારણહાર તરીકે પ્રત્યેક ઘરમાં પ્રસિદ્ધ બન્યું. છેલ્લા દાયકાથી તેઓ કોઈ હોદ્દો ધરાવતા નહિ કે જાહેર સભાઓને સંબોધી શક્યા ન હતા. તેમ છતાં, લોકો તેમની મુક્તકંઠે પ્રશંસા કરતા તથા તેમના સાથીઓ તેમને ખૂબ ચાહતા. અદાલતમાં તેમની સામે ચાલેલા મુકદમા દરમિયાન તેમણે ઉચ્ચારેલાં વાક્યો તેમના સ્વાતંત્ર્ય-સંગ્રામના પ્રોત્સાહક દસ્તાવેજો બની ગયા.

આફ્રિકન નૅશનલ કૉન્ગ્રેસની વિનંતીથી ઑલિવર તામ્બો આંતરરાષ્ટ્રિય સમર્થન પ્રાપ્ત કરવા માટે ૧૯૬૦માં વિદેશોના પ્રવાસે ઊપડ્યા હતા. તેઓ સ્વદેશ પાછા ફરે તે અગાઉ મૅન્ડેલા તથા તેમના સાથીઓને જેલમાં ધકેલી દેવામાં આવ્યા. તત્કાલીન આ.ને. કૉન્ગ્રેસના પ્રમુખ આલ્બર્ટ જે. લુથુલીને ગ્રાઉટવિલેમાં રોકી રાખેલ હતો. તેથી ધરપકડથી છટકી ગયેલા નેતાઓની સંમતિથી ઑલિવર તામ્બોએ સંઘર્ષની આગેવાની લેવી પડી. તેમણે (૧) દક્ષિણ આફ્રિકામાં ભૂગર્ભ પ્રવૃત્તિ પુનર્જીવિત કરવાની હતી, (૨) અમાનવીય અત્યાચારોની પરિસ્થિતિ હેઠળ સરકારના વિરોધીઓને એક સંસ્થા હેઠળ સંગઠિત કરવાના હતા. તથા (૩) દક્ષિણ આફ્રિકાની વિરુદ્ધ આર્થિક સહિત અન્ય પ્રતિબંધો લાદવા માટે આંતરરાષ્ટ્રિય આંદોલનને વેગ આપવાનો હતો.

જાતિભેદની નીતિ નિરંતર આચરણમાં મૂકતી સરકારે શ્વેત પ્રજાનું આધિપત્ય ટકાવી રાખવાના દૃઢ નિર્ધાર સહિત પોતાના લશ્કરનું ખર્ચ અતિશય વધારી દીધું, લશ્કરી તેમજ સલામતી દળોમાં અપૂર્વ વધારો કર્યો તથા વિદેશોમાંથી પુષ્કળ પ્રમાણમાં દારૂગોળો અને શસ્ત્રો મેળવ્યાં. આ રીતે સમગ્ર દેશને કારાવાસ સમાન બનાવી દેવામાં આવ્યો. આ દરમિયાન જાતિભેદનાં અમાનવીય કૃત્યોને વિશ્વલોકમત દ્વારા સખત શબ્દોમાં ધિક્કારવામાં આવ્યાં. સંયુક્ત રાષ્ટ્રોએ અશ્વેત લોકો પરના અત્યાચારોને મોટી બહુમતીથી વખોડી કાઢ્યા. છતાં પશ્ચિમની મોટી સત્તાઓ તથા ઔદ્યોગિક દૃષ્ટિએ ખૂબ આગળ વધેલા જાપાને પોતાના સ્વાર્થ ખાતર, વરસો સુધી દક્ષિણ આફ્રિકામાં પોતાનાં આર્થિક હિતો જાળવી રાખ્યાં અને વધાર્યાં. જાતિભેદ આચરતી સરકાર વિરુદ્ધ આંતરરાષ્ટ્રિય દબાણોનો પણ સામનો કર્યો.

પરંતુ અશ્વેત પ્રજામાં સ્વતંત્રતા માટેની જાગૃતિ એટલી બધી તીવ્રતાથી ઉદ્દીપ્ત થઈ હતી કે દક્ષિણ આફ્રિકાની ચળવળ સિત્તેરના દાયકામાં પુનર્જીવિત થઈ. ક્રૂર શોષણ વિરુદ્ધ કામદારોએ બળવો કર્યો અને સંગઠન સાધવાનો અધિકાર પ્રસ્થાપિત કર્યો.

આ દરમિયાન મૅન્ડેલા કારાવાસમાં બંધ હતા. કારાવાસમાં રહેવાની સ્થિતિ ઘણી ખરાબ હોવા છતાં સરકાર તેમનો જુસ્સો અને દૃઢ નિર્ધાર તોડી શકી નહિ. તેમની પત્ની વિની મૅન્ડેલાની પણ સતત પજવણી કરવામાં આવતી. મૅન્ડેલા ઘણાં વરસો સુધી, દેશનાં કરોડો લોકોની મુક્તિ માટે કારાવાસમાં રહ્યા. તેથી લોક-સમુદાયમાં તેમને માટેનો આદર અને સદ્ભાવ ખૂબ વધી ગયા. સમગ્ર દેશમાં તેમનાં માન અને પ્રતિષ્ઠામાં અસીમ વધારો થયો. કારાવાસમાં હોવા છતાં તેઓ તેમના સાથીઓને ગુપ્ત માર્ગદર્શન આપતા તથા દેશના મહત્ત્વના બનાવોથી માહિતગાર રહેતા.

નેલ્સન મૅન્ડેલા તથા અન્ય રાજદ્વારી કેદીઓની મુક્તિ માટેની આંતરરાષ્ટ્રિય ચળવળ ઍંસીના દાયકામાં પરાકાષ્ઠાએ પહોંચી. તેમણે દેશની આમજનતા માટે અસહ્ય દુઃખો વેઠ્યાં, તથા શ્વેત સરકારનો હિંમતપૂર્વક સામનો કર્યો. તેની યત્કિંચિત કદર રૂપે વિશ્વના વિવિધ દેશોએ મૅન્ડેલાની ભારોભાર પ્રશંસા કરી. આંતરરાષ્ટ્રિય સમજ માટેનો જવાહરલાલ નેહરુ ઍવૉર્ડ તેમને આપવામાં આવ્યો. સાયમન બોલિવર આંતરરાષ્ટ્રિય ઇનામ સ્પેનના રાજા સાથે મૅન્ડેલાને સરખે હિસ્સે આપવામાં આવ્યું. અનેક યુનિવર્સિટીઓએ તેમને માનદ્ ડિગ્રીઓ એનાયત કરી. સંખ્યાબંધ માર્ગો, મકાનો તથા બાગબગીચા સાથે તેમનું નામ જોડવામાં આવ્યું. તેમની જન્મજયંતીની દક્ષિણ આફ્રિકા તથા બીજા અનેક દેશોમાં રાજકીય તહેવારની જેમ ઉજવણી કરવામાં આવી. દક્ષિણ આફ્રિકાના સર્વમાન્ય લોકપ્રિય નેતા તથા ત્યાંનાં કરોડો કચડાયેલા લોકોના તારણહાર તથા પ્રવક્તા તરીકે દુનિયાના દેશોએ તેમનો સ્વીકાર કર્યો હતો.

આખરે ફ્રેડરિક ડબ્લ્યૂ. ડી ક્લર્કની આગેવાની હેઠળની સત્તાધીશ નૅશનલ પાર્ટીને ખાતરી થઈ કે વધતી જતી હિંસા તથા સંઘર્ષને દૂર કરવા માટે જાતિભેદના કાયદા તથા અત્યાચારોનો અંત આવવો જોઈએ. કેબિનેટ મંત્રીઓ તથા ઉચ્ચ સરકારી અધિકારીઓની મૅન્ડેલા સાથે કારાવાસમાં મંત્રણાઓ યોજવામાં આવી. ત્યારબાદ ૨ ફેબ્રુઆરી, ૧૯૯૦ના રોજ આફ્રિકન નૅશનલ કૉન્ગ્રેસ સહિત અન્ય સર્વે રાજકીય સંગઠનો પરથી પ્રતિબંધો દૂર કરવામાં આવ્યા. તેના નવમા દિવસે નેલ્સન મૅન્ડેલાને કારાવાસમાંથી મુક્ત કરવામાં આવ્યા.

દક્ષિણ આફ્રિકાના ઇતિહાસમાં પ્રથમ વાર, સમગ્ર દેશમાં વિશાળ જનતાએ મૅન્ડેલાનું વિજેતા સેનાપતિ જેવું ભવ્ય સ્વાગત કર્યું. તેમણે પોતાને આપવામાં આવેલ સમર્થન માટે આભાર માનવા તથા ભવિષ્યમાં સહાય કરવા માટેની વિનંતી કરવા વિવિધ દેશોની મુલાકાતો લીધી ત્યારે ત્યાંની સરકારો તથા

લોકોએ 'મહાન મુક્તિદાતા' તરીકે તેમનું શાનદાર સ્વાગત કર્યું. મેન્ડેલા તથા આફ્રિકન નેશનલ કોન્ગ્રેસ સમક્ષ, દેશમાં આકાર લઈ રહેલી ક્રાન્તિને પૂર્ણ કરવાની તથા દેશને લોકશાહી માટે તૈયાર કરવાની ભગીરથ જવાબદારીઓ પડેલી છે. છેલ્લાં ત્રીસ વર્ષના (૧૯૬૧ થી ૧૯૯૦) અત્યાચારો તથા ભૂગર્ભ પ્રવૃત્તિ બાદ તેમણે સંગઠનને પુનર્જીવિત કરી નવી અને વધારે અઘરી જવાબદારીઓ ઉઠાવવા તૈયાર કરવાનું હતું. જાતિભેદને લીધે પેદા થયેલા સંઘર્ષો તથા હિંસાનો અંત લાવવો હતો. સરકાર વિરુદ્ધ રોષે ભરાયેલા યુવકોને શિસ્તબદ્ધ સભ્યો બનાવી, દેશના ઉત્કર્ષની રચનાત્મક પ્રવૃત્તિઓ તરફ વાળવાના હતા. બે-ત્રણ દાયકા સુધી કારાવાસ અથવા દેશવટો ભોગવીને પાછા ફરેલા હજારો દેશવાસીઓના પુર્નવસવાટની વ્યવસ્થા કરવાની હતી.

આ.ને. કોન્ગ્રેસ તથા ઝૂલુ લોકોની ઇનકાથા ફ્રીડમ પાર્ટી - બંને અશ્વેત જૂથોના અનુયાયીઓ વરસોથી સામ સામે લડતા અને તેમાં હજારો માણસો મરણ પામ્યા હતા. મેન્ડેલાએ ઇનકાથાના નેતા બુથેલેઝી સાથે મંત્રણા કરી અને બન્ને દેશનેતાઓ ભેગા મળી, જાતિભેદ વિરુદ્ધ લડાઈ કરવા કબૂલ થયા. મૅન્ડેલાની કારવાસમાંથી મુક્તિ બાદ પ્રમુખ ડી કલર્ક રાજ્યની બધી મહત્ત્વની બાબતોમાં મૅન્ડેલાની સલાહ લઈને અગત્યના નિર્ણયો કરતા. તદનુસાર દાયકાઓથી જેલવાસ ભોગવતા હજારો રાજકીય કેદીઓને જેલમાંથી છોડી દેવામાં આવ્યા, તથા દેશવટો ભોગવતા કાર્યકરોને સ્વદેશ પાછા ફરવાની છૂટ આપવામાં આવી. વળી, જાતિભેદ અંગેના અનેક કાયદા સરકારે એક પછી એક રદ કરવા માંડ્યા.

આ.ને. કોન્ગ્રેસના પ્રમુખ ઑલિવર તામ્બોની બગડતી જતી તબિયતને કારણે જુલાઈ ૧૯૯૧માં મળેલા આ.ને. કોન્ગ્રેસના અધિવેશનમાં નેલ્સન મૅન્ડેલાને બિન-હરીફ પ્રમુખ તરીકે ચૂંટવામાં આવ્યા. મૅન્ડેલાએ વિદેશોના તેમના પ્રવાસો દરમિયાન, દક્ષિણ આફ્રિકા પર અગાઉ લાદવામાં આવેલા આર્થિક પ્રતિબંધો દૂર કરવાની માગણી કરી. તે મુજબ ક્રમશઃ આર્થિક પ્રતિબંધો દૂર થવા માંડ્યા. શાંતિ માટેનું ૧૯૯૩ના વર્ષનું વિશ્વવિખ્યાત નોબેલ પારિતોષિક મૅન્ડેલા તથા ડી કલર્ક બંને નેતાઓને સરખે હિસ્સે જાહેર કરવામાં આવ્યું. આ ઉપરાંત યુનાઈટેડ સ્ટેટ્સની સરકાર તરફથી મૅન્ડેલાને 'લિબર્ટી મેડલ' એનાયત કરવામાં આવ્યો. નવેમ્બર ૧૯૯૩માં દક્ષિણ આફ્રિકામાં વચગાળાનું બંધારણ તૈયાર કરીને ટ્રાન્ઝિશનલ કારોબારી સમિતિની રચના કરવામાં આવી. મૅન્ડેલા તથા અન્ય નેતાઓની સલાહાનુસાર ૨૬-૨૯ એપ્રિલ, ૧૯૯૪ દરમિયાન દક્ષિણ આફ્રિકામાં સૌપ્રથમ જાતિભેદ વિનાની ચૂંટણીઓ યોજવામાં આવી. તેમાં આ.ને. કોન્ગ્રેસને નેશનલ એસેમ્બલીમાં તથા નવ પ્રાન્તોની ધારાસભાઓમાં બહુમતી મળી. દેશના પ્રથમ અશ્વેત પ્રમુખ તરીકે મૅન્ડેલાને ચૂંટવામાં આવ્યા. ૧૦ મે, ૧૯૯૪ના રોજ પ્રિટોરિયામાં ૧૪૦ દેશોના રાજકીય પ્રતિનિધિઓની હાજરીમાં પ્રમુખ તરીકે મૅન્ડેલાની સોગંદવિધિ થઈ. આ રીતે શ્વેત પ્રજાના, બહુમતી અશ્વેત વસતી ઉપરના ૩૫૦ વર્ષના આધિપત્યનો અંત આવ્યો. નેલ્સન મૅન્ડેલા દક્ષિણ આફ્રિકાની અશ્વેત પ્રજાના મહાન મુક્તિદાતા બન્યા. ❑

વાંઝણી

(લઘુકથા)

પી. જી. કડીવાર

બે-ચાર દિવસ થયા મનોજ-મીનાનાં વર્તનમાં ફેરફાર થયેલો જોઈ, શાણાં ગીતાબહેને ઉચાટ અનુભવવાને બદલે મનોમન સમાધાન કર્યું : 'હોય એ તો... આજે રિસામણાં-મનામણાંની રમત નહિ રમે તો પછી ક્યારે રમશે ?'

- પણ, આ બદલાયેલું વલણ વધુ વખત લંબાયું એટલે ગીતાબહેનના મનમાં ચિંતા પેઠી. એક દિવસ બપોરે મનોજની ગેરહાજરીમાં, મીના ઘરકામમાંથી નવરી પડી એટલે ગીતાબહેને તેને પાસે બેસાડી મમતાભર્યા સ્વરે પૂછ્યું :

'મીના, દીકરી, કેમ હમણાં ઉદાસ જણાય છે ? કંઈ બન્યું ?'

'કંઈ નથી, બા. એ તો અમસ્તું તમને લાગે.' મીના બોલી, પણ એનો સ્વર રૂંધાયેલો હતો.

'તારી માને સાચું નહિ કહે, બેટા ?' કહેતાં ગીતાબહેને મીનાની પીઠ પંપાળી ને મીનાના હૈયાના બંધ છૂટી પડ્યા. એ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી. ગીતાબહેનનો હાથ સ્નેહથી મીનાને પંપાળતો રહ્યો....

થોડીવાર ખૂબ રડી લીધાં પછી મીના ડૂસકાં ભરતાં બોલી, 'બા, મનોજ અવાર-નવાર મારા વર્તન પ્રત્યે શંકા ઉઠાવ્યા કરે છે, અને હવે તો ના બોલવાનું બોલતા પણ અચકાતો નથી. મારાથી હવે આ બધું સહન નથી થતું. હું શું કરું ?.... નોકરીમાંથી રાજીનામું આપી દઉં કે પછી....' બોલતાં બોલતાં મીના ફરી ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી.

- પણ, આ સાંભળતા જ ગીતાબહેનનું સમગ્ર અસ્તિત્વ હચમચી ઊઠ્યું. એ આઘાતભર્યા આવેગથી મીનાને એકદમ બાથ ભીડી ગયા. ચકળ-વકળ થતી એમની કંપતી નજર દીવાલ પર ટાંગેલા સ્વર્ગસ્થ પતિના ફોટા પર સ્થિર થઈ. એ વિષાદ અને ઠપકાભરી આંખે પતિના ફોટા સામે તાકકી રહ્યાં - '...યાદ છે તમને ? એક સ્ત્રી હોવા છતાંય મેં તમને ના પાડી હતી, કે ભલે મારા લલાટે મે'ણું રહ્યું, પણ અનાથાશ્રમમાંથી બાળક તો નથી જ લેવું. કોણ જાણે કોનું યે લોહી હોય, પણ તમે....' ❑

મંજરી

— આનંદરાવ લિંગાયત —

અમદાવાદની આ પોળ.... સવારના નવેક વાગ્યા હશે...

આખી પોળમાં કપડાં ઉપર પડતા ધોકાનો ધબધબાટ, બહારની ચૉકડીઓમાં વાસણો માંજવાનો ખખડાટ અને નિશાળે જતાં છોકરાંની દોડાદોડી ને ઘોંઘાટ સંભળાતો હતો.

એમાં શાકભાજી વાળાનું ગીત ભળ્યું : 'આ...તા આઆઆ...જી...દૂધી... રીંગણાં...કોબીજ.... આ તાજાં શાકભાજી... આવી ગયાં ભાઈ....'

'અલ્યા, શું શાક લાવ્યો છું ?' પ્લાસ્ટિકનું એક વાસણ લઈને સરયૂબેન ઘરની બહાર નીકળ્યાં. થોડી કચકચ કરી એમણે રીંગણાંનો ભાવ ઠરાવ્યો અને પાંચસો ગ્રામ, બરાબર કસીને જોખાવ્યાં. પૈસા ચૂકવે એટલામાં વીણાબેન શાક લેવા આવી પહોંચ્યાં. કહ્યું, 'પાંચસો ગ્રામ કારેલાં આપ... સરખાં તોલજે..' પેલાએ પાંચસો ગ્રામ કારેલાં તોલ્યાં. પૈસા લઈ લારીવાળો ધીમે ધીમે આગળ વધવા માંડ્યો. સરયૂબેન અને વીણાબેન હાથમાં શાકનાં વાસણ લઈ ત્યાં જ ઊભાં રહ્યાં. બંનેની ઉમ્મર લગભગ સરખી. ૪૨-૪૫ની આસપાસનાં તો ખરાં જ.

'આ પેલી મંજરીએ અમેરિકામાં છેવટે શું કર્યું એ સાંભળ્યું ને !' વીણાબેને વાત છેડી.

'સાંભળ્યુંને....મા-બાપનું....નામ બોળ્યું...મૂઈએ... બીજું શું? ઘરડે ઘડપણ આ બાપડાં ડોહા-ડોહીનાં મોઢાં શરમથી કેવાં કાળાં પડી ગયાં છે, તમે નથી જોતાં !'

'બે નાનાંનાનાં છોકરાં અહીં મા-બાપને ગળે ભેરવી અમેરિકા જતી રહી અને ત્યાં હવે આવા ધંધા કરતી થઈ ગઈ... હવે આ છોકરાનું બચારાનું શું? એમને બાપડાંને કોણ હંધરશે?' કૂથલી કરતાં કરતાં એમને 'બાપડાં' છોકરાં ઉપર દયા આવી ગઈ.

'હાસ્તો....મેં તો હાંભળ્યું છે કે અમેરિકા જઈને જાત જાતનાં લફરાં કર્યાં કરે છે. હમણાં કોઈ ધોળિયા અમેરિકન જોડે લફરું કરી બેઠી છે અને એનું ઘર ઘાલી બેઠી છે...હાચું-ખોટું ભગવાન જાણે. આ તો મેં જે હાંભળ્યું એ તમને કહું છું. અમેરિકા દેશમાં લાજશરમ જેવું કાંઈ છે જ નહીં. જેને જેમ ફાવે તેમ કરે...'

વીણાબેન અને સરયૂબેનની વાત સાચી હતી. મંજરી એક અમેરિકનના લફરામાં હતી.

.....અને આ એના લફરાની કહાની છે.

મંજરી ગરીબ મા-બાપની દીકરી. એના બાપ એક નાની ખાનગી પેઢીમાં કારકુનની નોકરી કરતા હતા. મંજરીને એક મોટી બહેન અને એક નાનો ભાઈ પણ હતો. આ ત્રણે છોકરાં અને માબાપ એમ કુલ પાંચેય જણાં ભાડાની એક રૂમમાં વર્ષોથી રહેતાં હતાં. રૂમમાં એક ચૉકડી હતી. ચૉકડીની પાળી ઉપર બે માટલાં રહી શકે એવું પાણિયારું હતું. આ ચૉકડી એ જ બાથરૂમ. ચૉકડીની બાજુમાં જ સવારે સગડી અથવા સ્ટવ સળગાવી રસોડું મંડાય અને રાત્રે બધાની ત્યાં જ પથારીઓ થાય. ઉનાળાની રાત્રે તો પાંચે જણથી અંદર સુવાતું પણ નહીં. બહાર ઓટલા ઉપર એકાદ ઓશિકું અને શેતરંજીથી ચાલી જતું. વરસાદની બફારાવાળી રાત હોય તો તો હાલત પુછાય જ નહીં.

બાપના કારકુનીના પગારમાં જેમ તેમ ખેંચીતાણીને પાંચેના પેટમાં જે તે ખાવાનું પડતું. એક પૈસો પણ આડોઅવળો ખર્ચે પાલવે એમ ન્હોતું. છોકરાંને પગમાં ચંપલ કે સારાં કપડાંની એકાદ વધારાની જોડ એ તો મોજશોખમાં ગણાઈ જાય એવું હતું. દર વર્ષે જૂન મહિનામાં નિશાળે જતી વખતે ખરીદવી પડતી નોટો અને જૂની ચોપડીઓના પૈસા કાઢવા બીજા એક-બે ખર્ચાઓ ઉપર જબ્બરજસ્ત કાપ મૂકવો પડતો. ખૂબ કરકસર કરીને અને કષ્ટ વેઠીને માબાપ આ ત્રણે છોકરાઓને ભણાવી રહ્યાં હતાં. તેમ છતાં ત્રણે ભાઈબહેનમાંથી કોઈ મૅટ્રિકની પરીક્ષા પાસ કરી શક્યાં ન્હોતાં. છોકરાં સારું ભણશે તો સારી નોકરી મળશે અને ગરીબીનું જડબું થોડું ઢીલું થતાં કાંઈક રાહત મળશે એવી માબાપની આશા પણ છેવટે ઓલવાઈ ગયેલી.

વીસ વર્ષની ઉમ્મર થતાં મંજરીના ભાઈનું લગ્ન થઈ ગયું. એક સાંકડા રૂમના એ ઘરમાં વહુ આવી એટલે સાંકડી જગામાં ગિરદી વધી. નસીબજોગે મોટી બહેનનું લગ્ન તરત થયું એટલે એટલી જગા પાછી ખાલી પડી. હવે તો મંજરી પણ પુખ્ત વયે પહોંચી હતી. એટલે એના લગ્નની પણ વાતાઘાટો શરૂ થઈ ગઈ હતી. માબાપની દૃષ્ટિએ મંજરીના ગ્રહો પણ સીધા ઊતર્યા. પોતાની જ્ઞાતિનો, ગામડામાં મોટી ખેતીવાડી અને માલમિલક્ત ધરાવતો, સારા ઘરનો એક શ્રીમંત, પરંતુ બીજવર મુરતિયો મંજરી માટે મળી ગયો. બીજ-વર હોવા છતાં પહેલી પત્નીનાં કોઈ સંતાનો હતાં નહીં એટલું સારું હતું. મંજરી અને આ બીજવરની ઉમ્મરમાં વીસ-પચ્ચીસ વર્ષ કરતાં ય વધારે તફાવત હતો, તો પણ મંજરીએ આ લગ્ન અંગે કશી આનાકાની કરી નહીં. ગરીબીમાંથી છૂટવા માટેનો આ એક જ માર્ગ એને માટે હતો. લાચારીમાં ફસાએલાં મા-બાપ અને ઘરનાં બધાં માટે પણ રાહતનો આ એક જ માર્ગ હતો. મૅટ્રિકની ભયાનક ખાડી પોતે ઓળંગી શકી ન્હોતી એટલે સાદી કારકુની કે શિક્ષિકાની નોકરી પણ મળતી ન્હોતી. કોઈ રીતે એ પોતાના કુટુંબનો આર્થિક બોજો ઉઠાવવામાં ઉપયોગી થઈ શકતી ન્હોતી. એમાં એને બિચારીને પોતાનો જ દોષ દેખાતો, ઘસાઈ ગયેલી શિક્ષણપદ્ધતિનો નહીં.

લગ્ન કરીને મંજરી સાસરે વિદાય થઈ. સાસરું પૈસેટકે ખૂબ

સુખી છે અને એમાં ય પોતે બીજ-વરની પત્ની હોવાને કારણે પતિ તરફથી વધારે પડતો પ્રેમ અને લાડ-કોડ મળશે એવાં સપનાં લઈને એ સાસરે આવેલી. પણ અનુભવ તો કાંઈક જુદો જ થવા લાગ્યો. ઘરમાં એક નણંદ હતી. પરણેલી હતી છતાં મોટે ભાગે એ અહીં પિયરમાં રહેતી. સમાજમાં એ અંગે ફેલાએલી જાતજાતની વાતો મંજરીને કાને ધીમેધીમે આવવા માંડી. તેમ છતાં એણે નણંદ પ્રત્યે કોઈ ખરાબ પૂર્વગ્રહ બાંધી ના લીધો. સમાજ છે.... પૂરું જાણ્યા સિવાય ગમે તેમ બોલ્યા કરે – એવી વિશાળ સમજણ એણે કેળવવા માંડી.

ઘરમાં દેરાણી પણ હતાં. આ દેરાણી અને નણંદ બંને વચ્ચે નિકટની દોસ્તી હતી. એકબીજાની પ્રવૃત્તિઓમાં એ પરસ્પર સાથ આપતાં. સગપણમાં દેરાણી હોવા છતાં ઉમ્મરમાં દેરાણી મંજરી કરતાં ઘણાં મોટાં હતાં. ઘરમાં વર્ચસ દેરાણીનું જ હતું. ભગવાને દેરાણીને ખોબા ભરીભરીને રૂપ આપ્યું હતું. કોણ જાણે કેમ પણ એમના ઉપર ઉમ્મરની અસર સહેજે દેખાતી ન્હોતી. તસતસતો, ગોરો ગોરો, બેઠા ઘાટનો રૂપાળો બાંધો અને કાળા ભમ્મર વાળને ઉછાળતાં એ આખા ઘર ઉપર એકચક્રી રાજ કરતાં હતાં. આ રૂપના હથિયારથી દેરાણીએ મંજરીના પતિને પણ વશમાં લઈ લીધા હતા. ઘરના હિસાબ-કિતાબ અને જમીનજાગીરના ચોપડા ઉપર એમની કડક દેખરેખ રહેતી. તિજોરીની ચાવીઓ તો હંમેશાં એમની કમ્મરે જ રહેતી. મંજરીના પતિ ઘરમાં સૌથી મોટા હોવા છતાં આ દેરાણી પાય એટલું જ પાણી પીતા. દેરાણીની આંખે જ એ બધું જોતા. ધીમે ધીમે મંજરીને જાણવા મળ્યું કે પોતે પરણીને આ ઘરમાં આવી તે પહેલાં દેરાણી પોતાના પતિની બધી જ જરૂરિયાતો પૂરી પાડતાં હતાં. જ્યારે એને સમજાયું કે લોકલાજ ખાતર જ પોતાને પરણીને આ ઘરમાં લાવવામાં આવી છે ત્યારે આઘાતનો એક આંચકો એની છાતીમાં લાગી ગયેલો. પણ મંજરી વર્તમાનવાદી હતી એટલે એણે એ સત્ય પણ સ્વીકારી લીધું.

પોતાના પતિની પહેલી પત્નીના મૃત્યુ વિષે જાતજાતની સાચી-ખોટી વાતો અને અફવાઓ ધીમેધીમે એને સાંભળવા મળી. આ ઘરમાં પોતાનું આગમન દેરાણીને સહેજે ગમ્યું ન્હોતું. એટલે જેઠની સતત કાનભંભેરણી એ કર્યાં કરતાં. આ ઉશ્કેરણીને લીધે પતિદેવ મંજરીને ભારે ત્રાસ આપતા. મંજરીની ઇચ્છા ન હોવા છતાં ત્રણ વર્ષમાં એને બે બાળકો થઈ ગયેલાં. આ નિર્દોષ બાળકોને દેરાણી તરફથી, નણંદ તરફથી અને ખુદ પોતાના પતિ તરફથી પણ ઓરમાયુ વર્તન જ મળતું. પોતાનાં મા-બાપના માથાનો બોજ અને ગરીબી હળવી કરવા પોતે મન મનાવીને આ લગ્ન કરી લીધા હતાં. પરંતુ આ સાસરિયામાં આટલો સડો હશે અને ઘરનાં માણસો આટલાં ક્રૂર, દયાહીન અને નિષ્ઠુર હશે એવી તો એને કલ્પના ય ન્હોતી. એ આખા કુટુંબ પ્રત્યે એની નસોમાં જાણે નફરતનું ઝેર વ્યાપી ગયું હતું. પોતાના બે માસૂમ બાળકોનું રક્ષણ કરતાં કરતાં જેમ તેમ હવે આ જિંદગી આ ઘરના નર્કમાં પૂરી કરવી જ રહી એ રીતે મન મનાવી એણે જીવવા માંડ્યું હતું.

ત્યાં જિંદગીએ એકાએક નવો જ વળાંક લીધો....ચોમાસાની એક રાત્રે એકાએક અશુભ સમાચાર આવ્યા. પોતાના ખેતરોમાં વેળાસર વાવણી કરાવવા માટે કેટલાક મજૂરોને લઈને મંજરીના પતિ સવારથી જ ખેતરોમાં ગયા હતા. મોટી ખેતીવાડી હતી એટલે ઘરનું જ ટ્રેક્ટર હતું. સાંજ પડ્યે બેત્રણ મજૂરો સાથે ટ્રેક્ટર હાંકી પતિ ઘેર આવતા હતા. સામે આવતા એક ખટારાથી બચવા ટ્રેક્ટર થોડું રસ્તા નીચે ઉતારતાં આખું ઊંધું વળી ગયું અને પાછળનું મોટું પૈડું એમની છાતી ઉપર ફરી વળતાં ત્યાં જ પ્રાણ-પંખેરું ઊડી ગયું.

પચ્ચીસ વર્ષની ભરયુવાન ઉમ્મર....બે બાળકો... અને વૈધવ્ય માથે આવી પડ્યું. સાસરિયામાં આમે ય વાતાવરણ તો ઝેરીલું અને અળખામણું હતું જ; એમાં હવે મંજરી જાણે કે કટ્ટર દુશ્મન બની ગઈ. ચોવીસે કલાકનાં સતત મેણાંટોણાથી દેરાણી, નણંદ અને હવે તો દિયર પણ, એને વીંધવા લાગ્યાં - 'આ રાંડ જ કાળમુખી ભરખી ગઈ.... હવે કોનો વારો છે કોણ જાણે... આખા ઘરનું નખ્ખોદ કાઢીને ઉજાડી મૂકશે ત્યારે એને ટાઢક વળશે...' આવા વેધક અને વાહિયાત આક્ષેપોનો વરસાદ સતત વરસ્યા કરતો. પોતાને અને પોતાનાં બાળકોને બે ટંક પેટ ભરીને ખાવાનું પણ હવે સહેલાઈથી મળતું નહીં. પોતે તો બધું ચૂપચાપ સહન કરી લેતી પણ પોતાનાં માસૂમ બાળકો ઉપર ટોણા પડતા અને ત્રાસ ગુજરતો ત્યારે એ એનાથી જિરવાતું નહીં. પણ આ બધું કહેવું કોને ? કોણ સાંભળે ? અને સાંભલીને કોણ શું કરે ?

આ ઘરના કલુશિત વાતાવરણમાંથી બહાર નીકળવાનો એણે મનમાં નિર્ણય લઈ લીધો. પણ ક્યાં જવું, કેવી રીતે જવું ? જીવનનિર્વાહ માટે શું કરવું ? આ બધા સવાલો એના પગમાં મોટી બેડી બનીને પડતા. મિલકતમાંથી પોતાના અધિકારનો ભાગ પણ દેરાણીની લોખંડી મૂઠમાંથી છોડાવવો એ લોઢાના ચણા ચાવવા જેવું હતું. અત્યારે તો મિલકતના ભાગની ખાલી વાત કાઢવામાં પણ જીવનું જોખમ છે એ મંજરી બરાબર સમજતી હતી. દેરાણી, નણંદ અને દિયર આ ત્રણે જણાં બરાબર પહોંચેલી માયા હતાં એની મંજરીને ખાતરી થઈ ગઈ હતી.

અંતે, આંખો મીંચીને એક દિવસ એણે નિર્ણય લઈ લીધો. માબાપના ઘર સિવાય પોતાને માટે અત્યારે તો કોઈ સ્થળ નથી. રેલવેના ડબ્બાની જેમ એ સાંકડી ખોલીમાં ભીંસાઈને અંદર સમાઈ જવાશે. ભાભીનાં મેણાં થોડાં સાભળવાં પડશે, પરંતુ પોતાનો કે પોતાનાં બાળકોનો જાન તો નહીં જોખમાય. ત્યાં રહે રહે મિલકતના પોતાના ભાગ માટે લઢી શકાશે. એક અઠવાડિયા માટે બાળકોને લઈને પોતે અમદાવાદ જવા માગે છે એ રીતની દેરાણીની રજા લઈને એ અમદાવાદ ભેગી થઈ ગઈ. દેરાણીને

પણ એ જ જોઈતું હતું. દેરાણીને મન તો એ ઠંડે પાણીએ ખસ મટ્યા જેવું હતું.

એક બપોરે, નવરી બેઠી મંજરી પોતાની જૂની પેટી ફેંદી રહી હતી. એમાંથી હાઈ સ્કૂલમાં સાથે ભણતી બહેનપણી સુલભાનો એક જૂનો પત્ર મળ્યો. સુલભા પણ પોતાની જેમ મેટ્રિકના એ ખાડામાંથી બહાર નીકળી શકી જ ન્હોતી. પણ એના સારા નસીબે એક એન્જિનીઅર પતિને પરણીને કેનેડા પહોંચી ગઈ હતી. ત્યાં થોડા જ વખતમાં નર્સનું ભણીને પોતે કેવી સારી કમાણી કરે છે અને પરદેશનું જીવન કેવું હોય છે વગેરે વિગતો એણે આ પત્રમાં લખેલી. કેનેડાથી સુલભાના એકબે પત્રો આવેલા. પણ પરદેશના એ મોંઘા ટપાલખર્ચના પૈસા પોતાને પોસાય એમ ન્હોતા એટલે જવાબ લખી શકતી ન્હોતી.

આજે સુલભાનો આ જૂનો પત્ર જોઈને મંજરીના ભેજામાં જાણે એકાએક વીજળીનો ચમકારો થયો. એને પોતાનું તકદીર અજમાવવાનું મન થઈ આવ્યું. એણે પોતાની કરુણ કથનીનું વર્ણન કરતો વિગતવાર પત્ર સુલભાને લખ્યો. સાથે એ પણ લખ્યું કે ગમે તેમ કરીને સુલભા જો એને કેનેડા બોલાવવામાં મદદરૂપ થઈ શકે તો જીવનભર પોતે એનો ઉપકાર નહીં ભૂલે.

સુલભાને મંજરીની ગરીબી વિષે તો નાનાપણથી જ ખબર હતી. પણ આ પત્રમાં એના લગ્નજીવનની કરુણતા વાંચીને સુલભાની અનુકંપા જાગી. પોતાના પતિને એણે બધી વાત કરી અને મંજરીને ગમે તેમ કરીને વિઝિટર વીઝા મેળવવામાં મદદરૂપ થવા વિનંતી કરી. જરૂરી કાગળિયાં તૈયાર કરી સુલભાએ મંજરીને મોકલી આપ્યાં એટલું જ નહીં, સાથે લખ્યું કે જો નસીબ જોર કરતું હોય અને વીઝા મળી જાય તો તરત જણાવવું, જેથી પોતે જ તરત ટિકિટ પણ મોકલી આપશે.

સુલભાનો પત્ર વાંચતાં જ મંજરીની આંખમાંથી ડબ ડબ કરતાં આંસુ વહેવા માંડ્યાં. સુલભા આટલી દરિયાવ દિલની હશે એની એને કલ્પના ય ન્હોતી. સુલભા તરફથી આવેલાં બધાં કાગળિયાંને એણે પોતાનું તકદીર ખોલનારા શુકન ગણ્યા. તકદીર પોતાને સાથ આપી રહ્યું છે તો હવે પોતે પુરુષાર્થમાં પાછી નહીં પડે એવી આત્મવિશ્વાસની મક્કમ ગાંઠ એણે બાંધી. બધાં કાગળિયાં લઈને સુલભાએ પત્રમાં લખેલા માર્ગદર્શન પ્રમાણે એ કેનેડિયન એમ્બસીમાં પહોંચી ગઈ. કાગળિયાંમાં જોઈને, એના અફાટ આશ્ચર્ય વચ્ચે, કોઈ પણ પ્રકારની આનાકાની વગર, એના પાસ પોર્ટમાં ફટ દઈને વીઝાનો સિક્કો મારી દેવામાં આવ્યો.

અને....

હરખઘેલી થતી મંજરી જોતજોતામાં કેનેડા પહોંચી ગઈ. સુલભા ઉમળકાથી એને ભેટી અને પોતાના ઘરમાં એનો સમાવેશ કર્યો. સુલભાની મદદ અને માર્ગદર્શનથી ધીમેધીમે મંજરીએ કેનેડાની નવી જિંદગીમાં ડગલાં ભરવા માંડ્યાં. નાના સ્ટોરમાં, લોકોનાં ઘરોમાં 'હાઉસ-કીપર'...વગેરે કામો અને મહેનતમજૂરી કરી મંજરીએ સૌથી પહેલું કામ સુલભાએ મોકલેલી ટિકિટનું દેવું ચૂકવી દેવાનું કર્યું.

કેનેડા આવ્યે છ મહિના વીતી ગયા. થોડા પૈસા ભેગા થયા હતા. બાપુજીને પહેલો ચેક મોકલવાનું એણે નક્કી કર્યું. સાથે પત્ર લખ્યો–

'પૂજ્ય બાપુજી,

આ સાથે મારી કમાણીનો પહેલો ચેક તમારાં ચરણોમાં મૂકું છું. પોળના નાકાવાળી બેન્કમાં વટાવી શકાય એ રીતે સુલભાની સલાહ પ્રમાણે મોકલ્યો છે. આજ સુધી તમે અને બાએ મારો બોજો ખેંચ્યો છે. હું કોઈ રીતે તમને મદદરૂપ થઈ શકતી ન્હોતી. બાપુજી, સુલભા અને એના વરની પૂજા કરું તો પણ ઓછું છે. એમણે મારો હાથ પકડીને મને અહીં ખેંચી ના હોત તો ત્યાં મારી જિંદગી કોઈક અંધારી કોટડીના ખૂણામાં પડીપડી ક્યાંય સડી ગઈ હોત. બાપુજી, અહીં આવવામાં મદદ કરીને સુલભાએ મને જીવનનો પ્રકાશ દેખાડ્યો છે.

બાપુજી, ઉમ્મરના પ્રમાણમાં તમારું શરીર બહુ ઘસાઈ ગયું છે. ભૂખ્યા પેટે આજ સુધી તમે બહુ બોજ ખેંચતા આવ્યા છો. હવે તમે આરામ કરો. તમારી એ નોકરી છોડી દો. હું હવે તમને નિયમિત પૈસા મોકલતી રહીશ. ભાભીને પણ કહેજો કે હવે બધાં છોકરાંને સવારસાંજ એક એક ગ્લાસ દૂધ આપે અને ગ્લુકોઝનાં બિસ્કીટનો સ્વાદ પણ છોકરાંને ચખાડે. અવારનવાર ચોકલેટ પણ હવે ખવરાવે.

બાપુજી, તમે કે બા મારી ચિંતા કરશો નહીં. હું છોકરી નહીં પણ છોકરો જ છું એમ માનજો. જો બધું બરાબર ધાર્યું ઊતરશે તો હું ભાઈ-ભાભીને અને તમને પણ અહીં બોલાવી લઈશ.

તબિયત સાચવજો. નિરાંતે ફરી બીજો પત્ર લખીશ

- મંજરીનાં પ્રણામ.'

બે વર્ષ વીતી ગયાં. ઇલ્લીગલ-એલીઅન તરીકે ગેરકાયદે મજૂરી કરીકરીને મંજરી પૈસા બચાવતી અને બાપુજીને નિયમિત મોકલતી. આખા કુટુંબના જીવનમાં હવે બરકત આવી ગઈ હતી.

આ બે વર્ષમાં મંજરીએ અંગ્રેજી સારું એવું શીખી લીધું. હવે એને આગળ વધવું હતું. લોકોનાં ઘરોમાં આ રીતે છૂટકછૂટક કામ કર્યાં કરવાથી ઉદ્ધાર નહીં થાય. હવે કોઈ સારી કાયમી નોકરી મળે તો સારું. નાના નાના સ્ટોરનો ગલ્લો સંભાળવાથી માંડીને આખા સ્ટોરની વ્યવસ્થા અને સંચાલન કેમ કરવું એ તો હવે એને બરાબર ફાવી ગયું હતું. પણ પોતાની પાસે કાયદેસરનાં કાગળિયાં ન હોવાથી એવી જવાબદારીવાળી સારી ફુલ ટાઈમ નોકરી મળવી મુશ્કેલ હતી.

'સુલભા, હું હવે અમેરિકા જતી રહું તો તને કેમ લાગે છે ? ત્યાં મને એક મોટેલમાં ફુલ ટાઈમ કામ મળે એમ છે.' ઇન્ડિયાથી

આવેલા બાપુજીના પત્રમાં કેલિફોર્નિયા સ્ટેટનું એક સરનામું હતું તે એણે સુલભાને બતાવ્યું. બાપુજીના કોઈ ઓળખીતાએ એમને આપેલું.

'હવામાનની દૃષ્ટિએ તો સારું છે જ. અને તને ત્યાં કાંઈ ભાંજગડ વગર સારી નોકરી મળતી હોય તો જરૂર જા. કાગળમાં ફોન નંબર છે. એ ફોન ઉપર એકવાર વાતચીત કરીને સમજી લે. પછી નિર્ણય કર.'

ફોન ઉપર જ મોટેલના માલિક એ ગુજરાતી ભાઈએ નોકરીની ગેરંટી આપી દીધી. કેનેડાથી પોતાની મોટેલ ઉપર પહોંચવા કયો રસ્તો સરળ પડશે અને કેટલા વખતમાં પહોંચાશે એ બધી માહિતી પણ વિગતવાર આપી દીધી.

પોતાને આ નવી જિંદગી આપવા બદલ મંજરીએ સુલભાનો વારંવાર ઉપકાર માનવા માંડ્યો. અંતે, રડીને છૂટા પડવાની વેળા આવી ગઈ.

'ચાલ, આંસું લૂછી નાખ હવે...' સુલભાએ કહ્યું, 'હજુ મારી એક મોટી જવાબદારી તો બાકી છે. મારે તને હજુ અહીંથી સલામત રીતે બોર્ડર પસાર કરાવીને અમેરિકાની હદમાં પહોંચાડવાની છે. ચાલ જલદી કર...' સુલભાએ મંજરીનાં આંસું લૂછ્યાં. સુલભાનાં બે બાળકો પણ ત્યાં આવીને ચૂપચાપ નિરાશ થઈને ઊભાં હતાં. આન્ટી જતી રહે છે એ એમને ગમ્યું ન્હોતું. મંજરી એમને વ્હાલથી ભેટી અને અંતે સૌ ગાડીમાં ગોઠવાયાં.

કાયદાથી ડરતી, ફફડતી મંજરી અદ્ધર જીવે આખરે મોટેલ ઉપર પહોંચી ત્યારે એના જીવને કાંઈક શાંતિ થઈ. એકાદ દિવસ આરામ કરી બીજા દિવસે મોટેલનું કામ બધું સમજી લીધું. ફોન ઉપર જે કામનું વર્ણન કર્યું હતું એના કરતાં બધું જુદું જ નીકળ્યું. કામવાળી મેઈડની જેમ રૂમની સફાઈ કરવા અંગે કાંઈ વાત જ થઈ ન્હોતી. પણ હવે એ જ કામ મુખ્ય કરવાનું નક્કી થયું. કોઈ પણ કામ કરવામાં મંજરીને નાનમ લાગતી ન્હોતી. પરંતુ દગા-બાજી અને જુઠાણાં સાથે એને નફરત અને ગુસ્સો ચઢ્યો હતો. પણ શું કરે ? લાચાર હતી.

મોટેલની ખાલી થયેલી રૂમોની સફાઈ કરવા એ સવારે કામે લાગી જતી. જે રૂમમાં એ સફાઈ કરતી હોય એ જ રૂમમાં એ માલિક કાંઈક ને કાંઈક બહાનું કાઢીને પહોંચી જતા. પલંગ ઉપર ચાદર કેવી રીતે પાથરવી, ઓશિકું કેવી રાતે ગોઠવવું, ટૉઈલેટ કેવી રીતે ઘસવું... આ બધાનું માર્ગદર્શન આપવાના બહાને સ્પર્શાસ્પર્શીની તક શોધતા. એક દિવસ તો એમણે હદ કરી નાખી. જે રૂમમાં મંજરી સફાઈ કરી રહી હતી એ રૂમના ટી.વી.માં નગ્ન ફિલ્મ ચાલુ કરી દીધી અને અજાણ્યા બનીને કાંઈક કામનું બહાનું કાઢી ત્યાં આવી પહોંચ્યા. એકલા હાથે કપરી જિંદગી સામે ઝઝૂમનાર લાચાર યુવાન સ્ત્રીઓને હલકી માની એમનો લાભ ઉઠાવનાર આવા માણસોનું ગળું દાબવા મંજરીના હાથ સળવળી ઊઠ્યા. પણ ગુસ્સાને દબાવી એ ત્યાંથી નીકળી ગઈ.

એક ઇન્ડિયન કપલને એમની ડ્રાઈવ-ઈન ડેરી માટે કોઈકની જરૂર હતી. કપલ આમ તો સ્વભાવનું સારું લાગતું હતું. પછી તો કોણ જાણે! એમની સાથે પગાર અને કામના કલાકની સ્પષ્ટતા થઈ ગઈ. ડેરીની બાજુમાં જ આ કપલે એક નાનું ઍપાર્ટમેન્ટ શોધી આપ્યું. ચાલીને આવ-જા થઈ શકે એ રીતે બધું બરાબર ગોઠવાઈ ગયું. મંજરીને આ કામનો અનુભવ તો હતો જ. એટલે કામની શરૂઆત તરત થઈ ગઇ. મંજરી રોજ સવારે છ વાગે ડેરી ખોલતી. માલિકનાં પત્ની શારદાબહેન એકાદ કલાકમાં આવી પહોંચતાં. સવારના દસેક વાગતા સુધી ઘરાકી સારી રહેતી. દસ વાગ્યા પછી છેક સાંજના ચાર વાગ્યા સુધી ઘરાકી ધીમી પડી જતી. એટલે દસેક વાગે શારદાબહેન બીજાં કામે ચાલ્યાં જતાં અને મંજરી એકલી ડેરી સંભાળતી.

રોજ અગિયારના ટકોરે એક ઘરાક એની વ્હીલ-ચેરમાં બેસીને આવતો. એક મોટો ગળ્યો ગળ્યો ડોનટ અને કાળી કૉફીનો મોટો કપ લઇ એ ત્યાં બેસીને ગપ્પાં મારતાં પૂરો કરતો. એનો આ દૈનિક વિધિ બની ગયો હતો.

મંજરીના પહેલા દિવસે એ જ્યારે આવ્યો ત્યારે એ નવી નવી હોવાથી એણે મંજરીને પોતાની ઓળખાણ પણ આપેલી,

'હાઇ, માય નેમ ઈઝ માઇકલ.આય એમ યોર રેગ્યુલર કસ્ટમર હિઅર....લુક્સ લાઇક યૂ આર ન્યૂ હિઅર...ડૉન્ટ વરિ....યૂ વિલ બી જસ્ટ ફાઇન' એના મોટા ડોનટ અને કૉફીના પૈસા કાપી પરચૂરણ પાછું આપતાં મંજરીએ એની સદ્ભાવના બદલ આભાર માન્યો. 'આર યૂ ફ્રૉમ ઈન્ડિયા ટૂ' વ્હીલ-ચેરમાં બેઠાં બેઠાં ડોનટનો મોટો ટુકડો એણે મોંમાં મૂક્યો. 'યસ' હસીને મંજરીએ જવાબ આપ્યો. થોડી આડાઅવળી વાતો કરતાં કરતાં એણે ડોનટ અને કૉફી પૂરાં કર્યા. 'સી યૂ ટુમોરો...' કહીને એણે પોતાની વ્હીલ-ચેર ડેરીની બહાર હંકારી. મંજરી એને જતો જોઇ રહી. મનમાં થોડું બબડી....બિચારો ભલો માણસ લાગે છે. કુદરત ભલા માણસોને જ સતાવતી હોય છે...માઇકલની અપંગતા ઉપર એને થોડી દયા પણ આવી ગઈ.

બહુ નાની ઉમ્મરે માઈકલને કોઈક ભયાનક અકસ્માત થયેલો એમાં ઢીંચણથી નીચે એના બંને પગ કાપ્યા સિવાય છૂટકો ન્હોતો. એની અપંગતાનાં રોદણાં એ કદી રોતો નહીં કે કદી લાચારી પણ અનુભતો નહીં. સદા હસમુખો અને થાય એટલી બીજાને મદદ કરવાવાળો દિલાવર, પાંત્રીસેક વર્ષનો એ ગોરો યુવાન હતો.મંજરીને આ ડેરીમાં કામ કરતાં ત્રણેક મહિના વીતી ગયા. માઈકલ રોજ એના નિયમિત ટાઈમે આવતો. એ જ એનું મોટું ડોનટ અને એ જ એની કૉફી. હવે તો એવું થતું કે જેવું માઇકલ પેલા ડોનટમાં બટકું ભરે કે તરત મંજરીને ઊબકો

આવતો...આ માઈકલને આ એકનું એક રોજ ગળે કેમ ઊતરે છે! કંટાળતો ય નથી! એક દિવસ માઈકલ આવ્યો ત્યારે મંજરી પણ પોતાનું લંચ ખાતી હતી. માઈકલે આવી કોફી લીધી. એ એનું ડોનટ લેવા જતો હતો ત્યાં મંજરીએ એને અટકાવ્યો. 'માઈકલ, ટ્રાઇ પીસ ફર્સ્ટ. યૂ વિલ લાઇક ઈટ' ઘરેથી એ લંચમાં બટાટાવડાં અને ચટણી લાવેલી. માઈક્રોવેવ ઓવનમાં ગરમ કરી એણે માઇકલને એક પ્લેટમાં મોટાંમોટાં પાંચ-છ બટાટાવડાં આપ્યાં. થોડી ચટણી બાજુમાં મૂકી. ચટણી કેવી રીતે ખાવી એ સમજાવ્યું.

'હે... પીસ ઈઝ ગ્રેટ... વેરિ ટેસ્ટિ... આઇ લાઇક ઈટ... વોટ ઈઝ ઈટ' મઝાથી ચાવતાં ચાવતાં માઇકલે પૂછ્યું, 'ગુડ... યુ લાઈક ઈટ ટૂ હૉટ ફોર યૂ નો... ઈટ્સ પરફેક્ટ' એની કોફી સાથે જોતજોતમાં માઇકલે બટાટાવડાં પૂરાં કરી નાખ્યાં. એની ટેવ પ્રમાણે થોડી વાર આડાઅવળાં ગામગપાટાં મારી એણે જવાની તૈયારી કરી. 'હાઉ મચ ફોર પીસ પોટેટો થિંગ્ઝ, મંજરી' નિયમ પ્રમાણે એણે પૈસા ચૂકવવા પોતાનું પાકીટ કાઢ્યું. 'નથિંગ... આઇ બ્રિંગ ફ્રૉમ હોમ' માઇકલના ખૂબ આગ્રહ છતાં મંજરીએ પૈસા લીધા નહીં.

આ રીતે માઇકલ માટે મંજરી અવાર નવાર કોઇક ઈન્ડિયન વાનગી લાવતી. બદામપિસ્તાં નાખેલો ગરમગરમ શીરો તો માઇકલને ખૂબ જ ભાવતો. એ જ રીતે તાજી ભાખરી અને શાક પણ એ ખૂબ ટેસથી ધરાઈ ધરાઈને ખાતો. એક દિવસ માઈકલ એની વ્હીલ-ચેરમાં બેઠો-બેઠો બાસમતી ચોખાનો મઘમઘતો ભાત અને રસાદાર શાક લિજ્જતથી જમી રહ્યો હતો. મંજરી પણ એના ગલ્લા પાછળ ઊભી ઊભી ધીમેધીમે ખાઈ રહી હતી. ત્યાં બે નાનાંનાનાં છોકરાં આવ્યાં – સાતેક વર્ષનો છોકરો અને પાંચેક વર્ષની છોકરી. બંને ભાઇબહેન લાગતાં હતાં. ખીસામાંથી બધું પરચૂરણ ધીમેધીમે કાઢી એમણે બે કેન્ડી ખરીદી અને ખુશ થતાં થતાં ચાલ્યાં ગયાં. એ જતાં છોકરીને મંજરી ક્યાંય સુધી જોતી રહી. એની આંખમાં આંસું આવી ગયાં. માઇકલે આ આસું જોયાં. 'મંજરી, વૉટ હૅપન્ડ?' ખાવાનું બંધ કરી વ્હીલચેર ખસેડી એ નજીક આવ્યો. માઇકલનો સહાનુભૂતિ ભર્યો અવાજ સાંભળી એની આંખમાં વધારે આંસુ ધસી આવ્યાં. પણ એ કાંઇ બોલી નહીં. 'મંજરી ડુ યૂ હેવ ચિલ્ડરન?' માઇકલે જાણે મંજરીનું મન વાંચી લીધું હતું. 'યસ' મંજરીએ આંસુ લૂછ્યાં. 'વ્હેર આર ધે?' 'ઇન ઈન્ડિયા' ગળગળા અવાજે મંજરીએ જવાબ આપ્યો. આ છોકરાંને જોઇને એને પોતાના બાળકોની યાદ આવી ગઇ હતી. 'આર યૂ ગોઈંગ ટુ ગેટ ધેમ હિઅર' 'નો...' 'વ્હાઈ નોટ ?' 'માઇકલ, આઇ એમ નો લિગલ....આઇ હેવ નો ગ્રીન કાર્ડ..' 'ડુ યૂ સેન્ડ ધેમ મનિ?' 'યસ...બટ વેરિ લિટલ. માઈ એપાર્ટમેન્ટ રેન્ટ ઈઝ વેરિ બિગ' 'યોર હસબન્ડ...' 'આઇ એમ વિડો.' 'આઇ એમ સૉરિ, મંજરી...' વાત સાંભળીને માઇકલ નિરાશ થઇ ગયો હતો. બાસમતીના ભાતની એની મઝા જતી રહી. આખી પ્લેટ એણે ક્ચરાપેટીમાં નાખી દીધી. થોડી વાર એ સૂનમૂન બેસી રહ્યો. 'ઓ.કે. મંજરી, બાય..' શું બોલવું એ એને સમજાતું ન્હોતું એટલે ભારે અવાજે એણે વિદાય માગી. 'બાય' મંજરીએ પણ એવી જ ટૂંકી વિદાય આપી. અને આંસુ લૂછી સ્વસ્થતા પાછી મેળવવા કોશિશ કરી. બીજા દિવસે માઇકલ આવ્યો. પણ એણે ન તો એની કૉફી કે ન કાંઇ લીધું. 'મંજરી, યૂ આર ઑફ ઑન સન ડે નાઇટ'. 'યસ, વ્હાઈ ?' 'કૅન યૂ કમ ટુ માઈ હોમ સનડે?' સી ધેટ બિગ પામ ટ્રી?' થોડે દૂર દેખાતું ઊંચું તાડનું ઝાડ આંગળી ચીંધી એણે બતાવ્યું.'ધેટ ઈઝ માઈ હાઉસ. યૂ કૅન વોક ધેર ફ્રોમ હિઅર... કૅન યૂ કમ?' એણે કાગળના એક ટુકડા ઉપર ઘરનું સરનામું લખી આપ્યું. માઇકલના આ એકાએક આમંત્રણથી મંજરી સહેજ વિચારમાં પડી ગઇ. પણ માઇકલ ભલો માણસ છે એટલે એનું આ આમંત્રણ સ્વીકારવામાં એને વાંધો પણ ન્હોતો દેખાતો. 'ઓ.કે. માઇકલ... આઇ કમ સનડે' મંજરી હજુ અંગ્રેજી વાક્યરચના બરાબર કરી શકતી ન્હોતી. પણ અમેરિકન પ્રજાની ઉદારતા જ એ છે કે એ ભાષાની ચીકાશ કે આડંબરને નથી પકડી રાખતી.'થૅંક યૂ' અને કાંઇ પણ ખાધાપીધા વિના એણે તરત વ્હીલચેર પોતાના ઘર તરફ પાછી ચલાવી મૂકી. કૉફીના બંધાણીએ આજે એની કૉફી પણ લીધી નહીં. માઇકલની આ વર્તનથી અને એના અણધાર્યા આમંત્રણતથી મંજરી અચંબામાં પડી ગઇ હતી. એ માઇકલને જતો જોઇ રહી.બીજા જ દિવસે રવિવાર હતો. મંજરી સવારે દસ વાગે માઇકલને ત્યાં પહોંચી. ડોર-બેલ વગાડ્યો. બારણું ખોલી માઇકલે એને આવકાર આપ્યો. ઘરની આલીશાનતા જોઇને મંજરી અંજાઇ ગઇ. આટલું મોટું આલીશાન ઘર! માઇકલે ફરીને આખું ઘર મંજરીને બતાવ્યું. પાંચ મોટા મોટા બેડરૂમ, ત્રણ બાથરૂમ, લિવિંગરૂમ, ઑફિસરૂમ, માઇકલે વ્હીલચેરમાં બેઠાં બેઠાં કામ કરતાં ફાવે એવું સ્પેશ્યલ સગવડ વાળું રસોડું, પાછળ ફૂલો અને ફળઝાડથી ભરેલો મોટો વાડો-બૅકયાર્ડ. ઑફિસરૂમમાં બેત્રણ કમ્પ્યૂટર ચાલુ હતાં. ટેલિફોનની બેત્રણ લાઇન હતી. ઘરની સ્વચ્છતા જોઇને તો એ ચકિત થઇ ગઇ હતી. માઇકલ જાતે આ સફાઇ કરી શક્તો હશે કે એની કોઇ ગર્લ-ફ્રેન્ડ કરતી હશે! વાતવાતમાં ખબર પડી કે માઇકલ કોઇ મોટી ઈન્શૂરન્સ કંપનીનો એજન્ટ હતો. પોતે પોતાના ઘરેથી જ કામ કરતો. કમાણી ઘણી સારી હતી. અઠવાડિયામાં બે વખત એક બાઇ આવીને આખા ઘરની સફાઈ કરી જતી. 'મંજરી પ્લીઝ હેવ સીટ....આઇ વૉન્ટ ટુ ટેક ટુ યૂ ઈફ યૂ ડૉન્ટ માઇન્ડ...' મંજરી લિવિંગરૂમના સોફામાં બેઠી. માઇકલ એની સામે પોતાની વ્હીલચેર લાવ્યો. માઇકલના મગજમાં શું ઘૂમરાઇ રહ્યું છે એનો મંજરીને સહેજે ખ્યાલ આવતો ન્હોતો. બહુબહુ તો અમેરિકન પુરુષોની ટેવ પ્રમાણે એની સાથે ડેટ ઉપર જવાની માગણી કરશે. આમેય

'યૂ આર વેરિ પ્રેટિ... યૂ આર વેરિ પ્રેટિ...' એવું તો એ કહ્યા જ કરતો. મંજરી દેખાવમાં હતી પણ નમણી, નાજુક અને આકર્ષક.

'મંજરી, ડુ યૂ વૉન્ટ ટુ સેવ સમ મનિ સો યૂ કેન સેન્ડ મોર ટુ યૉર ચિલ્ડરન એન્ડ ફેમિલિ ?' ડરતાં ડરતાં માઈકલે પૂછ્યું. અર્થનો અનર્થ ના થાય એની એને બીક લાગતી હતી. છતાં હિમ્મત કરીને એણે આગળ બોલવા માંડ્યું. મંજરીના જવાબની એણે રાહ પણ ના જોઈ, 'ઈફ સો... યૂ આર વેલકમ ટુ લિવ હિઅર ઈન ધિસ હાઉસ... ઈન યૉર ઓન સેપરેટ રૂમ વિથ યૉર ઓન બાથરૂમ... ઍબ્સૉલ્યૂટલી ફ્રી. પ્લીઝ ડુ નૉટ બી અફ્રેડ. યૂ વિલ બી સેફ એન્ડ સાઉન્ડ હિઅર. આઈ વિલ નૉટ બોધર યૂ. આઈ નો યૂ ઈન્ડિયન્સ આર...'

મહિને સીધી ચારસો ડૉલરની બચત ! કેટલા બધા રૂપિયા થયા ! સામે બેઠેલા ભલા માઈકલ તરફ મંજરી આંખો ફાડીને તાકી રહી. મંજરી કાંઈ જવાબ આપે તે પહેલાં માઈકલે પાછું આગળ ચલાવ્યું :

'મંજરી, ધેર ઈઝ વન મોર વેરિ ઈમ્પોર્ટન્ટ થિંગ... ઈફ યૂ ડુ નૉટ લાઈક ઈટ પ્લીઝ ડુ નૉટ ગેટ અપસેટ.' માઈકલ થોડી ક્ષણો માટે શાંત થઈ ગયો. પછી ખોંખારો ખાઈ એણે ગળુ સાફ કર્યું અને આગળ બોલવા લાગ્યો :

'મંજરી, આઈ નો હાઉ ડ્રાઈ, હાઉ હોપલેસ, હાઉ ફેક્ચર્ડ એન્ડ હાઉ સેડ ચાઈલ્ડહુડ ઈઝ વિધાઉટ હેવિંગ અ લવિંગ એન્ડ કેશરિંગ મધર અરાઉન્ડ ઈન ધ ચાઈલ્ડહુડ... યૉર ચિલ્ડરન શુડ બી વિથ યૂ મંજરી... ડુ યૂ વૉન્ટ ધેમ હિઅર વિથ યૂ ?... ઈફ યૂ ડુ, આઈ વિલ મૅરિ યૂ... જસ્ટ ફૉર યૉર ગ્રીન કાર્ડ... એન્ડ યૉર ચિલ્ડરન વિલ બી વિથ યૂ... આફ્ટર યૂ ગેટ યૉર ગ્રીન કાર્ડ એન્ડ યૉર ચિલ્ડરન ઈટ વિલ બી સ્ટ્રીક્ટલી અ ગ્રીનકાર્ડ મૅરેજ...' એકશ્વાસે માઈકલ બધું બોલી ગયો. લાગણીવશ થઈ ગયો હોવાથી એ આટલું બોલીને વ્હીલચેર બાથરૂમમાં લઈ ગયો.

એ બહાર આવ્યો ત્યારે મંજરી એની બે હાથની હથેળીઓમાં મોં દબાવી બેઠી હતી. લગ્નની વાત સાંભળીને તો એ બાઘી જ બની ગઈ હતી. માઈકલ આ બધું શું કરી રહ્યો છે એ એની સમજમાં આવતું ન્હોતું.

'મંજરી, આઈ એમ સૉરી ઈફ આઈ હર્ટ યૉર ફીલિંગ્ઝ... આઈ હેવ અ લૉયર ફ્રેન્ડ. આઈ વૉઝ ટૉકિંગ ટુ હિમ અબાઉટ યૂ. હી સજેસ્ટેડ ઑલ ધિસ ટુ મી, સો આઈ જસ્ટ ટોલ્ડ યૂ... બટ ઈફ યૂ ડૉન્ટ વોન્ટ ટુ ડુ ઈટ... ઓ.કે.... આઈ જસ્ટ વૉન્ટેડ યુ હેલ્પ... આઈ ડિડન્ટ મીન ટુ હર્ટ ફીલિંગ્ઝ... આઈ એમ સૉરી.'

'નો...નો...નો..... માઈકલ.....' ઉપકારનાં આંસુઓથી ભારેખમ બની ગયેલી આંખો ઊંચી કરી મંજરીએ માઈકલ તરફ જોયું. એને ગળે જબરો ડૂમો ભરાઈ આવ્યો હતો. એને ઘણુંબધું બોલવું હતું. પણ એ કાંઈ બોલી શકતી ન્હોતી. પોતાના આવેગભર્યા ડૂમાને ખાળતાં જેમ તેમ એક સવાલ એણે માઈકલને પૂછ્યો :

'માઈકલ ઈઝ ઈટ ઓ.કે. ઈફ આઈ આન્સર યૂ યસ ઑર નો નેક્સ્ટ સનડે;

'યસ...ઈટ્સ ઓ.કે. ...ટેક યૉર ટાઈમ.'

મંજરી ઘરે જવા ઊઠી. ભલાઈની પરાકાષ્ઠા માઈકલે બતાવી હતી. મંજરી ખૂબ ભાવાવેશમાં આવી ગઈ હતી. માઈકલ સામે એ વધારે વખત બેસી શકે એમ ન્હોતી. ઘેર જઈને એકાંતમાં એને આનંદનાં આંસુ છૂટથી વહેવા દેવાં હતાં.

રસ્તે ચાલતાં આખો વખત માઈકલને આવતા રવિવારે શું જવાબ આપવો એની ગડમથલ એના મનમાં ચાલ્યા કરી. આ રીતે માઈકલ સાથે રહેવા ચાલ્યા જવાથી જે કાંઈ થોડાં ઘણાં ઈન્ડિયન ફેમિલિની ઓળખાણ થઈ છે એ બધાં શું ધારશે? ઈન્ડિયન સમાજની બીક એની સામે આવી. થોડો ડર લાગવા માંડ્યો. તરત પાછો દેવદૂત જેવો માઈકલનો ચહેરો એની આંખ આગળ આવ્યો. કેવો નિર્દોષ માણસ છે ! કેવો પરગજુ છે ! કેવો લાગણીશીલ કરુણામૂર્તિ જેવો છે ! કેવો નિસ્વાર્થભાવથી મદદ કરવા તૈયાર થઈ ગયો છે !

ન્હોતી કરવી તો ય એના મગજમાં માઈકલની સરખામણી એનાં ક્રૂર સાસરિયાં સાથે, પેલા મોટેલના લંપટ માલિક સાથે, લોહી ચુસાઈ જાય એટલા ઓછા પૈસામાં કાળી મજૂરી કરાવનાર ડેરિના માલિક સાથે, અને અમદાવાદની પોળમાં રહેતા પોતાના ગરીબ કુટુંબની ગમે તેવી વાતો, નિંદા અને તિરસ્કાર કરનારાં સગાંસંબંધીઓ અને પડોશીઓ....આ બધાં સાથે થઈ ગઈ. ઈન્ડિયન સમાજ અને ઈન્ડિયન 'સંસ્કાર'ને વળગી રહેવાથી એને આજ સુધી શું મળ્યું છે એનું સરવૈયું એણે કાઢવા માંડ્યું. જેમ જેમ એ આ હિસાબ કરતી ગઈ તેમ તેમ ગુસ્સાથી એનું મગજ તપતું ગયું. આખરે એણે નિર્ણય લીધો કે સમાજના ડરથી એ માઈકલની મમતાભરી વિનંતીને નહીં ઠુકરાવે. આ બાબતમાં સુલભા સિવાય બીજા કોઈના અભિપ્રાયની દરકાર પોતે નહીં કરે.

સુલભાએ તરત જ અભિપ્રાય લખી મોકલ્યો હતો :

'મંજરી, તારા લખવા પ્રમાણે તો માઈકલ મને માણસ નહીં ફિરસ્તો લાગે છે. મેં તારો હાથ પકડીને તને અમેરિકા સુધી ખેંચી. માઈકલ હવે તને તારા કુટુંબ સાથે સુખ-શાંતિની ટોચ ઉપર પહોંચાડવા માગે છે. 'આઈ વિશ યૂ ઑલ ધ હૅપિનેસ ઍન્ડ ગુડ લક.... ગો ફૉર ઈટ....'

સુલભાની શુભેચ્છા મળી કે તરત એક સાંજે મંજરી માઈકલને ઘેર આવી. કહે :

'માઈકલ, આઈ વિલ ડુ એવરિથિંગ યૂ સેઈડ'

'ઑલ રાઈટ, ...માઈકલ હર્ષાવેશમાં જાણે રાડ પાડી ઊઠ્યો'

'ધેટ્સ અ ગર્લ... ધેટ્સ બ્યૂટિફુલ.... થૅંક યૂ મંજરી'

અને મંજરી માઈકલના ઘરમાં રહેવા આવી ગઈ. માઈકલની રસોઈની તમામ જવાબદારી મંજરીએ પોતાને માથે લઈ લીધી. સવારસાંજ ગરમ ગરમ ઇન્ડિયન રસોઈ બનાવી માઈકલને જમાડવામાં અને બીજી કેટલીક નાની નાની અંગત બાબતોમાં એની કાળજી રાખવામાં એના ઋણનો બદલો ચૂકવવાનો સંતોષ મંજરીને થતો.

માઈકલની અપંગતાને લીધે મંજરીને એના પ્રત્યે સહાનુભૂતિ તો હતી જ. એમાં હવે માઈકલનો આટલો મોટો ઉપકાર ભળ્યો. એટલે એના પ્રત્યેની કરુણા અને મમતામાં વિશેષ સંવેદના ભળી.

રાતદિવસ એક જ છાપરા નીચે, સતત સાથે રહેતાં રહેતાં છ મહિના વીતી ગયા. છતાં માઈકલે મંજરી સાથે સીધી યા આડકતરી રીતે એવી કોઈ એલફેલ વાત કે વર્તન કર્યું ન્હોતું.

માઈકલની અપંગતાને કારણે મંજરીને તો એના પ્રત્યે પુરુષ તરીકેનું આકર્ષણ કદી થયું ન્હોતું. એક રીતે એ પોતાને માટે આશીર્વાદ રૂપ હતું એવું મંજરી માનતી. પરંતુ માઈકલને પોતા પ્રત્યે એવું કાંઈ આકર્ષણ હશે તો ? જો કે એના વર્તનમાં એવા આકર્ષણનો કોઈ આડકતરો અણસાર પણ નથી દેખાતો. ક્યાંથી દેખાય ? એની તો ઘણી ગર્લ-ફ્રેન્ડ હશે. પોતે આખો દિવસ ડેરિ ઉપર હોય ત્યારે એની ઘણી યે ગર્લ-ફ્રેન્ડ આવતી હશે. અજાણતાં, એકાએક, જાણે કે ઈર્ષાની એક નાનકડી ચિનગારી મંજરીના હૈયામાં ઝબકારો મારી ગઈ. તરત જ મંજરીએ આ બધા વિચારો પડતા મૂક્યા અને કામે લાગી ગઈ.

બીજા આઠેક મહિના પસાર થઈ ગયા. મંજરીના હાથમાં ગ્રીનકાર્ડ આવી ગયું... બાળકો પણ આવી ગયાં. બાળકો આવ્યાંને પણ દસેક દિવસ થઈ ગયા હતા. માઈકલે જવાબદારીપૂર્વક પોતાનો બોલ પાળ્યો અને પોતાને પોતાના કુટુંબ ભેગી કરી. હવે એને વધારે બોજા રૂપ થવું એ મીઠા ઝાડનાં મૂળ કાઢવા જેવું થાય. માઈકલને ડિવૉર્સ પેપરની યાદ આપી પોતે હવે પોતાનો રસ્તો કરી લેવો જોઈએ.

રવિવારની એક સવારે, લગભગ દસ વાગ્યાના સુમારે, મંજરીએ બધાં માટે ભરપૂર નાસ્તો તૈયાર કર્યો. બદામપિસ્તાં નાખેલો શીરો માઈકલનો ફેવરિટ ફૂડ બની ગયો હતો. એટલે આજે એણે એ પણ ખૂબ બનાવ્યો હતો.

માઈકલ અને બાળકો પાછળ બેક યાર્ડમાં હતાં. એ બધાંને બોલાવવા એ બારી પાસે ગઈ અને બહાર નજર કરી. બંને બાળકો, માઈકલનો કૂતરો અને વ્હીલચેરમાં માઈકલ પોતે... ચારે જણાં એક બોલ પાછળ દોડાદોડી કરતાં હતાં. મૂળ તો માઈકલ બાળકોને રમાડતો હતો. આ દૃશ્ય જોતી એ થોડી વાર એમ ને એમ ત્યાં જ ઊભી રહી.

અંતે, બધાંને એણે અંદર બોલાવ્યાં. ધરાઈને બધાંએ ખાધું. બાળકો તો પાછાં તરત બોલ રમવા બહાર દોડી ગયાં. માઈકલનો શીરો હજુ પૂરો થયો ન્હોતો. એકાંત જોઈને મંજરીએ વાત કાઢી :

'માઈકલ, નાઉ....આઈ હેવ માઈ ગ્રીન કાર્ડ... ધ ચિલ્ડરન આર હિઅર નાઉ...'

'યસ મંજરી, આઈ નો, આઈ રિમેમ્બર, આઈ હેવ ઑલ ધ ડિવૉર્સ પેપર્સ રેડી....' શીરાની પ્લેટ પૂરી કરીને માઈકલ પોતાની ઑફિસ રૂમમાં ગયો અને એક કવર લઈ તરત પાછો આવ્યો. - 'હિઅર આઈ હેવ સાઈન્ડ ધેમ ઑલ.' કવર ટેબલ ઉપર મૂકી એ તરત ઑફિસ રૂમમાં ચાલ્યો ગયો અને બારણું બંધ કરી દીધું. ઑફિસનું આ બારણું માઈકલ કદી બંધ કરતો નહીં. પણ આજે કર્યું.

થોડી વારે હળવેથી બારણું ખોલી મંજરી અંદર ઑફિસ રૂમમાં ગઈ. માઈકલ ભાંગેલા હૈયે બારીમાંથી બહારના ખાલી આકાશમાં જોઈ રહ્યો હતો. એની આંખો રડેલી હતી એ મંજરીને સ્પષ્ટ દેખાયું.

'માઈકલ...' હળવેથી મંજરીએ સંબોધન કર્યું અને ધીમે ધીમે એની પાસે ગઈ.

મંજરીનો અવાજ સાંભળી માઈકલની આંખો પછી ભરાઈ આવી. એણે મંજરી તરફ જોયું.

'મંજરી....આઈ લવ યૂ... આઈ લવ યૂ ટુ મચ મંજરી... બટ...બટ... આઈ કૅન નોટ આસ્ક યૂ ટુ મૅરિ મી.... આઈ એમ.... આઈ ઍમ હેલ્પલેસ....આઈ ઍમ હૅન્ડિ....'

'માઈકલ...' મંજરી એની પાસે બેસી પડી. પહેલીવાર એણે માઈકલને સ્પર્શ કર્યો. એનું માથું જોરથી પોતાની છાતીમાં દબાવી એને આગળ બોલતો બંધ કર્યો.

'માઈકલ....' પોતાનાં આંસુને દાબતી મંજરી માઈકલને સાંત્વન આપવા લાગી, 'માઈકલ, આઈ એમ ઓલરેડિ મૅરિડ ટુ યૂ... નાઉ આઈ એમ યોર વાઈફ માઈકલ...' ફરી એણે માઈકલનું માથું જોરથી છાતી સરસું ચાંપ્યું. માઈકલની અપંગતા પાછળ છુપાયેલા સાચા મરદના આ સ્પર્શથી એના અંગેઅંગમાં ઝણઝણાટી પ્રસરી ગઈ અને રૂંવાડાં ખડાં થઈ ગયાં. માઈકલને સાંત્વન આપતી એ ક્યાંય સુધી એના વાળ પંપાળતી એમ જ બેસી રહી. મનોમન ગુજરાતીમાં એ બોલી, 'માઈકલ, તારા તો પગ જ અપંગ છે. મારી તો આખી જિંદગી અપંગ હતી. તેં મારી જિંદગીને ચાલતી કરી છે. હવે હું તને જિંદગી આપીશ.'

મંજરીનું આ 'લફરું' હતું.... ❏



બેલુરનું ચિન્નકેશવનું મંદિર

(ઈશાન)

દક્ષિણ ભારતનાં મંદિરો

હેમંત વાળા

માનવ જન્મ એ સંપૂર્ણતા તરફ પ્રયાણ કરવાનું પ્રથમ પગથિયું છે. માનવીની આ આધ્યાત્મિક પ્રગતિ માટે દષ્ટાઓએ વિવિધ ઉપાયો સૂચવ્યા છે. આવાં જ એક ઉપાય તરીકે બ્રહ્મની ઉપાસના શરુ કરાઈ જે પાછળથી મૂર્તિ-પૂજામાં પરિણમી. મંદિર એ મૂર્તિપૂજાનું મહત્ત્વ તથા બ્રહ્મની ઉપાસનાનું માહાત્મ્ય દર્શાવતું માધ્યમ છે. પરિણામે સમાજના સંપૂર્ણતાને લગતાં તત્ત્વજ્ઞાનના વિવિધ ખયાલો તથા તેની સાથે સંકળાયેલા ક્રિયાકાંડો મંદિરની રચનામાં મૂર્ત થાય છે.

અન્ય ધર્મના મંદિરોથી સનાતન ધર્મનાં મંદિરો ઘણી રીતે ભિન્ન હોય છે. સનાતન સંસ્કૃતિમાં ઇસ્લામ તથા ખ્રિસ્ત ધર્મમાં મહત્ત્વની ગણાતી સામૂહિક પ્રાર્થના કરતાં બ્રહ્મ સાથેનું વ્યક્તિગત તાદાત્મ્ય વધારે અગત્યનું છે. અહીં વ્યક્તિ સમાજથી, તેથી તેના પ્રત્યેક અંગથી અલિપ્ત થઈ પરમાત્માનું ચિંતન કરવા બેસે છે. વ્યક્તિગત પ્રાર્થના માટેની જરૂરી જગ્યા પ્રમાણમાં નાની હોય તે સ્વાભાવિક છે અને તેથી જ મંદિરની રચનામાં રંગમંડપથી ગર્ભગૃહની જગ્યાઓ ભૌતિક રીતે તેમજ અનુભૂતિની દૃષ્ટિએ નાની થતી જાય છે. તે ઉપરાંત, મંદિરના વિશાળ મંડપો પણ નાનાનાના વિભાગોમાં વિભાજિત થયા હોય તેવી અનુભૂતિ થતી લાગે છે. સ્વાભાવિક રીતે જ પ્રાર્થના અને સાધનાના પ્રકાર ભિન્ન હોઈ શકે; કોઈની સાધના નૃત્ય-સ્વરૂપે હોય તો કોઈ સ્તુતિ-સ્વવનના સમૂહગાન સ્વરૂપે આરાધના કરે, કોઈ ચર્ચા તથા વિચાર-વિનિમય દ્વારા ઈશ્વરનું જ્ઞાન મેળવે તો કોઈ આત્માનો પરમાત્મા સાથેનો સંબંધ જાણવા પ્રયત્નશીલ રહે. સાધનાથી પરમાત્મા સાથેનો સંબંધ જાણવા પ્રયત્નશીલ રહે. સાધનાની આવી વિવિધ જરૂરિયાતો મંદિર- સ્થાપત્યમાં સુયોગ્ય રીતે પૂર્ણ કરાતી હોય છે. આવી સામૂહિક પ્રવૃત્તિથી વ્યક્તિગત પ્રવૃત્તિની જગ્યાએ ક્રમાનુસાર દક્ષિણ ભારતનાં મંદિર-સંકુલોમાં સુયોજિત રીતે સમાવાઈ છે. અહીં મંદિરોનાં એકમોનું મહત્ત્વ જાળવી સમગ્રની મહત્તા સચવાઈ છે.


દક્ષિણ ભારતમાં મંદિર-સ્થાપત્યની શરૂઆત ઈસુ પહેલાંથી થઈ હોવાની શક્યતા છે. તે વખતે અહીં પૂજા-સ્થાનને રક્ષવા ચારે બાજુ દિવાલો બનાવાતી. આ દિવાલોથી નિર્ધારીત થતી જગ્યાને વરસાદથી બચાવવા તેના પર માટીમાંથી બનાવેલું વિશાળ પાત્ર એ રીતે ઊંધુ મુકાતું જેથી કે પૂજા હવન માટે પ્રકટાવેલ અગ્નિનો ધુમાડો બહાર નીકલવાની જગ્યા રહે. મંદિર તથા તેના શિખરની આ શરૂઆત હતી. મૂળભૂત ચીમની તરીકે કામ કરતાં માટીના ઊંધા પાત્રને સમય જતાં આહુતિ મેળવનાર દેવતાના સંદર્ભમાં તે સ્થાનની ઓળખ માટે વિવિધ ઘાટ અપાતા થયાં. મહાબલિપુરમનાં ખડક-સ્થાપત્યના રથ-મંદિરોના શિખરના આકાર આ બાબતની પુષ્ટી કરે છે. સમય જતાં શિખરના બે જ પ્રકાર પ્રચલિત રહ્યા જે બંને મંદિર-રચનાની બે ભિન્ન શૈલીમાં સમાવાયા : પાછળથી નાગરશૈલીમાં પરિણમેલી ઉત્તર ભારતની ઇન્ડો-આર્યન શૈલી તથા દક્ષિણ ભારતની દ્રવિડિયન શૈલી.

દક્ષિણ ભારતનાં મંદિરો દ્રવિડિયન શૈલીનાં ગણાય છે. પરંતુ કેટલાક ઇતિહાસકારો મુખ્યત્વે તામિલનાડુમાં વિકસેલી મંદિરશૈલીને દ્રાવિડિયન-શૈલી તરીકે અને કર્ણાટકમાં વિકસેલી મંદિર-શૈલીને ચાલુક્યન-શૈલી તરીકે ઓળખાવે છે. આ ચાલુક્યન શૈલીને એક રીતે મૂલવતાં ઉત્તર-ભારતની ઇન્ડો-આર્યન મંદિર-શૈલીના એક પ્રકરણ તરીકે જ ગણાવી શકાય.

દ્રવિડિયન શૈલીમાં મુખ્યત્વે પાંચ રાજવીકુળોએ મંદિરો બનાવેલાં. ઈ.સ. ૬૦૦થી ઈ.સ. ૯૦૦ના વર્ષમાં પલ્લવ રાજકુળ દ્વારા, ૯૦૦થી ૧૧૫૦ના સમયગાળામાં ચોળ રાજવીઓ દ્વારા,



મહાબલિપુરમના દરિયાકાંઠે આવેલું 'જલશયન' મંદિર


 

હોયસળેશ્વર (હળેબિડ)ના મંદિરના મંડોવરમાં 'નાગદમન'નું અને બેલૂરના ચિન્નકેશવના મંદિરમાં એક સ્તંભ ઉપરની ટેકણી પર દર્પણમાં જોતી નારીનું, એમ બે શોભનખચિત બે શિલ્પો.

૧૧૦૦થી ૧૩૫૦ના સમયગાળાના પાણ્ડય રાજવીકુળ દ્વારા, ૧૩૪૦થી ૧૫૬૫માં વિજયનગરના સામ્રાજ્યમાં તથા ૧૬૦૦થી આશરે ૧૦૦ વર્ષના ગાળામાં મદુરાઈના નાયક રાજકુળના રાજાઓએ બનાવેલાં મંદિરો.

એમ કહેવામાં અતિશયોક્તિ નથી કે મંદિર-સ્થાપત્યની દ્રવિડિયન શૈલીનો પાયો પલ્લવ રાજકૂળના સમયગાળામાં નખાયો. ઉત્તર ભારતમાં ગુપ્ત સામ્રાજ્ય બાદ બૌદ્ધ ધર્મની પડતી શરૂ થઈ અને સમગ્ર ભારતમાં સનાતન ધર્મના મંદિરોની આગવી ઓળખની જરૂરિયાત તત્કાલીન હિન્દુ સમાજને જણાઈ. તેવા સમયગાળામાં દક્ષિણ ભારતમાં રચના-મૂલક મંદિરો તથા ગુફામંદિરો કે ખડક-મંદિરો બંને પ્રકારનાં મંદિરોની શૈલી પલ્લવ રાજ્યાશ્રયે વિકસી, જે અનુક્રમે કોચી તથા મહાબલિપુરમમાં જોવા મળે છે. આમાંના મહાબલિપુરમ્ વિષે તો આપણે અગાઉ ચર્ચા કરી ચૂક્યાં છીએ.

પલ્લવ રાજવી રાજસિંહા ઉર્ફે નરસિંહા બીજાએ દક્ષિણ ભારતમાં રચનામૂલક મંદિરોની શરૂઆત કરી જેને તત્કાલીન કારીગર વર્ગે ઉત્સાહપૂર્વક વધાવી, કારણ કે તેનાથી તેમની કળાને વિવિધ રીતે દર્શાવવાની શક્યતા વધતી હતી. દક્ષિણ ભારતના રચનામૂલક મંદિરોનાં શરૂઆતનાં ૧૦૦ વર્ષના ગાળામાં બનેલાં મંદિરોમાં મહાબલિપુરમનું દરિયાકિનારાનું મંદિર તથા કાંચીપુરમના કૈલાસનાથ અને વૈકુંઠ પેરૂમાળના મંદિરો મુખ્ય છે. આમાંનું કૈલાસનાથનું મંદિર સૌથી પ્રાચીન ગણાય છે. જલશયન તરીકે ઓળખાતા મહાબહલિપુરમના દરિયાકિનારાના મંદિરને કેટલાક વિદ્વાનો સૌથી પ્રાચીન ગણે છે. જે સત્ય હોવાની શક્યતા વધુ છે. ત્યાંના જ ધર્મરાજ-રથ નામના ખડક-મંદિરની રચના પર આધારિત આ જલશયન મંદિર ૧૨૦૦ વર્ષથી પણ વધુ સમયથી દરિયાકાંઠાના વાતાવરણના વિવિધ પરિબળો સામે ટકી રહ્યું છે. આ મંદિરના શિખરને બૌદ્ધ ચૈત્યના અંતિમ તબક્કાના શિખરમાં કરાયેલ સુધારા તરીકે ગણાય છે જે યોગ્ય નથી. કારણ કે આ શિખરનો આકાર મહાબલિપુરમ્‌ના જ ખડક-સ્થાપત્યની શીખ પરથી બનાવાયેલો હોવાની શક્યતા વધુ છે. આ મંદિરમાં




દ્રવિડીઅન શૈલીનાં શિખરોનાં વિકાસ તથા પ્રકાર. અનુક્રમે : ૧. શિખરનાં મૂળભૂત આકાર આપતી વાંસની રચના. ૨. હવન-સ્થાન પર ધુમાડિયા જેવું શિખર. અને ૩ તેના પરથી પ્રકાશ આપતો શિખરનો આકાર. ૪. સપાટ શિખર. ૫. બાદામીના મંદિરનું આરંભના પ્રકારનું શિખર. ૬. શંકુ આકારનું ગોપુરમ્. ૭. ચૈત્યની છત પ્રમાણેનું શિખર ૮. વિજયનગર શૈલીના આરંભકાળનું શિખર અને ૯. મહાબલિપુરમના એક રથનું શિખર.

પાછળથી ગર્ભગૃહની પાછળ નાનું મંદિર બનાવાયું છે. વળી, સમય જતાં તેમાં પ્રવેશમંડપ, તોરણ દ્વાર વગેરે પણ ઉમેરાયાં છે, તે છતાં સમગ્ર મંદિરની એકરાગતા ધ્યાનાકર્ષક છે. સૂર્યાસ્ત સમયે આ મંદિરનું દૃશ્ય વિરલ હોય છે. પલ્લવ રાજા નંદીવર્મન બીજા (ઈ ૭૧૭-૭૭૯) દ્વારા કાંચીપુરમમમાં બનાવાયેલું વૈકુંઠ પેરૂમાળનું મંદિર તે સમયના રચના-મૂલક મંદિરનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. આ મંદિર પ્રમાણમાં મોટું હોવા ઉપરાંત તેમાં મુખ્ય દેવતાગર, અંતરાલ, સ્તંભયુક્ત ઓરડાઓ, બંધ પરસાળ, બહારની સંરક્ષણાત્મક દિવાલ જેવાં દ્રવિડિયન શૈલીનાં મંદિરના વિવિધ અંગોનું આયોજન નોંધનીય છે. વળી, ૬૦ ફૂટ ઊંચું ચાર ભૂમિકાવાળું શિખર પણ આ મંદિરની આગવી લાક્ષણિક્તા છે. પલ્લવ રાજ્યાશ્રયે પાછળથી પણ આ શૈલીમાં અન્ય કેટલાંક મંદિરો બનાવાયાં હતાં. જેમાં કાંચીપુરમનાં જ મુક્તેશ્વર તથા માતંગેશ્વર મંદિરોનો સમાવેશ થાય છે.

નવમી સદીમાં પલ્લવકુળનો અંત આવતાં દક્ષિણ ભારતમાં ૨૫૦ વર્ષ સુધી ચોળ, ચાલુક્ય તથા રાષ્ટ્રકુટ રાજાઓ વચ્ચે નાના-મોટા વિગ્રહો થતા રહ્યા. તે છતાં પણ મંદિરના બાંધકામની પ્રવૃત્તિ ચાલુ રહી. સન ૮૭૯માં પલ્લવ રાજ અપરાજિતના પરાજયથી દક્ષિણ ભારતમાં મુખ્યત્વે ચોળ સામ્રાજ્ય સ્થપાયું. ચોળ રાજ્યાશ્રયે અહીં રચના-મૂલક મંદિર-સ્થાપત્યની શરુઆત શ્રીનીવાસનાલુરમાં તિરૂચીનાપલ્લીમાં સન ૯૩૦માં થઈ હતી એમ જણાય છે. મુખ્યત્વે પલ્લવ રાજ્યાશ્રયે બનેલાં મંદિરો પ્રમાણે તે જ સાધન-સામગ્રીથી બનાવાયેલાં આ મંદિરોમાં થોડી ભિન્નતા લવાઈ હતી. હવે મંદિરના કંદોરામાં નરહયનો સમાવેશ કરાયો જે પાછળથી દ્રવિડિયન શૈલીનું લક્ષણ બની રહ્યું. મંદિરો હવે વધુ વિસ્તૃત બનવાં લાગ્યા જેથી તેની રચનામાં આયોજાતા સ્તંભોની સંખ્યા વધી. વળી, પ્રત્યેક સ્તંભનું શીર્ષતલ વધુ અલંકૃત તથા મોટું બનાવાયું અને તેની નીચે કમલાકાર પીઠ મુકાતી થઈ. વળી પલ્લવ કાળનાં મંદિરોની સિંહાકૃતિની ગેરહાજરી પણ નોંધપાત્ર છે. ચોળ રાજ્યાશ્રયે બનેલા તિરૂચીનાપલ્લીના મંદિરનું શિખર ૫૦ ફૂટ જેટલું ઊંચું છે. જોકે આ સમયગાળામાં બનેલાં મંદિરોમાં તાંજોરના બૃહદીશ્વર તથા ત્રિચીનાપલ્લીના ગંગૈકોંડાચોળપુરમનું મંદરો ઉલ્લેખનીય છે. આમાં પણ સન ૯૯૫થી ૧૦૧૮ ૨૩ વર્ષના સમયગાળામાં બનેલું તાંજોરનું

(અનુસંધાન પૃષ્ઠ ૧૯૫ પર)



દ્રવિડીઅન શૈલીનાં મંદિરો મહાબલિપુરમ્, ત્રિચિનાપલ્લી, અને કાંજીવરમનાં સ્તંભો

સુપર નોવા

પ્રહ્લાદ છ. પટેલ

બ્રહ્માંડમાં સૂર્ય કરતાં વધારે ભારે અસંખ્ય તારાઓ પોતાનું સ્થિર જીવન વિતાવી રહ્યા છે. આ તારાઓનો બધો જ હાઈડ્રોજન અને હિલિયમ દહનથી ખલાસ થઈ ગયા બાદ શું ? ત્યારે નાના તારાઓનું બાહ્ય સ્તર ઘસડાઈ જાય છે, ત્યારે અંતર્ભાગના સમગ્ર દળ(દ્રવ્ય)નો આપત્તિજનક નિપાત (Collapse) થાય છે. તારાનો અધિનવતારા (super nova) વિસ્ફોટ જોવા મળે છે. આ તબક્કે ભારે તારાના અંતર્ભાગનું એકાએક સંકોચન થાય છે, પરિણામે પ્રચંડ ઉષ્મા કેન્દ્ર આગમ પેદા થાય છે. તારાના બાહ્ય ભાગનું દ્રવ્ય દળદાર અંતર્ભાગ ઉપર પડવા લાગે છે. આ સાથે પ્રોટોન અને ઈલેક્ટ્રોનનું સંયોજન થાય છે. જેથી ન્યૂટ્રોન પ્રાપ્ત થાય છે. મૂળભૂત કણોની આ પ્રક્રિયા દરમિયાન પ્રચંડ વેગથી ગતિ કરતા સૂક્ષ્મ ન્યૂટ્રિનો કણોનો ભારે જથ્થો બહાર પડે છે. ન્યૂટ્રિનો શૂન્ય વિદ્યુત ભાર ધરાવે છે. તેનું દળ શૂન્યવત છે. આથી તે જ્યારે કોઈ માધ્યમમાં થઈને પસાર થાય છે ત્યારે ભાગ્યે જ તેના પરમાણુઓ સાથે આંતરક્રિયા કરે છે. આપણા શરીરમાં કેટલીક વખત ન્યૂટ્રિનો આરપાર નીકળી જતા હોય છે, પણ આપણને તેનો અનુભવ થતો નથી કારણ કે તે ઘણી ઘણી નબળી આંતરક્રિયા કરે છે. આથી પ્રાયોગિક રીતે ન્યૂટ્રિનોની નોંધ ઘણી મુશ્કેલ છે. સુપરનોવા વિસ્ફોટથી ન્યૂટ્રિનોનો ધોધ તારાની સપાટી તરફ વહે છે. તારાના બાહ્ય સ્તરનું દ્રવ્ય ન્યૂટ્રિનોની બાહ્ય ગતિનો ભારે વિરોધ કરે છે. આથી મોટું આંચકા-તરંગ (shock wave) પેદા થાય છે. ધ્વનિના વેગથી વધુ ઝડપે ગતિ કરતા વિમાન વડે આવા જ આંચકાન્તરંગો પેદા થતાં હોય છે.

તારાનું બાહ્ય સ્તર અવકાશમાં દૂર ફેંકાય છે ત્યારે ન્યૂક્લિઅર સંલયનને કારણે તૈયાર થયેલાં ભારે તત્ત્વો પણ સુપર નોવા વિસ્ફોટથી બહાર ફેંકાય છે. આ તત્ત્વોથી નવા તારાઓ અને ગ્રહોનું નિર્માણ થાય છે. એટલે કે બધા જ ગ્રહો અંતે તો તારાઓમાંથી જ પેદા થાય છે. આ અર્થમાં આપણાં શરીરનાં તત્ત્વો પણ કરોડો વર્ષ પહેલાં તારાઓમાં તૈયાર થયાં હશે.

સુપર નોવા વિસ્ફોટથી અગાધ ઊર્જા અને પ્રકાશ બહાર ફેંકાય છે. આવો તારો સમગ્ર તારાવિશ્વ (galaxy)માં પોતાનું પ્રભુત્વ જમાવે છે. આથી જ તો ગૅલૅક્ષી વર્ષો સુધી ઝળહળતી રહે છે. આપણી ગૅલૅક્ષી - આકાશગંગા (milky way)માં વર્ષો પહેલાં સુપરનોવા વિસ્ફોટ થયો હોવો જોઈએ. એટલું જ નહીં પણ દર ત્રીસ વર્ષે આવો વિસ્ફોટ થતો હોવાનો અંદાજ છે. આકાશગંગામાં છેલ્લા એક હજાર વર્ષમાં છ વિસ્ફોટ નોંધાયા છે. આવા વિસ્ફોટો ચીન, જાપાન, યુરોપ અને આરબ-દેશોમાં ઈ.સ. ૧૦૦૬, ૧૦૫૪, ૧૧૮૧, ૧૫૭૨, ૧૬૦૪, ૧૬૮૦માં નોંધાયા છે. ઈ.સ. ૧૮૮૫ બાદ બીજી ગેલેક્ષીમાં લગભગ ૬૦૦ જેટલા સુપરનોવા વિસ્ફોટ નોંધાય છે.

દરેક સુપરનોવા વિસ્ફોટ ઘટનામાં પ્રચંડ વેગથી ગતિ કરતો વાયુનો વિપુલ જથ્થો બહાર ફેંકાય છે. સામાન્ય તારા અને સૂર્યમાં જે તત્ત્વો છે તે જ તત્ત્વો આ વાયુમાં મોજૂદ છે. આ વાયુ જેવો ગતિ કરે છે કે તેની સાથે અંતરાતારાકીય વાયુઓને પોતાના સપાટામાં લે છે અને હજારો વર્ષ સુધી ઝળહળતી નિહારિકા તરીકે દેખાય છે. સુપરનોવાના અવશેષોમાં રેડિયો તરંગો અને ક્ષ-કિરણોનો સ્રોત મળે છે.

સૈદ્ધાંતિક અભ્યાસ ઉપરથી જાણી શકાય છે કે સૂર્યથી છ ગણું વધારે દળ ધરાવતા તારાના મૃત્યુનું અનિવાર્ય પરિણામ સુપરનોવા છે. તારાની ઉત્ક્રાંતિ દરમિયાન પ્રથમ હાઈડ્રોજન, દહનને લીધે ખતમ થાય છે, ત્યારબાદ હિલિઅમ ખલાસ થાય છે. દહનથી પેદા થતી ઊર્જાને કારણે તારો ચમકતો રહે છે. ત્યારબાદ કાર્બન ધડાકા સાથે સળગે છે. દહન આગળ વધે છે તેમ તારામાં ભારે ને ભારે તત્ત્વો તૈયાર થતાં જાય છે. અંતે તારાનો અંતર્ભાગ ભારે તત્ત્વ લોખંડનો બની રહે છે. આ રીતે, અંતર્ભાગ ભારે બની ચંદ્રશેખર મર્યાદા સુધી પહોંચે છે. લોખંડ ધરાવતા તારા માટે ચંદ્રશેખર મર્યાદા ૧.૨૪ $M_{\odot}$ જેટલી છે, જ્યાં $M_{\odot}$ સૂર્યનું દળ છે. તારાનું દળ ચંદ્રશેખર મર્યાદા સુધી પહોંચતાં તારાનાં અંતર્ભાગનો એકાએક આપત્તિજનક નિપાત થાય છે. આ સ્થિતિમાં પ્રોટોન અને ઈલેક્ટ્રોન વચ્ચે પ્રક્રિયા થતાં તે ન્યૂટ્રોનમાં પરિણમે છે. પ્રચંડ ગુરુત્વાકર્ષણબળને કારણે આવા કણો અંતર્ભાગમાં બેહદ અને ચુસ્ત રીતે જકડાયેલા રહે છે. અંતે એથી ન્યૂટ્રોન તારો બનીને કદાચ તે શ્યામલ છિદ્ર (black hole)માં પણ પરિણમે. ❑

શ્રદ્ધાંજલિ

૨૯ ફેબ્રુઆરી ૧૮૯૬ના રોજ વલસાડ જિલ્લામાં જન્મેલા ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન મોરારજીભાઈ દેસાઈ આ વર્ષે ૧૦૦મા વર્ષમાં પ્રવેશ્યા ત્યારે રાષ્ટ્રભરમાં એમની જન્મશતાબ્દી વિવિધ પેરે ઉજવવાનું નિર્માણ થયું એ આનંદના અવસર ટાણે જ ૧૦મી માર્ચ ૧૯૯૫ના રોજ મુંબઈ ખાતે જસલોક હૉસ્પિટલમાં એમનું અવસાન થયું એ વસમો ઘા જલદી વિસરાશે નહિ. હાડમારીઓ વચ્ચે જીવી સફળ આઈ.સી.એસ. અધિકારી બની ૧૯૩૦માં મહાત્મા ગાંધીજીની પ્રવૃત્તિઓ અને વિચારસરણીથી આકર્ષાઈ ત્યારની અંગ્રેજ સરકારની નોકરી ત્યજી સ્વાતંત્ર્ય સંગ્રામમાં ઝંપલાવી, સરકારી વિવિધ સત્તાસ્થાનો પર રહી ૧૯૭૭માં ભારતની પ્રથમ બિનકૉંગ્રેસી સરકારના વડાપ્રદાન બનનાર અને ભારત તરફથી સર્વોચ્ચ 'ભારતરત્ન'નું માન મેળવનાર મોરારજીભાઈ દૃઢ આત્મવિશ્વાસ અને પોતે સ્વીકારેલા સત્યના આગ્રહી પુરુષ હતા. એમની કુશળ વહીવટદક્ષતા અને ચુસ્ત શિસ્તપાલનની લાક્ષણિકતાઓ અનુકરણીય રહેશે. આવા મૂલ્યનિષ્ઠ નેતાને અમે અમારી શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ.

- તંત્રી

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

બેલગામ કે બેલ્જિઅમ ?

તા. ૪-૯-૮૧. ટપાલ ખાતા માટે કોઈ સામાન્ય નિયમ તારવવો મુશ્કેલ પડશે. બેલગામ લખેલો ૨૫ પૈસાનો ઇન્લૅન્ડ લેટર બેલ્જિઅમ પહોંચ્યો. અંગ્રેજીમાં Belgaum અને Belgeum વચ્ચે કેટલું બધું સામ્ય છે ? બિચારા બેલ્જિઅમવાળાએ TRY INDIA કરીને પાછું મોકલ્યું ! આ તો છાપાંમાં વાંચેલી વાત છે. પણ દિલ્હીમાં ભટ્ટસાહેબને ઘેર ટપાલમાં એક કવર આવેલું જોયું. કવર ઉપર ૩ રૂપિયા ૨૫ પૈસાની ટિકિટ હતી. અંગ્રેજીમાં સરનામું હતું - 435, Hudson Road, New York (NY) 10014. બિચારાએ છેલ્લે U.S.A. નહોતું લખ્યું. હવે ભટ્ટસાહેબના ઘરનો નંબર ૪૩૫ છે. જોકે ૪૩૫ મથુરા રોડ છે; પણ સંભવ છે કે આઝાદી પછી અંગ્રેજી નામની જગ્યાએ રસ્તાઓને દેશી નામ અપાયાં છે. જેમ કે કર્ઝન રોડનું કસ્તુરબા ગાંધી રોડ, હાર્ડિંજ રોડનું તિલક માર્ગ તેમ કદાચ હડસન રોડનું મથુરા રોડ થયું હોય ! પણ પેલા ન્યૂ યૉર્કનું શું ? તેમાં પણ ન્યૂ દિલ્હી ખરુંને ? ન્યૂ વાંચ્યું એટલે ન્યૂ દિલ્હી અને વળી ન્યૂ યૉર્કનો પિન કોડ ૧૦૦૧૪ જ્યારે ભટ્ટસાહેબનો પિન કોડ ૧૧૦૦૧૪ છે ! આટલું બધું સરખાપણું હોય પછી પોસ્ટ ઑફિસ શું કરે ? હા, પણ ૩ રૂપિયા ૨૫ પૈસાની ટિકિટ છે તેનું શું ? તેનો અર્થ એટલો જ કે સામાન્ય રીતે કેટલા પૈસાની ટિકિટ ચોડી છે તે ઉપર ધ્યાન જતું જ નથી (તો જ ૨૫ પૈસાનો ઇન્લૅન્ડ લેટર બેલ્જિઅમ પહોંચે ને !) માટે કવરમાં થોડું વધારે વજન હોય તો વધુ ટિકિટ ચોડવાની ચિંતા ન કરવી !!

આ સંયોગોમાં મેં નક્કી કર્યું કે દિલ્હી છું ત્યાં સુધી કાગળ અમુક દિવસે લખવાનો નિયમ સાચવવાને બદલે જેમ બને તેમ વહેલો કાગળ લખવો એ જ નિયમ રાખવો.

એક ગોઝારો અકસ્માત અને બિનજવાબદાર તંત્ર

તા. ૨૮-૬-૮૧ આજકાલ અમારે ત્યાં બસના અકસ્માતોનું પ્રમાણ ઘણું વધી ગયું છે. આખી ને આખી બસ ઊથલી પડે. પચીસ-ત્રીસ ઉતારુનાં મૃત્યુ થાય. સરકાર મરેલાંનાં સગાંવહાલાંને બબ્બે હજાર રૂપિયાની મદદ જાહેર કરે. આ તો રોજના સમાચાર થઈ ગયા છે. અને કાશ્મીર, કેદારનાથ, દાર્જીલિંગ જેવા પહાડી રસ્તા ઉપર અકસ્માત થાય તો તો સમજાય, પણ ગઈ કાલે દિલ્હીના સહેલાણીઓને લઈ જતી એક ટૂરિસ્ટ બસ ઉજ્જૈનં નજીક ક્ષિપ્રા નદીમાં પડી ગઈ અને ૫૭માંથી ૨૭ ઉતારુનાં સ્થાન પર જ મૃત્યુ થયાં !

પણ આ પ્રકારના અકસ્માતોમાં ટોચ ઉપર બેસે તેવો અકસ્માત તો બિહારમાં થયો. (આવી બાબતમાં બિહાર હમેશાં નવા રેકોર્ડ સ્થાપવામાં માને છે.) પંદિર દિવસ પહેલાં બિહારની બાગમતી નદીમાં એક પેસેન્જર ટ્રેનના પૂરા પાંચ ડબ્બા પાણીમાં પડી ગયા. એન્જીન અને પહેલા બે ડબ્બા પુલ ઉપર, ત્રીજો ડબ્બો લટકતો એની પછીના બધા ડબ્બા પર પાણીમાં અને પાણીનું લેવલ ૧૪ ફુટ ! એક ડબ્બામાં સરેરાશ ૧૫૦ ઉતારુઓ અંદર બેઠા (કે ખડકાયા) હોય અને પચીસેક ડબ્બા પર બેસીને મુસાફરી કરતા હોય. આમ, લગભગ સાતસો-સાડાસાતસો ઉતારુ ડૂબી ગયા. નૌકાદળના ડૂબકીમારોએ છ દિવસ મહેનત કરી લગભગ ૨૫૦ લાશો બહાર કાઢી. પણ વખત જતાં ડબ્બાઓમાં કાદવ ભરાઈ ગયા અને પાણીની અંદર ડબ્બા તોડ્યા વગર લાશ નીકળે જ નહિ. બે ડબ્બા તોડ્યા પણ પછી પ્રયત્નો છોડી દીધા.

અને ભલા આ અકસ્માત કેમ થયો ? રેલવે તરફથી તાત્કાલિક જે કારણ અપાયું તે તો વાહિયાત હતું. તોફાન અને વાવાઝોડાને કારણે એમ થયું. પણ પછી તરત જ આ ખોટું છે તે જણાઈ આવ્યું. કિનારા ઉપરનાં ઝાડ અરે, ગાડાંને પણ કાંઈ ન થયું અને વાવાઝોડાથી ટ્રેન ઊથલી પડી ? પછી એવા સમાચાર આવ્યા કે સામેથી પાટા ઉપર એક બળદ દોડતો આવતો હતો તેને બચાવવા ડ્રાઈવરે પુલ ઉપર જોરદાર બ્રેક મારી અને પાછલા ડબ્બા પાટા પરથી ઊતરીને નદીમાં પડ્યા ! કારણ તો તપાસપંચ શોધી કાઢશે, પણ આપણું તંત્ર કેટલું બિનજવાબદાર થતું આવે છે તે તો સ્પષ્ટ થયું.

બે પુસ્તકો વિષે

તા. ૧૬-૧૧-૮૦ સ્વામી આનંદના લેખોનો સંગ્રહ "ધરતીની આરતી"ની બીજી આવૃત્તિ હમણાં પ્રગટ થઈ છે. સ્વામીની પોતાની વિશિષ્ટ શૈલી છે. તે લોકભાષામાં લખે છે. પણ આ લોકભાષા નથી સોરઠી કે નથી ગોહિલવાડી કે નથી ઉત્તર ગુજરાતની કે ખેડા કે સૂરત જિલ્લાની. સ્વામીની લોકભાષા જાણે સમસ્ત ગુજરાતની છે! મહાદેવ દેસાઈ અને સ્વામી આનંદ જોડીઆ ભાઈ જેવા મિત્રો. મહાદેવભાઈના મૃત્યુ પછી લગભગ ૩૦ વર્ષે (સ્વામીની ઉંમર તે વખતે ૮૩ વર્ષની) લગભગ ૪૫ પાનાંનો, 'શુક્તારક સમા' નામે ચરિત્રનિબંધ લખ્યો. મહાદેવ દેસાઈનું વર્ણન તેમણે નીચે મુજબ કર્યું છે -

'અક્ષર જેવા જ જાતે દેખાવડા. કિરતારે શરદપૂનમની ચાંદનીને ગંગાજળમાં ઝબોળીને હેમની એરણ પર હીરાની હથોડીએ ઘડેલા. હાજરાહજૂર યુવાનનું શિલ્પ. ભાળ્યા પછી માણસની નજર ન ખસે.'

ગદ્યમાં પણ કેવી કવિતા લખી છે ! કે પછી ચિત્ર દોર્યું છે ?

*

ઊસ્તાદ અલાઉદ્દીનખાનની વ્યક્તિગત નોંધ સ્વ. શુભમય

ઘોષે ૨૫ વર્ષ પહેલાં પ્રગટ કરેલી. પંડિત રવિશંકરની પ્રસ્તાવના સાથે આ પુસ્તકનું પુનર્મુદ્રણ હમણાં પ્રગટ થયું છે. ભારતના મહાન સંગીતકારો શિક્ષક તરીકે કેટલા ખરાબ શિક્ષકો હતા તે અલાઉદ્દીનખાંની આ નોંધો ઉપરથી માલૂમ પડે છે.

અલાઉદ્દીનખાં પૂર્વ બંગાળના ગામડામાંથી આવ્યા હતા. સંગીત શીખવા કોઈ ગુરુ પાસે જવું જોઈએ. રામપુરના નવાબે દરબારના મુખ્ય સંગીતકાર ઉઝીરખાનને સોંપ્યા. ગુરુ રોજ સવારે ૮-૦૦ વાગે ઊઠે. અલાઉદ્દીન પાણી ભરેલું વાસણ સંડાસમાં લઈ જાય અને ફિનાઈલથી સાફ કરે. પછી વાદ્ય સાથે ગુરુ પાસે ઊભા રહે. આમ અઢી વરસ કાઢ્યાં, પણ આ વરસોમાં પૂરો એક કલાક પણ ગુરુએ તેમને આપ્યો નહિ!

દરમિયાન ગામડામાં અલાઉદ્દીનની પત્નીએ, ગામના માથા-ભારે માણસોના ત્રાસથી આત્મહત્યા કરવાનો પ્રયત્ન કર્યો એ વાત રામપુર પહોંચી ત્યારે ગુરુ ઉઝીરખાન અલાઉદ્દીનની હાજરીથી સભાન થયા અને તેમને શિક્ષણ આપવાનું શરૂ કર્યું. ત્રીસ વર્ષની તાલીમ પછી જાહેર કાર્યક્રમ આપવાની પરવાનગી મળી.

અલબત્ત, આ અનુભવ પછી અલાઉદ્દીને પોતે અચ્છા શિક્ષક થવાનો પ્રયત્ન કર્યો. પરિણામે વીસમી સદીના તે સૌથી આગળ પડતા સંગીત-શિક્ષક ગણાયા. તેમના શિષ્યો વિશ્વ-વિખ્યાત થયા છે. - રવિશંકર, અલી અકબરખાન, પન્નાલાલ ઘોષ, નિખિલ બૅનર્જી વગેરે....

વાઈસ ચૅન્સેલરપણું કરવાની એક અસર એ થઈ હતી કે એકાદ વર્ષમાં તો સર્જનાત્મક વિચાર કરવાની મારી શક્તિ કુંઠિત થવા લાગી હતી. પરિણામે રવિવારના આ પત્રો લખવામાં પણ ઘણો સમય લાગતો. - હવે માયા વીંટાઈ ગઈ છે એટલે આ કાગળ ઝપાટાબંધ લખાઈ ગયો છે.

એક વિચિત્ર વિવાદ

તા. ૭-૧૨-૮૦ હમણાં અહીં એક વિચિત્ર ચર્ચા ઊભી થઈ છે. બિહારની ભાગલપુર જિલ્લાની જેલમાં પોલીસ કસ્ટડીમાં જે તહોમતદારોને રાખ્યા હોય તેમાંના ૨૦ જણે સુપ્રિમ કોર્ટમાં ફરિયાદ કરી કે પોલીસ અમને જે ત્રાસ આપે છે તેમાં તેમની એક રીત ઍસિડની મદદથી અમારી આંખના ડોળા બહાર કાઢી લેવાની છે. અને આમ અન્ય બનેલા વીસ જણે કોર્ટમાં દાદ માગી હતી! પછી તો તપાસમાં જણાયું કે આવા કુલ ૩૩ કેસ છે, જેમાં કેસ ચાલે અને ગુનેહગાર ઠરે તે પહેલાં જ કેદીને આંધળા કરવામાં આવ્યા હતા. આ બાબત પાર્લામેન્ટમાં ચર્ચાઈ અને બધાએ પોલીસના આ અત્યાચારને વખોડી કાઢ્યો. બિહારની સરકારની આંખ ઊઘડી અને તેણે ભાગલપુરના આ કાણ્ડ સાથે સંકળાયેલા ૧૫ પોલીસ અને અમલદારોને સસ્પેન્ડ કર્યા. આ તો ઠીક, એમાં તો કોઈ વિવાદ થતો નથી. પણ વિચિત્ર વાત તો હવે આવે છે.

ભાગલપુરના આ પોલિસમૅનોને સસ્પેન્ડ કર્યા તેના વિરોધમાં ભાગલપુરમાં દેખાવો થયા. જેને આંધળા કર્યા હતા તે તો રીઢા ગુનેહગાર હતા અને એ જ લાગના હતા તેમાં પેલા પોલીસોને શું કામ સસ્પેન્ડ કર્યા !! એક દિવસ ભાગલપુરમાં હડતાળ પણ પડી!

રીઢા ગુનેહગાર ઉપર પણ કાયદેસર કામ ચલાવીને સજા કરવી જોઈએ. પણ કોર્ટમાં કામ ચાલે તે પહેલાં જ તેને આંખ નોચી આંધળો કરવાની સજા પોલીસ કરે તો પછી મધ્યકાલીન બાદશાહોના જમાનામાં અને ૧૯૮૦માં ફેર શું? પણ બિહારના કેટલાક લોકો હજી બાદશાહોના જમાનામાં જીવતા લાગે છે. પાકિસ્તાનમાં ઈસ્લામી કાનૂન પ્રમાણે જાહેરમાં ફટકા મારવાની કે ચોરી કરનારનો હાથ કાપી નાખવાની સજા થાય છે એમ સાંભળ્યું છે, પણ હવે તેની શું ટીકા કરવી ? અમારા બિહારમાં, કોર્ટમાં કેસ ચલાવ્યા વગર પોલીસ જ આંધળા કરવાની સજા કરે છે અને બિહારના લોકો તેમાં સંમત છે !

અનુ.) શાંઘાઈ (પૃ. ૧૮૧થી

વહાણો થાકેલાં નહીં, તો યે અનુભવી કહેવાય તેવાં તો દેખાતાં જ હતાં! હૉન્ગકૉન્ગના બંદરમાં જોવા મળે તેવી, સ્થાનિક માછીમારોની, નાની, સાંકડી હોડીઓને તો જાણે સ્થાન જ નહોતું. આમે ય, હૉન્ગકૉન્ગનું બંદર ઘણું વધારે આકર્ષક, અને રસપ્રદ પણ ખરું. ઓહ, પણ આ 'બંડ' પર ચીની લોકગણનો ભૂરો દરિયો હાલતો, ચાલતો, સરકતો જતો હતો. ગજબનું હતું એ દૃશ્ય. અને ચીનમાં થોડા જ કલાકો થયા હતા, પણ આ પ્રજાની ઉતાવળ વગરની, કોલાહલ વગરની ગતિ પરિચિત થઈ ગઈ હતી; અને કશો ઉદ્દેશ ના હોય એવો લાગતો એમના ચહેરાઓ પરનો ભાવ પૂર્વીય દેશોનાં લોકો આવા 'અભેદ્ય' મુખભાવ માટે જાણીતા છે, અને અપ્રિય પણ બને છે.

વિદેશીઓના સમૂહે એમનું ધ્યાન ખેંચ્યું ખરું. મારી સાથેના શ્વેતરંગી પ્રવાસીઓની સામે દરેક ચીની જોવા માંડ્યો. અરે, ટોળે વળ્યો. ભૂરી આંખોને સોનેરી વાળવાળી અમેરિકી સ્ત્રીઓની આસપાસ તો સો સો જણ ઊભા રહી ગયા. ફક્ત જોવા માટે હજી ચીનમાં પશ્ચિમી પ્રવાસીઓની શરૂઆત જ થઈ હતી, એટલે આ પ્રવાસીઓ પ્રજાને ફક્ત જુદાં જ નહીં, પણ દેવ-દેવીઓ જેવાં પણ લાગ્યાં હોય. આપણે ત્યાં પણ ધોળા લોકો ક્યાં નથી 'પૂજાતા'?

મને પણ ગમ્યું હોત કુતૂહલ – કે પ્રશંસા. દૃષ્ટિના કેન્દ્ર થવાનું. પણ ના કોઈ મને વીંટળાઈ વળ્યું, કે ના કોઈએ મને ઘેરી લીધી. જરા પણ અટકાયા વગર હું ચાલી શકી. જાણે અદૃશ્ય કે અદૃષ્ટ ના હોઉં....મનમાં ખોટું લગાડવું કે હસવું? કારણ કે હકીકત એમ છે કે ભારતીય શ્રી-મુખની એમને નવાઈ નથી. વર્ષોનાં વર્ષો ચીની પ્રજા હિન્દી ફિલ્મો અને રૂપાળી અભિનેત્રીઓ જોતી આવી છે.

•|| કથાસરિત્સાગર ||•

કનુભાઈ જાની

(લં. ૩, ત. ૪, શ્લોક ૪૧થી)

[અનુસંધાન : જંગલમાં, એક સ્થાને બેઠા પછી એ ગોવાળીઓ રાજાની માફક, અન્યના પગ કાપવા સુધીનો દંડ દેવા સુધી જાય, અને અન્ય એના હુકમને રાજાજ્ઞા માનીને ઊઠાવે, એ વ્યક્તિનો નહિ, સ્થાનનો જ જબરો પ્રભાવ; અને એ સ્થાને જરૂર કોઈ મોટો ખજાનો દાટેલો હોવો જોઈએ એમ ખાતરી સાથે વત્સરાજને કહી, પેલા ગોવાળોને આગળ કરી, એની પાછળ પાછળ રાજા અને મંત્રી યૌગંધરાયણ વગેરે જંગલમાં એ સ્થળે પહોંચી ગયા.]

ભૂમિ તપાસીને જ્યાં મજૂરોએ ઊંડું ખોદકામ કર્યું કે મહીંથી એક પહાડ જેવો પડછંદ યક્ષ[૧] ખડો થયો, અને બોલ્યો : 'મહારાજ! લો, સંભાળો હવે આ તમારા દાદાએ દાટેલો ખજાનો[૨]; મેં બહુ લાંબો સમય એનું રક્ષણ કર્યું.' વત્સેશને આમ કહીને, એની પૂજા થઈ તે સ્વીકારીને, યક્ષ તિરોભૂત (અદશ્ય) થઈ ગયો અને ત્યાં ભોંયરામાં ઊંડે મોટો ખજાનો નીકળી પડ્યો. એમાં હતું એક અતિમૂલ્યવાન સિંહાસન, રત્નજડિત ! (કહે છે ને કે) ચડતી હોય ત્યારે બધું એક પછી એક સારું - શુભ જ આવી મળે !

'भवत्युदयकाले हि सत्कल्याणपरंपरा ।'

પછી તો, મોટા ઉત્સવ સાથે એ બધો જ ખજાનો નગરી ભેગો કરી, પેલો ગોવાળોને પણ પોતાના શાસનનો[૩] સારો પરચો આપી, વત્સેશ પોતે પણ પાછા નગરીએ પધાર્યા.

ત્યાં રાજાએ આણેલું એ હેમસિંહાસન જોવા લોક ઊમટ્યું : (સિંહાસને) લાલ મણિ જડેલા, તે એવી અરુણ આભા ફેલાવતા જાણે ભવિષ્યમાં ચોક્કસ રાજાનો પ્રતાપ પણ ઝડપથી ચોપાસ ફેલાવાનો ન હોય ! ને મહીં રૂપાના અંકુરોથી મોતી મઢેલા - તે પેલા અંકુરો, જાણે મુખમાંના તીણા દાંત, જાણે હસીહસીને ફરી ફરી રાજાના મંત્રીઓની બુદ્ધિ પર વારી જતા ન હોય - એવા લાગતા હતા. ખુશ થતું લોક દાંડી પીટીને ઢોલ પરથી સુંદર રીતે પોતાના આનંદને ઢમઢમાવતું હતું. મંત્રીઓ પણ ઉત્સવરત હતા. આમાં નક્કી રાજાનો દિગ્વિજય જ વરતાતો હતો. કારણ કે :

આરંભે શુભ, તો અંતે
કાર્યસિદ્ધિ જ સાંપડે !

ત્યાં નગરઆખાનું ગગન ધજાઓ રૂપી વીજના ફરફરાટથી છવાઈ ગયું, ને ભરેલા મેઘ જેવો રાજા પણ પોતાના આશ્રિતો પર સોનું વરસ્યો.

એ દિવસ તો, આમ, ઉત્સવમાં વીત્યો. બીજે દિવસે રાજાનું ચિત્ત જાણવા માટે યૌગન્ધરાયણે કહ્યું : 'આ મહાસિંહાસન આપને આપની કુલપરંપરાનું જ મળ્યું છે. માટે, પ્રભુ, એના પર આપ આરોહણ કરો અને એને શોભાવો.' 'મારા પ્રપિતામહોએ તો પૃથ્વી જીત્યા પછી જ આનું આરોહણ કર્યું હતું; એટલે જ્યાં સુધી સઘળી દિશાઓમાં છેક સાગરતટ સુધી ફેલાયેલી સમસ્ત પૃથ્વી જીતું નહિ ત્યાં સુધી વળી આ મહા-રત્નસિંહાસનનું આરોહણ અને એને શોભાવવું કેવું હોય ?' કહીને એ રાજાએ હાલ તો એ સિંહાસન પર આરોહણ ન જ કર્યું. ઊંચા કુળમાં જન્મેલામાં સ્વાભિમાન પણ (સાવ) સહજ જ હોય છે.

ખુશ થયેલ યૌગન્ધરાયણ રાજાને કહે, 'ભલે પ્રભુ ! તો હવે માંડો ઉદ્યમ વિજય માટે. પૂર્વ દિશાથી જ આરંભ કરો.' એ સાંભળીને પ્રસંગવશાત રાજાએ મંત્રીને પૂછ્યું, 'દિશાઓ તો ઉત્તર વગેરેય છે, છતાં રાજાઓ પૂર્વથી જ કેમ પગરણ માંડતા હશે ?' ત્યારે યૌગન્ધરાયણ રાજાને કહે, 'ઉત્તર તો કુબેરભૂમિ, સમૃદ્ધ (ખરી) પણ મ્લેચ્છસંસર્ગે કલુષિત; પશ્ચિમ નથી પૂજાતી કારણ કે એ સૂર્ય વગેરેના અસ્તની દિશા છે; તો, દક્ષિણ એટલે યમનો વાસ, વળી ત્યાં દુષ્ટ રાક્ષસો રહે છે.

પ્રાચીમાં ઊગતો સૂર્ય, પ્રાચીમાં વાસ ઇન્દ્રનો;
પ્રાચીમાં વહેતી ગંગા, તેથી પ્રાચી પ્રશસ્ત છે.
દેશોમાં -
વિન્ધ્યાદ્રિ ને હિમાદ્રિની વચ્ચેનો જે પ્રદેશ તે
પવિત્ર જળગંગાથી પ્રશસ્ત સર્વથીય તે !

તેથી મંગલ વાંછતા રાજાઓ પૂર્વેથી જ પ્રયાણ આદરે છે, ને દેવોની એ નદીનો જેને આશરો છે એવા એ ગંગાના પ્રદેશમાં મુકામ પણ રાખે છે. મહારાજ, આપના પૂર્વજોએ પણ પૂર્વના પ્રદેશોથી જ વિજય આરંભેલો, ગંગાતટે હસ્તિનાપુરમાં[૪] વાસ કરેલો. જોકે શતાનીકને[૫] કૌશામ્બી[૬] વધુ પસંદ પડતાં એમણે રહેઠાણ ત્યાં રાખેલું. આખરે તો સામ્રાજ્ય શૌર્ય પર ટકે છે, સ્થાન બહુ મહત્ત્વનું નથી.' એમ કહીને યૌગન્ધરાયણ અટક્યો કે (પ્રારબ્ધ નહિ,) પૌરુષમાં માનતો રાજા કહે, 'ખરું છે. આ જગતમાં તો અમુક સ્થળ એ સામ્રાજ્યનો એકમાત્ર આધાર નથી; ખમીરવાળા તો પોતાના પુરુષાર્થથી જ બધું મેળવે. અરે, ક્યાંય કોઈ સ્થળનો આશરો જ ન હોય એવી વ્યક્તિ પણ, જો સત્ત્વશાળી હોય તો, (આત્મબળવાળી હોય તો) લક્ષ્મી મેળવે જ. તમે બધાંએ પેલા સત્ત્વશાળી પુરુષની વાત શું નથી સાંભળી ?' કહીને વત્સેશે તો, પછી, સચિવોની વિનંતીથી, બન્ને દેવીઓની ઉપસ્થિતિમાં, એમને આ વિચિત્ર શુભ કથા કહી સંભળાવી : (૬૮)

આદિત્યનો અશ્વ : (૬૯ થી ૧૦૮)

પૂર્વે વિશ્વવિખ્યાત ઉજ્જયિનીનગરીમાં[૭] આદિત્યસેન નામે એક રાજા હતો. આદિત્યની જેમ જ પ્રતાપનો આવાસ. આદિત્યની

જેમ એયે ચક્રવર્તી, વણથંભ્યો (વિજયરથે) ધપ્યો જાય છે.[૯] ને જ્યારે એ રાજાનું હિમધવલ છત્ર વ્યોમમાં ખૂલી ઊઠે છે ત્યારે અન્ય રાજાઓની ગરમી ચાલી જાય છે, ને એમનાં આતપત્રો (છતરડીઓ) આપોઆપ બિડાઈ જાય છે ! જેમ સાગર સર્વ રત્નોનું તેમ સમસ્ત પૃથ્વી પરની ભોગ-સમૃદ્ધિનું આ રાજા આશ્રયસ્થાન.

એક વાર એ રાજા કોઈક નિમિત્તે યાત્રાએ નીકળેલો, ને સૈન્ય સાથે ગંગાતટે પડાવ હતો. ત્યારે એ પ્રદેશનો જ કોઈ ગુણવર્મા નામે આગેવાન ત્યાં કન્યારત્નનો ઉપહાર લઈને રાજા પાસે આવી ચડ્યો, અને પ્રતિહાર દ્વારા સંદેશો મોકલ્યો કે, 'ત્રણેય લોકના રત્ન જેવી આ કન્યાએ મારે ત્યાં જન્મ લીધો છે; પણ હું એને બીજે ક્યાંય આપી શકું એમ નથી. આપ જ એના સ્વામી બનો.' આવું આવેદન દ્વારપાળને મુખે સાંભળ્યું; અને પછી તો ગુણવર્માએ પોતે જ રાજા પાસે આવીને એ કન્યા રાજાને દર્શાવી. એ હતી તેજસ્વતી નામે. દીપ્તિથી દિશાઓને ભરી દેતી. કાન્તિવાળી. પ્રેમ-દેવતાના મંગલ-આવાસના રત્નદીપની શિખા જોઈ લ્યો ! એને જોતાં જ રાજા એની કાન્તિથી ઘેરાઈ ગયો, સ્નેહમય થયો, કામાગ્નિથી સન્તપ્ત થયો, પાણી પાણી થયો ! એનો તત્કાળ સ્વીકાર કર્યો જ, પટ્ટરાણીપદે સ્થાપી; પણ ગુણવર્માને પણ પોતાનો સમોવડીઓ કરીને સન્માન્યો. પછી એ પ્રિય તેજસ્વતીને પરણીને જાણે જીવનકાર્યો બધાંય સિદ્ધ થયાં ! એની, સાથે એ ઉજ્જયિની આવ્યો. ત્યાંય આખો દિ' એનું મુખ જોવામાં જ એવો મગ્ન થઈ રહેતો કે મહત્ત્વનાં રાજકાર્યો સામે નજર પણ ન નાખતો ! તેજસ્વતીની મીઠી વાણી સાંભળવામાં એવો ગરકાવ રહેતો કે પ્રજાનાં આક્રન્દો તો એના કાને જ ન પડતાં ! લાંબા કાળ સુધી આમ બંધિયાર રહેલો રાજા તો અન્તઃપુરની બહાર ન જ નીકળ્યો, પણ એના અરિવર્ગના હૃદયમાંનો ભીતિજ્વર[૯] તો બહાર નીકળી જ ગયો !

સમય જતાં એ રાજાને તેજસ્વતીદેવી દ્વારા એક પુત્રી પ્રાપ્ત થઈ. ને એ સાથે જ જીત મેળવવાની ઈચ્છા પણ મનમાં ઊગી નીકળી. સૌએ એ (કન્યા/ઈચ્છા) વધાવી. એ (કન્યા/ઈચ્છા) પણ એવી પરમ અદ્ભુત હતી કે એની પાસે ત્રણે લોક તણખલા જેવા લાગતા હતા. એ કન્યાએ એવો હર્ષ પ્રેર્યો તો વિજયેચ્છાએ એવો પ્રતાપ પ્રેર્યો.

એટલે, એક દિવસ એ રાજા આદિત્યસેન કોઈ સામંતને ઉથલાવી પાડવા ઉજ્જયિની બહાર પડ્યો. ને સાથે, જાણે એ સૈન્યની અધિદેવતા હોય તેમ રાણી તેજસ્વતીને પણ હાથણીએ બેસાડીને જોડે રાખી. પોતે એક સુંદર ઉત્તમ અશ્વ પર સવાર થયો - (નામે) શ્રીવૃક્ષ. જાણે દોડતો પહાડ. પેટે કસાવીને બાંધેલ ઉદરત્રાણ, છાતીએ વાંકડિયાળી કેશવાળીની મેખલા, પદ પછાડતું દર્પભર્યું કો ઝરણું જાણે વહેતું વેગે ![૧૦]

પૂગ્યા પગ ઊંચે આભે આંબતા મુખના ખૂણા,
આંબતા હોય ના જાણે ગતિ ગરુડરાજની,
જોયેલી જે હતી પોતે આકાશે ચરનારની !
ઊંચકીને ખભા સ્હેજ ધૈર્યથી માપી, ચિન્તવ્યું :
'જવ આ મારો હવે કેવો ? પૂરતો બસ શું નથી ?'

આગળ જતાં, સહેજ સપાટ ભૂમિ આવતાં, રાજાએ તેજસ્વતીને બતાવવા માટે ઘોડાને વધુ ઉત્તેજ્યો. જરાક એડી વાગતાં તો બાણમાંથી જાણે વેગે તીર વછૂટે એમ અશ્વ એટલી ઝડપ પકડી કે જોતજોતામાં એ લોકોની નજરબહાર નીકળી, ક્યાંક સાવ અલોપ થઈ ગયો !

એ જોઈને સૈન્ય તો વિહ્વળ થઈ ગયું. હજારો સવારો ચોપાસ અહીં-તહીં ઘૂમી વળ્યા. પણ પેલો અશ્વ તો રાજાનું કોણ જાણે ક્યાંય અપહરણ કરી ગયો હતો. અપશુકનની આશંકાથી (ન-છૂટકે) ભયથી, મંત્રીઓ સૈન્યને વાળીને, વિલાપ કરતી રાણીઓને લઈને, ઉજ્જયિની પાછા ફર્યા. નગરના દરવાજા બંધ કર્યા, પ્રાકારે ચોકીને ગોઠવી, રાજાની ભાળ મેળવવા મથતા રહ્યા. પ્રજાને હિંમત આપતા રહ્યા.

દરમ્યાનમાં, એક ક્ષણમાં તો પેલા અશ્વે રાજાને સિંહ વગેરેના સંચારવાળી ઘોર વિન્ધ્ય-અટવીમાં લાવીને ખડો કરી દીધો ! એકાએક અશ્વ થંભ્યો, ત્યારે રાજાએ ચોપાસ નજર ફેરવી. મહાઘોર જંગલ હતું. કોઈ દિશા કળાતી નહોતી. રાજા આકુળવ્યાકુળ થયો. હવે પોતે કશું જ કરી શકે તેમ છે નહિ તેની ખાતરી થઈ જતાં, ઘોડેથી નીચે ઊતર્યો. એ અશ્વજાતિનો પારખુ હતો. એટલે એ ઉત્તમ જાતિના ઘોડાને હાથ જોડીને કહે : 'તું તો દેવ છો ! આમ સ્વામીદ્રોહ કરવો ન ઘટે. હવે તો તું જ એકમાત્ર મારું શરણ છો. એટલે મારું જ્યાં કલ્યાણ થવાનું હોય ત્યાં તું જ મને દોરી જા !' સાંભળીને અશ્વ પસ્તાયો.[૧૧] પોતાની ઊંચી જાતિનું એને ભાન થયું. મનોમન રાજાની વાત સ્વીકારી. ઉત્તમ અશ્વો ખરેખર દેવ જેવા હોય છે.

પછી તો, રાજા પાછો એ ઘોડા પર ચડ્યો. ઘોડાએ પાછું પ્રયાણ આદર્યું. માર્ગ લીધો સ્વચ્છ-શીતલ જલભર્યા સરોવરતટોનો, માર્ગ જ એવો લીધો કે રાજાનો પ્રવાસનો થાક આપોઆપ ઊતર્યો. સાંજ થતાં થતાંમાં તો, સેંકડો યોજન કાપીને, એ ઉત્તમ અશ્વે રાજાને ઉજ્જયિનીની સમીપે પહોંચાડી દીધા. પોતાના સાત સાત ઘોડાને આજે આ એકે એના વેગથી પાછા પાડી દીધા, એ જોઈને સૂર્યે શરમથી પશ્ચિમાદ્રિની ખીણોમાં મોં છુપાવી દીધું. અંધારું વ્યાપતું જોઈને, ઉજ્જયિનીના દરવાજા બંધ જોઈને, વળી બહાર તો હતું સ્મશાન - પીળુંપીળું ને વધુ ભયપ્રદ, એટલે અહીં તો રાજાને મુકામ માટે લઈ જવાય નહિ એમ વિચારીને, એ બુદ્ધિમાન

અશ્વ, બહારના એકાન્ત સ્થળે બ્રાહ્મણોનો એક ગુપ્ત મઠ હતો ત્યાં એ રાતે રાજાને લઈ ગયો. રાજાને પણ લાગ્યું કે રાતવાસા માટે આ મઠ યોગ્ય જ છે. ઘોડો પણ થાકેલો હતો. એટલે રાજા આદિત્યસેન મઠમાં પેસવા ગયો. એવા જ ત્યાં વસતા બ્રાહ્મણોએ એને પ્રવેશતો અટકાવ્યો. માન્યું કે કોણ જાણે આ તે કોઈ ચોર હોય કે પછી સ્મશાનપાલકેય હોય. સૌ એકઠા થઈ, કકળાટ કરતા, લડતા-ઝઘડતા, કઠોર અવાજો કરતા કોપભર્યા બહાર નીકળી આવ્યા ! સામવેદી દ્વિજો તો ભય, કર્કશતા ને ક્રોધનું જ ઘર ! (૧૦૮)

પાદટીપ


૧. યક્ષ : યાદ છે, બીજા લંબકના બીજા તરંગમાં, શ્રીદત્તમૃગાંકવતીકથાને અનુષંગે યક્ષટિપ્પણ થોડું કરેલું. એની પૂર્તિ. અહીં છે તેમ 'યક્ષ'ને સમૃદ્ધિરક્ષક કલ્પ્યો છે. મૂળમાં કુબેરના કોશનો રક્ષક. એના બાગનો પણ. હરિવંશાદિમાં છે :

'યક્ષોત્તમા યક્ષપતિં ધનેશં
રક્ષન્તિ વૈ પ્રાસગદાદિહસ્તાઃ ।'

કાલિદાસે આવી જ એક દંતકથાની પૂર્વભૂમિકા લીધી : રોજ પ્રભાતે કુબેરને શિવપૂજા માટે માનસરોવરનાં તાજાં કમળ જોઈએ. કુબેરની એ ફરજ. માણસ લ્હેરી; વહેલું ઊઠવું આકરું લાગે. તેમાંય પ્રિયસંગ...! એનો રસ્તો કાઢ્યો. રાત્રે જ કમળ લાવી રાખ્યાં. પછી સવારે આપવા ગયો.

કમળ હોય કે ખમણ ! જરાક વાસી હોય કે ખબર પડી જાય ! તેમાં પાછું બન્યું એવું કે એકાદ કમળની પાંખડીમાં રાત્રે ભમરો ભરાઈ ગયો હશે; કુબેરે સવારે ઉપાડ્યું કે ચટક્યો ! આ તો સામાન્ય 'શેઠ' કે 'સાહેબ' નહિ, દેવ પોતે - ને તેમાંય દેવોની સમૃદ્ધિનો અધિપતિ, કુબેર ! અને દેવો પાસે તો શાપનું શસ્ત્ર જબરું હતું ! (એ ક્યારે બંધ થયું એની કોઈ દંતકથા કેમ નહિ હોય ?) કુબેર ક્રોધે ભરાયો. શાપ આપ્યો : એક વર્ષનો માનવલોકમાં વાસ, ને એક વર્ષનો વિયોગ ! (ત્યારેય માનવલોક કાળાંપાણીની સજા ગણાતો હશે ?! દેવલોકના વિસ્થાપિતોની જેલ ! સારું થયું શાપની પ્રથા નથી; નહિ તો 'જા બેચાર વર્ષ બિહારમાં...' કે એવો કાંઈક શાપ પ્રચલિત હોત. ટાડાબાડાની જરૂર ન પડત.) પણ એ યક્ષનો પક્ષ કાલિદાસ જેવા ઉત્તમ કવિએ લીધો ને એના સ્મરણકોશની સમૃદ્ધિ ચરણેચરણ મઘમઘી ઊઠી. કુબેરને ભલે વાસી કમળ મળ્યાં; પ્રકૃતિની શ્રી 'મેઘદૂત'રૂપે શબ્દેશબ્દે સંઘરાઈ. યક્ષના પ્રતાપ; કે એના વિયોગનો પ્રભાવ ? 'વિયોગી હોગા પહલા કવિ...'

'મેઘદૂત'નાં અનેક ભાષાન્તરો ગુજરાતીમાં છે. (અહીં પટાંતરે, એ પણ કહેવાનું મન થાય છે કે ભાષાન્તર એ ચોકસાઈ માગી લેતી કળા છે, અને એનો કોઈ અંત નથી; એ એક સતત ચાલતી પ્રક્રિયા છે. એકની એક કૃતિ - 'મેઘદૂત', 'ગીતા' 'શાકુન્તલ', 'મૃચ્છકટિક' જેવીનાં ભાષાન્તરો જુદી જુદી ભાષાઓમાં તો થવાનાં જ, પણ એમાંની પ્રત્યેકનાં ભાષાન્તરો કાળેકાળે ને વ્યક્તિએ વ્યક્તએ થતાં રહે એ પણ જાગ્રતતાની



નિશાની છે. એને અંગ્રેજીમાં કહે છે 'મલ્ટિપલ ટ્રાન્સલેશન.' એમાં વિવિધ અર્થચ્છાયાઓ, વિવિધ શૈલી અને વિવિધ ભાષાવિનિયુક્તિને અવકાશ છે. એક ભાષાન્તર અન્યથી કઈ રીતે એની પદ્ધતિ ને પ્રયોગથી જુદું પડે છે તે જણાઈ આવે. અન્યોને ક્યાં ક્યાં મુશ્કેલી પડી-નડી હતી તે પણ જાણી શકાય. ક્યારેક સેંકડો/હજારો વર્ષનો વિવાદ, ઉકલી જઈને આપણે ઉંબરે સહજ રીતે આવી ચડે છે !' ઈશાવાસ્ય...'નાં કેટલાં બધાં ભાષાન્તરો ગુજરાતીમાં થયાં છે ! તેમાં ત્રણ-વ્યુત્પન્ન પંડિત સંસ્કૃતજ્ઞ સાધક પ્રો. જી. કે. ભટ્ટનું, અને બે આપણા બે ઉત્તમ કવિઓ - ઉમાશંકર અને રાજેન્દ્ર શાહનાં - જુઓ. સંસ્કૃત ઋષિ-કવિ-ચિન્તક આવીને જાણે પોતાના હૈયાની અણઉકલી વાત એમને કાને પહોંચાડી ગયા છે ને ઉકેલ સુઝાડતા ગયા છે !)

'મેઘદૂત'નાં અનેક ભાષાન્તરો યાદ કરતાં, મને કિલાભાઈના અનુવાદમાંના ૧૯૧૩માંનાં એ.એમ. માલીનાં બે ચિત્રો યાદ આવ્યાં : યક્ષ માલીની આંખે કેવો દેખાયો છે ? એક ચિત્રમાં એકાન્ત, જંગલ, ઝરણાં, કમળો, હંસો, ઝૂંપડી - ને ઝૂંપડી બહાર ઊંચે આભને જોતો વિજનવનમાં મેઘ નિરખતો ચિન્તામગ્ન યક્ષ છે. (જુઓ : આ સાથેનું ચિત્ર) તો, બીજામાં રામગિરિના એક ઊંચા શિખરેથી, હાથ લંબાવી, મેઘ સાથે સંદેશ મોકલતો એ જણાય છે. એ પુસ્તકની પ્રસ્તાવનામાં માલીનું નામ કેમ નહિ હોય ?

યક્ષ વિષેની એક દંતકથા છે. રામાયણમાં ઉત્તરકાંડમાં પૃથ્વીની ઉત્પત્તિકથાને સંદર્ભે કથા છે : પ્રજાપતિએ જલાદિ તત્ત્વો સર્જ્યાં.

એ તત્ત્વોએ પૂછ્યું : 'અમારે હવે કરવાનું શું ?'
'રક્ષધ્વમ્' (રક્ષણ કરો.)

કેટલાંક તત્ત્વો કહે : 'રક્ષામઃ' (કરીશું રક્ષા.)

બીજાં કેટલાંક કહે : 'યક્ષામઃ' (ખાધા કરીશું.)

'રક્ષામઃ' કહેનારે પેલી વૃક્ષ-વેલી-સમૃદ્ધિ રક્ષી; 'યક્ષામઃ' કહેનાર ખાવામાં પડ્યાં. (રક્ષ-ભક્ષકથા આટલી જૂની છે ! એની પરંપરા અતૂટ છે !) જરા વિગતફેરે વિષ્ણુપુરાણમાં પણ આ કથા છે. તીર્થંકરો તરીકે, રક્ષકો તરીકે યક્ષોનાં શિલ્પો ગુજરાતમાં તારંગામાં છે. જોવા જેવાં છે. કચ્છમાં હજીયે 'જખ' પૂજાય છે. સુમેરના 'ઝિગ્ગુરટ' ને 'જક્કરટ' (યક્ષરથ) એક હશે ? ગમે તેમ, યક્ષ એક પ્રાગ્વૈદિક અનાદિ જાતિ હશે. વળી, 'યક્' ધાતુમાંથી 'યક્ષ' શબ્દ ઊતરી આવ્યાનું મોનિયેર વિલિયમ્સ અનુમાન કરે છે. 'યક્ષયતે'નો અર્થ થાય 'માન આપવું', 'પૂજા કરવી'. યક્ષ યજ્ઞમાં પણ પૂજાતો. કુબેરનો ગણ તો ખરો જ, પણ ક્યાંક વિષ્ણુના ગણ તરીકે પણ નિર્દેશાયો છે.

૨. 'સિંહાસનબત્રીસી'ની કથામાં પણ ભોજરાજને આમ જ થાય છે. દાટેલો ખજાનો, દાટેલું સિંહાસન મળે એ ભારતીય લોકકથાનાં આગવાં મોટિફ્સ છે - ખાસ કરીને દાટેલું સિંહાસન. વળી સિંહાસનને લોકાનુરંજક અને સુખ-ઐશ્વર્યને આપનારું, પહેલેથી જ કહ્યું છે :

'ચામરં શ્રીકરં દિવ્યં રાજ્યશોભાકરં પરમ્ ।
સિંહાસનં સુખૈશ્વર્યકરં લોકાનુરંજનમ્ ॥'

(હા ! લોકોનેય કયા - કેવા સિંહાસને ક્યારે - કોણ - કેમ બેસે છે તે જોવાની મજા તો આજેય પડે છે !)

૩. પાઠ છે તાન્ પ્રશાસ્ય ગોપાલાન્ઃ ટૉનીએ એ ગોવાળોને દંડ દઈને કાઢી મૂક્યા એમ લખ્યું ને પછી હિન્દી-અનુવાદમાં તો એમ થાય જ ! વિચારવાનું એ છે કે જે ગોવાળો એમને અહીં સુધી લાવ્યા, જગ્યા બતાવી, અને જેને કારણે હકીકતે આ ખજાનો અને સિંહાસન મળ્યાં એને રાજા આમ દંડે ખરો ? પેલો વિચક્ષણ મંત્રી યૌગન્ધરાયણ આમ થવા દે ખરો ? બીજી તરફથી બ્રાહ્મણની ફરિયાદ તો હજી ઊભી છે. જંગલમાં રાજાને આ બે જણ લઈ આવ્યા, ત્યાં ખોદતાં ખજાનો-સિંહાસન મળતાં એની ઉજવણી કરી. એનો ઉત્સવ કર્યો. 'કૃતોત્સવ' પછી તરત આ 'પ્રશાસ્ય' આવે છે. એટલે 'દંડ' તો બંધ બેસે નહિ. 'પ્રશાસ્ય' આઠેક જેટલા અર્થો થાય : to teach, instruct, train, punish, chastise - વગેરે. પ્રાપ્તિના ઉત્સવટાણે રાજા શું કરે ? ઠપકો આપે. સમજાવે. આપણે સાહિત્યરસિકો 'પ્રશાસ્' ક્રિયાપદથી પરિચિત છીએ. 'ઉત્તરરામચરિત'નો આરંભનો જ શ્લોક :

'ઇદં કવિભ્યઃ પૂર્વેભ્યો નમો વાકં પ્રશાસ્મહે.'

પૂર્વે થયેલા કવિઓને વંદન, એમની વાણી આપણને દોરે ! 'દોરે'નો ભાવ છે. ત્રણ ભાષાન્તરો હાથવગાં છે; જોઈએ. એમાં 'પ્રશાસ્મહે' સ્પષ્ટ કરવા કોઈ થોભ્યું નથી ! ઉમાશંકર એ શબ્દ જ કુદાવી જાય છે :

'પૂર્વના કવિઓને આ નમસ્કાર સમર્પીએ !'

પદ્માવતી દેસાઈ આખા શ્લોકને અંતે 'વાણીને જેથી પામીએ'ની સ્પષ્ટતા કરે છે :

પૂર્વેના કવિઓને આ પ્રણામાંજલિ અર્પિયે, અમૃતાત્મકલાદેવી વાણીને જેથી પામીએ.'

તો, વિદ્વદ્વર્ય મણિલાલ ન. દ્વિવેદી ચોખવટ માટેનું જરૂરી ઉમેરીને જાણે સમજણ આપે છે :

વાલ્મીકિવ્યાસઆદિ જે પૂર્વકાલે થયા ગુરુ,
પ્રણમી પ્રણમી તેને યાચું છું પર આટલો :
બ્રહ્મદેવતણી મૂર્તિ, નિત્ય પૂર્ણ સ્વરૂપિણી,
દેવતા વાણીની, નિત્યે બાંય ઝાલે સરસ્વતી.'

'બાંય ઝાલે' - 'પ્રશાસ' - દોરે. 'પ્રશાસ્'ના આઠેક જેટલા અર્થો મોનિયેર વિલિયમ્સ પણ આપે છે. એમાંથી સંદર્ભ જોડે જાય એ અર્થ જ ગ્રાહ્ય. એટલે, 'શિખામણ આપીને' 'સમજાવી'ને કરવું પડે. 'શાસનતળે લાવ્યા' પણ થાય. કેવી રીતે ? દંડથી ? એ તો પછી વિગતનો પ્રશ્ન થયો. ટૂંકમાં પોતાની રાજા તરીકેની ફરજ પણ એણે બજાવીને રાજા કેમ વર્તે એનો ખ્યાલ પણ આપ્યો.

૪. **હસ્તિનાપુર** : મહાભારત-ખ્યાત, પાંડવકૌરવોની રાજધાની. અયોધ્યા સૂર્યવંશીઓની; તો, હસ્તિનાપુર સોમવંશીઓની. રાજા હસ્તિએ વસાવી એમ વિષ્ણુપુરાણમાં છે; ને ભાગવતમાંય છે -

'બૃહત્ક્ષત્રસ્ય પુત્રોઽભૂદ્ધસ્તી યદ્ધસ્તિનાપુરમ્.'

આ નગર તો કદાચ એનીયે પહેલાં હશે. અમદાવાદની સ્થાપનાની દંતકથામાં 'જબ કુત્તે પે સસ્સા આયા' એમ છે; અહીં અત્રિપુત્રે વનમાં એક પંખીને, ઝડપ મારીને આખો હાથી ઉપાડી જતું જોયું ! ને ત્યાં નગર વસાવ્યું. પછી હસ્તિરાજાએ વિસ્તાર્યું. દુર્યોધનના સમયમાં બળરામે એનો ધ્વંશ કરેલો. તો, સર્પસત્ર-યોજક જન્મેજયની પાંચમી પેઢીએ થયેલ રાજા નિમિચક્ર જ્યારે હસ્તિનાપુરમાં રાજ્ય કરતો હતો ત્યારે ભાગીરથીમાં એવું પૂર આવ્યું કે નગરી આખી તણાઈ ગઈ. એટલે એને કૌશામ્બીમાં જઈને રહેવું પડ્યું.

હસ્તિનાપુર કેમ ભુલાય. કૌરવોની એ રાજધાની. એને ખાતર મહાભારત મંડાયું. દિલ્હીથી ઇશાનમાં પાંસઠેક કિલોમીટર દૂર ગંગાના જૂના પટમાં એ પ્રાચીન નગરના અવશેષો હોવાનું વિદ્વાનો માને છે.

૫. **શતાનીક** : હિન્દી અનુવાદ તો લગભગ ટિપ્પણ વિનાનો છે; પણ ટૉની-પૅન્ઝર પણ શતાનીક વિશે ચૂપ છે ! કથામાં આવતાં આવાં નામોને ઇતિહાસ/પુરાણ આદિના સંદર્ભે પકડવા-સમજવા જતાં, આપણે ત્યાં કેટલાં ટાંચાં સાધનો છે તેનો ખ્યાલ

આવે છે. આવું નામ સાવ કોયડારૂપ, કોકડું બનીને પડ્યું રહે ત્યારે કરવું શું ? એને પડ્યું રહેવા દઈ, એને કુદાવી જઈ આગળ વધવું ? કે ઉકેલવાની માથાકૂટમાં પડવું ? પડો તો અનુવાદ અટકે, ન પડો ને કુદાવી જાવ તો ચેન ન પડે ! બડી મૂંઝવણ ! પણ જરા હાથ પર લેતાં, આ શતાનીકવાળી ટૉની-પેન્ઝરે છોડી દીધેલી વાત તો બહુ મહત્ત્વની નીકળી ! લાંબી ચર્ચા ટાળવા ત્રણ મુદ્દામાં જ સાર આપું :

(૧) ઉદયન અર્જુનના વંશનો, એ સોમદેવની વાત પુરાણ વગેરેને પણ કબૂલ. પણ અહીં છે તેમ સાતમી પેઢીએ (અર્જુન-અભિમન્યુ-પરીક્ષિત-જન્મેજય-શતાનીક-સહસ્રાનીક-ઉદયન) નહીં જ. કારણ સ્પષ્ટ છે : અર્જુન એટલે મહાભારતનો વીર યોદ્ધો. ને મહાભારતનો કાળ કયો ? મતાંતરોને ટાળતાં, આર. સી. મજમુદાર ('એન્શ્યન્ટ ઇન્ડિયા' પૃ. ૪) કહે છે તેમ લગભગ ઈ.સ. પૂર્વે ૧૦૦૦ તો ખરોજ ! હવે, ઉદયન તો બુદ્ધ-મહાવીરનો સમકાલીન, એ સિદ્ધ છે. તો સાતમી પેઢી લેતાં, વચમાં ચારસો વરસ ઓરવા પડે !! નાંખવાં ક્યાં ?

(૨) અહીં પુરાણોની માહિતી કામે લાગે છે. વિષ્ણુપુરાણ, મત્સ્યપુરાણ અને શ્રીમદ્ ભાગવતપુરાણ અનુસાર, હકીકતે શતાનીક એક નહિ પણ બે થયેલા. બીજો શતાનીક અર્જુનથી લગભગ પચીસમો. એ ઉદયનનો બાપ કે દાદો હોય.

(૩) બાપ કે દાદો ? બૃહત્કથાની કાશ્મીરી પરંપરા એટલે કે 'બૃહત્કથામંજરી' અને આ 'કથાસરિત્સાગર' તો દાદો કહે છે, ને સહસ્રાનીકને પિતા કહે છે; પણ સામે પક્ષે શતાનીકને જ ઉદયનનો પિતા ગણાવતાં સાક્ષીઓનો પાર નથી : ભાસનાં નાટકો, 'બૃહત્કથાશ્લોકસંગ્રહ', 'વિવિધતીર્થકલ્પ', 'કુમારપાલપ્રતિબોધ', સંખ્યાબંધ પાલી-તિબેટી બૌદ્ધ સાહિત્ય. પાલી પરંપરામાં પણ એ જ નામ 'સયાનીક' જે રોકહિલના 'લાઈફ ઑફ બુદ્ધ'માં પણ અપાયું છે. બૃ.શ્લો.સં.માંથી ઘણાએ એ પ્રસંગ લીધો છે જેમાં, વાસવદત્તાના પેટમાં બાળક છે ત્યારે ઉદયનની માતા પોતાની એ પુત્રવધૂને ઉદયનના જન્મની કથા કહેતાં પોતાના પતિનું નામ આપે છે શતાનીક. એટલે, જેમ સાતમી પેઢીવાળી સોમદેવની વાત એની ઇતિહાસચૂક એમ આ પણ ગણાય. (વધારે વિગતોના જિજ્ઞાસુને ડૉ. નીતિનું પુસ્તક 'ધ સ્ટોરી ઑફ કિંગ ઉદયન' સુલભ છે.) .

હસ્તિનાપુરથી રાજધાની કોણ ક્યારે કૌશામ્બી લઈ ગયું એ ચર્ચાના દળણે પણ કાંઈ લોટ મળે એમ નથી ! હા, મત્સ્યપુરાણ, શ્રીમદ્ભાગવત અને વિષ્ણુપુરાણમાં ઉદયન પછી છેક વીસમા રાજાએ એમ કર્યાનું મળે છે !

૬. કૌશામ્બી : ઉદયનના સમયમાં તો એ નગર એટલું પ્રસિદ્ધ હતું કે ત્યારે ઉદયન એ નગરના રાજા તરીકે ઓળખાતો ! છેક વેદકાળ જેટલી જૂની એ નગરી હશે. મહાભારતમાં ચેદી જીતનાર રાજા ઉપરિચર વસુના પાંચમાંના એક પુત્ર કુશામ્બે સ્થાપ્યાની વાત છે; રામાયણમાં મારિચવધ પછી મિથિલા જતાં વચમાંના પડાવને સ્થળે રામલક્ષ્મણને વાત કરતાં વિશ્વામિત્ર, કશવૈશાલીના એક પુત્ર કુશામ્બે આ નગર સ્થાપ્યાની કથા છે; પાલીગ્રંથો ગૌતમના એક પૂર્વજ બાલદત્તે સ્થાપ્યાની વાત કરે છે; પુરાણો ને પાણિનિ જુદા જુદા 'કુશામ્બ' પરથી 'કૌશામ્બી'ની પ્રચલિત વાત કરે છે; શતપથાદિ બ્રાહ્મણગ્રંથો (ઈ.સ. પૂ. ૮૦૦ આશરે) કુસામ્બે વસાવ્યાની વાત કરે છે. આમાંથી ચોક્કસ બે બાબતો તારવી શકાય : એક, બૌદ્ધકાળની પહેલાંનું છેક વેદકાળ સુધી લઈ જવાય એટલું જૂનું આ નગર હતું. બે, કોઈક કુશામ્બે વસાવેલું. ત્રીજી વાત, ત્યારના ભારતપ્રસિદ્ધ છ મહાનગરોમાંનું એક. અન્ય તે તક્ષશિલા, શ્રાવસ્તી, વારાણસી, રાજગૃહ અને વૈશાલી. યમુનાતટે હતું ને વહાણોથી અવરજવર ને વેપારની સગવડ. મોટું વાણિજ્યકેન્દ્ર હતું. ડૉ. નીતિએ આખું આઠમું પ્રકરણ ('ધ સ્ટોરી ઑફ કિંગ ઉદયન'માં) આપ્યું છે. કનિંગહામે પણ વિસ્તારથી ચર્ચા કરી છે. પ્રયાગથી ત્રીસેક માઈલ પર કોસમ પાસે આનાં અવશેષો મળે છે.

૭. ઉજ્જયિની : શિપ્રાતટ, મહાકાલ, રાજાવિક્રમ, સ્મશાન, 'મેઘદૂત' ને કાલિદાસની એ નગર માટેની પ્રીતિ; 'મૃચ્છકટિક'ની લીલાભૂમિ, માળવાની રાજધાની, હિન્દુ શાસ્ત્રમાંથી સાત મોક્ષદા નગરીઓમાંની એક, ઉદયનકથાથી આપણી તો પરિચિત –

આ સ્થાનેથી હરી ઉદયને પુત્રી પ્રદ્યોતકેરી,
એની આંહી હતી કનકની ઝાડીઓ તાડકેરી;
હસ્તી ગાંડો નલગિરિ અહીં સ્તંભ ખેંચી ભમ્યો'તો,
કે'તા એવી વિધવિધ કથા, સ્નેહીને ભોમિયાઓ.'

('મેઘદૂત' ૩૪ –અનુ. કિલાભાઈ, પૃ. ૪૧)

૮. આદિત્ય-રથ, એકચક્રીપણું, વણથંભ્યે ધપવું, પ્રતાપ – બધું એક તરફથી સૂર્યને તો બીજી તરફથી રાજાને લાગુ પડે એમ શ્લેષ ખેલ્યો છે સોમદેવે. સંસ્કૃત કવિઓ, કથા માંડતા હોય ત્યાં પણ, વચમાં વચમાં આવા ખેલો પાડ્યા વિના નથી રહેતા ! પણ ટૉની મહાશય પણ ક્યાં ગાંજ્યા જાય એવા છે ? 'પ્રતાપનું' કર્યું 'Valour', એક અર્થ 'શૌર્ય', બીજો 'તાપ' ! સલામ ! S.L. (સોર્સ લેંગ્વેજ : મૂળ ભાષા) અને T.L. (ટાર્ગેટ લેંગ્વેજ : લક્ષ

ભાષા) બન્નેમાં સિદ્ધહસ્ત હોય એ જ આમ કરી શકે. ફરીથી કહું, ભાષાન્તર કળા તો છે જ પણ કવિની કસોટી પણ છે. રવીન્દ્રની આંખે, રવીન્દ્રના અંગ્રેજીમાં કબીરનાં ભજનો જોયાં છે ?

૯. 'ભીતિ' માટે 'રુજા' શબ્દ વપરાયો છે : 'રુજાજ્વર.' ધાતુ છે 'રુજ્'. 'રુગ્ણ' શબ્દ એ પરથી બન્યો. સોમદેવે આ શબ્દ અહીં સાભિપ્રાય વાપર્યો છે. કારણ કે 'sickness induced by passion or love' એવો (મૉનિયેર મુજબ) એક અર્થ થાય; ને અહીં રાજા 'ઇશ્કનો બીમાર છે, બીજી બીમારી કૈં નથી'! એટલે રાજા માટે એ બીમારી અને અરિ માટે 'ભય' એમ એક શબ્દ બન્ને બાબતો સૂચવે! સંસ્કૃતની સંકેતશક્તિ જબરી છે ! પ્રેમ બનાવે પાંગળો ! 'શાકુન્તલ'માં છે 'અનિશમપિ મકરકેતુર્મનસો રુજમાવહન્નભિમતો મે.'

૧૦. હિન્દી અનુવાદમાં આ વિશેષણો ઘોડાને બદલે રાજાને વળગાડ્યાં ! પરિણામે હજી તો બીચારો માંડ ઘોડે ચડ્યો-ન ચડ્યો ત્યાં જ એને દર્પભર્યો ને પરસેવે નીતરતો કહેવો પડ્યો! બહાદુર રાજાને પણ શું આમ ઘોડે ચડતાં ચડતાં જ પરસેવો છૂટી જતો હશે? રાજા ને ઘોડા બેય ગયા ! કોને પૂછીએ ? પણ અહીં ઘોડાનું કેવું સુંદર, સજીવ, ચિત્રાત્મક વર્ણન કર્યું છે ! કાવ્યાત્મક !

મૂળમાં છે 'આસૃક્કોત્થિતપાદાભ્યામ્'. 'સૃક્' પરથી 'સૃક્ક' એટલે મુખનો ખૂણો. પણ એક લુપ્તપ્રાય (obsolete) 'સૃક્' પરથી 'સૃક' એટલે 'તીર' પણ થાય. પરંતુ 'સુધી'- દર્શક 'આ' એની આગળ લાગી શકશે ? ન લાગે. એટલે હિન્દી ભાષાન્તર અત્યન્ત ક્લિષ્ટ બન્યું છે. 'પગને છેક મુખના ખૂણા સુધી ઊંચે લઈ ગયો અશ્વ.' સરસ જોરદાર ચિત્ર છે. ગુજરાતીમાં 'ઘોડો ઝાડ થયો' એવો રૂઢિપ્રયોગ છે. જરા જુદા અર્થમાં એક ફ્રેન્ચ રૂઢિપ્રયોગ છે; કોઈ ઘટના 'પલકારામાં બની ગઈ', ઝડપથી બની ગઈ, એ માટેનો પ્રયોગ છે. 'Ventre a terre'. ડિક્ષનરી જોતાં 'belly to ground' જમીન સરસું પેટ' ! મુખ્યાર્થ બાધ થતાં, લક્ષણાથી અર્થ મળે 'very quickly.' કઈ રીતે ? આમાં ઘોડાનું એક ચિત્ર લોકકલ્પનાએ મઢી લીધું છે. ઘોડો ઝડપથી દોડે ત્યારે એના આગલા બે પગોને પાછલા પગો એકબીજાની વિરુદ્ધમાં, લગભગ એવા જમીનની સમાન્તર થઈ જાય કે એનું પેટ જમીનને અડતું હોવાનો ભ્રમ થઈ જાય ! (ટી.એચ. સેવરી-કૃત 'ધ આર્ટ ઑફ ટ્રાન્સલેશન', ૧૯૬૮; પ્રકરણ બીજું ભાષાન્તરની ચર્ચામાં આનું દૃષ્ટાન્ત સેવરીએ આપ્યું છે.) હુસેનનાં કે યજ્ઞેશ્વર શુકલનાં ચીની શૈલીના ઘોડાનાં ચિત્રો જોયાં છે ? શક્તિ ને ગતિ બન્નેની સંયુક્ત સુંદરતા દોડતાં ઘોડામાં છે. સ્થિર રેખાઓ પણ જવને આલેખે, એ એની ચમત્કૃતિ ! શબ્દચિત્રો તો ઘણાં છે. પણ આપવાનો લોભ ટાળું.

૧૧. યોદ્ધો અને એનો અશ્વ કેવાં એકમેકને વફાદાર હોય છે એની વાતો પારવિનાની છે. 'આઉટલૉઝ ઓફ કાઠિયાવાડ'માં કિનકેઈડનો લેખ પણ યાદ આવે. પશ્ચિમની લોકકથાનો પહેલો સંપાદક ગ્રિમ કહે છે 'વીર હોવાની પહેલી નિશાની એ કે એને એક હોંશિયાર - પાણીદાર ઘોડો હોય' - 'One principal mark to know heroes by is their possessing intelligent horses.' (ટ્યૂટોનિક માયથોલૉજિ'નું સ્ટેલિબ્રસકૃત ભાષાન્તર, પૃ. ૩૯૨) એચાઈલ્સ એના ઘોડા જોડે આમ જ વાત કરતો બતાવાયો છે. ચેતક, 'ઘોડી અને ઘોડેસવાર'.... એવું એવું કેટલું બધું યાદ આવે !?

(ક્રમશઃ)

અનુસંધાન) જંગલ (પૃ. ૧૯૧થી

સાંભળીને કિટ્ટીને આશ્ચર્ય થયું. આટલો મોટો ઘાવ થયો હોવા છતાં પણ શું મામાને કોઈ દર્દ થતું નથી ? એવું વિચારતાં એ નાગીની સાથે ચબૂતરે આવી ગયો. સવારથી પથારીમાં પડેલા નાગીના પિતાજી ખબર સાંભળતાં જ દોડતા આવ્યા અને ત્યાં જ બેસીને જે કંઈ થયું હતું, એ વિષે સાંભળવા લાગ્યા.

સાંજે દીવો સળગાવતી વખતે નાટક શીખવનાર, માસ્ટર આવ્યા. કિટ્ટીએ જાણવાનું ઇચ્છ્યું કે મામા એની સાથે શું વાત કરે છે. મામાએ કહ્યું : 'જે થવું હોય તે થાય. નાટક થવું જોઈએ. ડ્રેસ લાવવા મંડપવાળા માણસને મોકલી દેવામાં આવ્યો છે. સવારે દસ વાગ્યા સુધીમાં ડ્રેસની લારી આવી જશે, માસ્ટર સાહેબ.'

'સારું, તો હું જઉં છું.' એવું કહેતા એ ચાલ્યા ગયા. મામાને સૂતાં સૂતાં જ મામીએ ખાવાનું ખવડાવ્યું. મામાએ મામીની સાથે ક્યારેય આ રીતે મળી-હળીને વાતો કરી નહોતી. આ જોઈને કિટ્ટીને ખૂબ આનંદ થયો. દરરોજ મામા ઘરમાં જ રહીને એમની સાથે આ રીતે વાતો કરતા રહે તો કેટલું સારું ! આવું વિચારતાં વિચારતાં તેને ક્યારેક ક્યારેક ભયંકર રાક્ષસ જેવા દેખાતા મામાની યાદ આવી, અને એને લાગ્યું કે અંદર ને અંદર કશુંક તૂટી ગયું છે. નાગી પોતાના પિતાજીની સાથે જમીને પોતાના ઘરે સૂવા માટે ચાલી ગઈ.

સૂવાની તૈયારી થઈ રહી હતી ત્યાં જ હોસૂર બસક્કાના ઘરેથી ચપટા નાકવાળો છોકરો મામા પાસે આવ્યો અને ધીરે ધીરે કશુંક કહેવા લાગ્યો. કિટ્ટી ઊભો થયો અને સરવા કાને સાંભળવા લાગ્યો. કાલે રાત્રે બસ દ્વારા શિવગંગા, કોપ્પલનો પુટ્ટસ્વામી બધા મળીને ચન્નોરુને કોર્ટે લઈ જશે, ગામના આગેવાનોની વાત ન માનીને એ મામલો પોલીસમાં લઈ જવાની જિદ કરી રહ્યા છે. આ પ્રકારની બીજી વાતો કરીને છોકરો તરત પાછો વળી ગયો. મામા કશું ન બોલ્યા. લેમ્પની ઝાળ નાની કરવાનું કહીને એ કામળો ઓઢીને સૂઈ ગયા.

(ક્રમશઃ)



સ્થિર નદી, સરતાં નીર

શાંઘાઈ

પ્રીતિ સેનગુપ્તા

મને તો એના નામથી માંડીને આ શહેર આખું જ ગમી ગયું છે. મારે માટે ચીનની અંદર મૂકેલું એ પહેલું પગલું તો ખરું જ, પણ એનો દેખાવ જ ખાસ્સો મોભાદાર છે. એ વિકસ્યું હજાર વર્ષ પહેલાં, પછી અંગ્રેજ વસાહતી અમલ આવ્યો, તેથી એની પ્રજા પચરંગી બની, વાતાવરણ સમકાલીન બનતું રહ્યું. ચીનમાંનો સામ્યવાદી પક્ષ સ્થપાયો શાંઘાઈમાં – તે તો ૧૯૨૧માં. પછી ૧૯૬૬માં 'સાંસ્કૃતિક ક્રાંતિ'-કલ્ચરલ રેવોલ્યુશન-પણ ત્યાં જ શરૂ થયું. ને છતાં વસાહતી અમલ દરમ્યાન સુસ્પષ્ટ રીતે વિકસેલી પશ્ચિમી સ્થાપત્ય શૈલીની ઊંચી, પ્રભાવશાળી, અસંખ્ય ઇમારતો શહેરને શોભાવે છે. ખાસ કરને નદીને કિનારે, અને શહેરના મૂળ આરંભ-કેન્દ્રમાં.

સાવ અજાણ્યાને અદ્ભુત જેવા આ ચીની જગતમાં શાંઘાઈની આટલી ભૌતિક પરિચિતતા ગમી. થોડા આધાર જેવી લાગી. પ્રવેશતાં વેંત આટલી આધુનિક્તા જાણે કશીક આસાએશ આપી રહી છે. પહેલે જ દિવસે ઘણું ફર્યા, જોયું, નોંધ્યું. ખાલી સમય બિલકુલ નહીં.

પહેલાં તો બે-ત્રણ ફેક્ટરી જોઈ – જાજમવણાટ અને હાથીદાંત તથા મરકત મણિની કોતરણીનાં કામ માટેની. એક બાજુ હસ્તકળાનો વિકાસ, ને બીજી બાજુ સફળ વેપાર. એનાં બંને મકાનો હતાં મોટાં, પણ તદ્દન સાદાં. કેવળ કાર્યાત્મક. અંદર હજાર હજાર યુવક-યુવતીઓ માથું નીચું ઘાલીને, સહેજે અટક્યાં વગર, ખૂબ ધીરજ અને ધ્યાનપૂર્વક પોતપોતાની કળાને મૂર્ત સ્વરૂપ આપી રહ્યાં હતાં.

(એક વિચાર મને આવ્યો, ને મેં મનમાં જ રાખ્યો કે,આપણે ત્યાં-એટલેકે ભારતમાં-તો સરકારી નોકરી એટલે જાણે'ગંગા નાહ્યાં.' પછી કામ નહીં કરવાનું, ને વાતો નિરાંતે કર્યા કરવાની. આહા, આ ચીન દેશમાંની રસમ એનાથી સાવ જ ઊંધી. અહીં હતો ઇમાનદાર શ્રમ-પ્રશસ્ય, ગરિમા-યુક્ત.) આ દરેક જણ બે કે ત્રણ વર્ષ કળા-શાળામાં તાલીમ લે છે. પ્રારંભિક અભ્યાસ પૂરો કર્યા પછી દરરોજ સવારે ફેક્ટરીમાં કસરત માટેનો સમય હોય છે. બધાં પોતપોતાની જગ્યાએ સમૂહમાં કસરત કરી લે છે. શરીરની તંદુરસ્તી, મનની તાજગી. જાપાનમાં પણ ઘણી કંપનીમાં આ રિવાજ છે. એના ફાયદા જોઈને અમેરિકામાં પણ કેટલીક કંપનીઓ એને અપનાવતી જાય છે, એમ સાંભળ્યું છે. ઘણી સારી ટેવ કહેવાય. મને તો આ બધાં કર્મકારો-કળાકારો શાંત, સંતુષ્ટ, સુખી લાગ્યાં. મને બધી ખબર ના પણ હોય, એમ ને? શક્ય છે. પણ શા માટે ના હોય સુખી ને સંતુષ્ટ, એ બધાં?

જાજમ બનાવવાનું બધું જ કામ એ મકાનમાં થાય છે-ઊન તૈયાર કરવાનું, વણવાનું, છેડા કાપવાનું, બરાબર પતાવવાનું, અને છેલ્લે એને ધોવાનું. સુકાય પછી એ દુકાનમાં મુકાય. મકાનમાં જ દુકાન ને મકાનમાં જ એનાં રૂપ-આકારનાં સર્જન થાય. પાથરવાની જાજમો, તેમજ દીવાલ પર શોભા માટે લટકાવવાની કળાત્મક દરી. નાની, મોટી, ગોળ, લંબચોરસ. મુખ્ય પાંચ શૈલીઓમાં આકૃતિઓ વહેંચાય છે. એમાં ફૂલો હોય, ભુજંગ ને ભૌમિતિક પ્રતીકો હોય. રંગ પણ જાતજાતના – ઝાંખા, ઘેરા.

બીજા વિશ્વયુદ્ધની પહેલાંના સમયમાં ઘેર ઘેર શાળ રહેતી, ને વણાટકામ થતું. ૧૯૫૬ પછી સરકારે આ માટે ફેક્ટરીઓ ખોલવા માંડી. જાજમ-વણાટની એક રાષ્ટ્રિય શૈલી વિકસી છે, અને તે ખાસ્સી વખણાય છે. ફેક્ટરીમાંની દુકાન માટે અમને સમય અપાયો હતો. મેં તૈયાર જાજમો જોવામાં ગાળ્યો. અમુક જણે ખરીદી કરી. ત્યાંથી જ વહાણમાર્ગે એ બધાંને પહોંચડાશે. વ્યવસ્થા તો છે, વિશ્વાસ રખાય કે નહીં તે કોણ જાણે. મેં ખરીદવાની લાલચ રોકી. એક તરફ એમાં હું ગુણોત્તમતા જોતી હતી! અપરિગ્રહનો કોઈ પૂર્વીય ગુણ. પણ મનના કોઈ બીજા ખૂણામાં એમ પણ થતું હતું કે નહીં ખરીદીને ભૂલ પણ કરી હોય. કિંમત બહુ જ સારી ગણાય. અમેરિકામાં ખરીદવા કરતાં તો કેટલું યે સસ્તું પડે. નહીં ખરીદીને કદાચ મૂર્ખામી પણ કરી હોય... ખેર!

મરકત ને હાથીદાંત – ઉપરાંત બીજા અકીક પથ્થરો અને બીજાં દંતશૂળ પણ ખરા – એ બધા પર થતી ઝીણી કારીગીરીની પ્રથા તો ચીનમાં ૩,૦૦૦ વર્ષોથી છે. ચીનના દૂર દૂરના પ્રદેશો ઉપરાંત, બર્મા, કેનેડા, આફ્રિકા જેવા દૂરના દેશોમાંથી કાચાં દ્રવ્યો

શાંઘાઈ, એટલે કે સાગરમાંથી ઊપસી આવેલું. ચીનના મોટામાં મોટા બંદરે અને દુનિયાનાં ગણ્યાંગાંઠ્યાં મહાનગરોમાંના એક આ મહાનગરનું શાંઘાઈ નામ સાર્થ જ છે. ચીનની મોટી નદી યાંગત્સે નદીની સાથે જોડાતી નાની વાંગ્પૂ નદીને કાંઠે લગભગ ૨૧-૨૨ કિ.મી. જેટલા અને નગરના વસવાટ માટે બહુ યોગ્ય ન ગણાય તેવા કાદવિયા ભૂસ્તર ઉપર આ શહેર વસ્યું છે એટલું જ નહિ, ખૂબ વિકસ્યું છે. એક સદી અગાઉ એ વસ્યું ત્યારે તો નાનું માછીમાર ગામડું હતું અને એને ફરતો ગઢ હતો. લોકો માટે શુદ્ધ પીવાના પાણીની પૂરતી સગવડ ન હતી કે ન હતી ગંદાં પાણીના નિકાલની સગવડ. મકાનો બાંધવા માટે મજબૂત પાયા નાખી શકવાની સ્થિતિ નહોતી. પણ યાંગત્સે નદીના વિશાળ પટના પ્રવેશદ્વાર સમા સ્થાને તેનો વસવાટ હતો. ખેતી કરતાં ગામો અને કસ્બાઓનાં લાખો લોકો ત્યાં વસતાં હતાં, આટલા બધા માણસો જે કંઈ પેદા કરે તેના ગ્રાહકો પણ સામે એટલા જ મળી રહે. એટલે એમાં વેપાર અને કારખાનાં પણ એટલા જ નભે. વળી, આમાં આદાનપ્રદાન કરવાની પણ સગવડ - નદીના જળમાર્ગની મોટી સગવડ એટલે સરળ. જોકે આજુબાજુનાં ગામો વચ્ચે બસ, રેલમાર્ગ અને હવાઈમાર્ગની પણ સવલત હવે મળી રહે છે.

બીજા વિશ્વયુદ્ધ સુધીમાં દેશનો લગભગ અર્ધોઅર્ધ વહેવાર અહીં થઈને ચાલતો. દેશનાં અર્ધોઅર્ધ કારખાનાં અહીં હતાં અને ચીનનું મોટા ભાગનું મુદ્રણકામ અહીં થતું હતું.

બ્રિટિશોના આવ્યા પછી શાંઘાઈના વિકાસમાં વેગ આવ્યો. ગઈ સદીમાં ફ્રેંચ વેપારીઓ પણ આવ્યા. આ વિદેશીઓએ શહેરનો ઘણો ભાગ બાંધ્યો. મોટે ભાગે આવી ઇમારતો નદીકાંઠે હોઈ એ વિસ્તારમાં ભવ્ય મકાનો, મોટી હોટલ, બેંક, મોટામોટા વાતાનુકુલિત ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સ, સિનેમાઘરો, વિવિધ દફતરો વગેરે સાથે બંદર નજીક વિશાળ ગોદામો ઇત્યાદિ છે. જ્યારે જૂના ચીની વિસ્તારની સાંકડી ગલીઓ, ઉપરથી નીચે વંચાતાં ચીની લખાણોવાળાં બોર્ડ સાથેની નાની દુકાનો અને ગીચ અવરજવર જોવા મળે, શાંઘાઈમાં સંખ્યાબંધ સ્કૂલ-કૉલેજો પણ છે. હવે તો વિદેશીઓ ચાલ્યા ગયા પછી એમણે વિકસાવેલું નવું અને ચીનાઓએ વસાવેલું મૂળ જૂનું શહેર એમ બે મુખ્ય ભાગ અલગ તરી આવવા છતાં શાંઘાઈની આગવી બધી વિશિષ્ટતાઓ સાથે એ એક વિખ્યાત મહાનગર બની ગયું છે.

\- સં.

મેળવાય છે. પછી ત્રણ કાર્યો આ ફેક્ટરીમાં થાય છે – એમને રૂપ-આકૃતિ આપવાનું, કોતરણી કરવાનું. ને છેલ્લે બરાબર પૉલિશ કરી તૈયાર કરવાનું. એક કૃતિને પૂરી કરતાં કેટલો સમય લાગે તેનો આધાર એનાં આકૃતિ અને પરિમાણ પર હોય છે. નાની ચીજ કરતાં એક કળાકારને ૧૫ દિવસ લાગે, ને મોટી, જટિલ હોય તો એક જણને એક વર્ષ, બે વર્ષ કે એથી પણ લાંબો ગાળો થાય. કેટલી મહેનત, કેટલું કામ. ને દરેક કૃતિ – ફૂલ, પંખી, પ્રાણી, ફૂલદાન, ધૂપદાન, પુરાણકથામાંનાં પાત્રો વગેરે – અનિન્દ્ય હોય.

દુકાન તો આ ફેક્ટરીમાં પણ હતી, પણ આ વસ્તુઓ ઝટ પોસાય નહીં. એમાંની એકાદ ખરીદીએ તો મૂર્ખામી કરી હોય એવું જાતને જ લાગે ! બધી વસ્તુઓમાં એક મને અદ્ભુત લાગે છે. દંતશૂળના દડા જેવા ગોળ ટુકડાને એવી રીતે કોતરે કે દડાની અંદર દડો, એમ ત્રણ-ચાર, નાના થતા જતા દડા જોવા મળે. એક જ ગઠ્ઠો. એને અંદર-અંદર કોતરતા જવાનો. શું અસાધારણ દક્ષતા હશે એના કળાકારના હાથમાં.

કળાકાર, અને આ કળા જ નહીં, પણ આખા આયોજન પર મને માન થવા માંડ્યું છે.

બપોરનું ખાણું – ભાત, કૂબીનું શાક – ચીની રીતે, પણ સ્વાદ સારો. બીજાં બધાં માટે આઠેક ચીજો – બધી જુદીજુદી જાતના આમિષ સાથે.

નદી-કિનારે ખુલ્લામાં સારું લાગ્યું. હૂઆન્ગ્પુ નદીને તીરે વસેલા શાંઘાઈ શહેરના નામનો અર્થ 'દરિયાની તરફનું'-એવો થાય છે. નદી જ એટલી પહોળી છે કે દરિયા જેવી લાગે. બારે માસ એમાં વહાણોની અવરજવર ચાલુ રહે છે – શાંઘાઈના બંદરથી નીકળીને પાંત્રીસ માઈલે નદી ઈસ્ટ ચાઈના સમુદ્રને મળે છે. એની દક્ષિણેથી પ્રશાંત મહાસાગર શરૂ થાય. શાંઘાઈ ચીનના પૂર્વ કિનારા પર બરાબર મધ્યમાં આવેલું છે, ને ચીનનું સૌથી મોટું બંદર છે. જાપાનની સાવ સામે જ જાણે, ને પાસે પણ કેટલું ! પછી શું નવાઈ કે જાપાને ચીન પર રાજ્ય જમાવ્યું હોય. પણ આ બધી તો નકશો જોતાં જ ખુલ્લી થતી બાબતો. નરી આંખે તો નજીકનું જ જોઈ શકાય ને?!

આખું ગામ જ્યાં ચાલવા નીકળે છે તે, નદી પર બાંધેલા પહોળા ચલન-માર્ગવાળી, આ જગ્યાને દુનિયા 'બંડ' તરીકે જાણે છે. બીજા વિશ્વયુદ્ધ પહેલાં અંગ્રેજોએ એ શબ્દ આપણી જ ભાષા – હિન્દી, બંગાળી, ગુજરાતીમાંથી મેળવેલો ને શાંઘાઈના આ સ્થાન માટે પ્રચલિત કરેલો. એમના ઉચ્ચાર પ્રમાણે આપણો 'બાંધ' કે 'બંધ' અહીં 'બંડ' થઈ ગયો. (નોંધ તો કરું છું. જાહેર કરું તો કોઈ માનશે? પણ સંદર્ભો ક્યાંથી ક્યાં પહોંચતા હોય છે! આશ્ચર્યોથી ભરપૂર છે આ જગત.

પાણી સાવ ડહોળું ને કથ્થઈ રંગનું હતું. એના પર નાંગરેલાં

(અનુસંધાન પૃષ્ઠ ૧૭૩ પર)

ચાલ્કાત્ઝિન્ગો નગર જ્યારે મૅક્સિકાઓના કબજામાં આવ્યું ત્યારે તેની પ્રાચીનતા હજી જળવાઈ રહી હતી. પૂર્વે ત્યાં ઓલ્મેક લોકોએ એક પવિત્ર ગણેલા પહાડના મહોરા ઉપર અનેક પ્રકારનાં ભવ્ય કોતરકામ કરાવ્યાં હતાં. આગળ જતાં લોકોએ ત્યાં મંદિરો, ચોતરાઓ, ક્રીડાંગણો વગેરેની રચના કરી હતી અને એ પહાડની ગુફાઓમાં ચિત્રામણો પણ કર્યાં હતાં. આ ઉચ્ચ પ્રદેશને માટે ઇ. પૂર્વે ૧૦૦૦ આસપાસમાં બંધાયેલા બે બંધ આશીર્વાદ રૂપ હતા. આથી મૅક્સિકાઓ અહીં આવ્યા ત્યારે એમને અહીંથી અગાઉ મળી હોય તે કરતાં અનેક ગણી સમૃદ્ધિ મળી હતી.

ઇ. ૧૪૮૭માં આઝ્તેકોએ તેનોચ્તિત્લાનમાં મંદિર ખુલ્લું મૂકેલું ત્યારથી માનવ-બલિદાનનું એ કેન્દ્ર હતું. ચાલ્કાત્ઝિન્ગો નગર ઓલ્મેક લોકોને માટે વેપારવાણિજ્યનું પણ મોટું કેન્દ્ર હતું. એ પછી જે કોઈ લોકોએ અહીં શાસન કર્યું તેઓ ઉચ્ચ પ્રદેશો તથા કંઠારના પ્રદેશની વચ્ચેના વ્યાપાર-વ્યવહારના અહીંના મુખ્ય માર્ગો ઉપર પણ વર્ચસ ધરાવતા. ચાલ્કાત્ઝિન્ગો નામનો અર્થ 'ચાલ્કાઓનું નાનું સ્થાન.' આવા મહત્ત્વના વ્યૂહાત્મક મહત્ત્વ ધરાવતા સ્થાન પર કબજો મેળવીને મૅક્સિકાઓએ પોતાના વિકસતા સામ્રાજ્ય માટે ઘણું બધું પ્રાપ્ત કરેલું.

મૅક્સિકાઓએ અહીં જે ધાર્મિક ક્રિયાકાંડો અને ઉત્સવો કર્યાં તેની બધી વિગતો તો મેળવવી મુશ્કેલ છે. પણ એમના લશ્કરી ગવર્નરોએ અહીં માલિકાનાલ્કોનાં ગુફામંદિરોમાં જે ક્રિયાકાંડો ચલાવતા તેમાં મુખ્યત્વે માનવબલિદાનો આપતાં. જેમાંનો તેનોચ્ચિત્લાનમાં આહુઈત્ઝોત્લે ૧૪૮૭માં જે માનવબલિઓ ચઢાવેલા તે તો સમગ્ર આઝ્તેક સામ્રાજ્યના ઇતિહાસમાં દ્વિતિય છે. આહુત્ઝિોત્લે એ પ્રસંગે અન્ય નગરોમાંથી રાજાઓ અને ઉપરીઓને તો આમંત્રણ આપેલાં જ, ઉપરાંત, પોતાના શત્રુ શાસકોને પણ બોલાવેલા. એનો ઇન્કાર નહિ કરી શકતાં તેઓ સૌ આવેલા. મનાય છે કે તે વખતે ૮૦૪૦૦ જણનો બલિરૂપે વધ થયેલો. લાંબી લાંબી ચાર હરોળમાં તેમને બેસાડેલા. એના પ્રાંતપ્રદેશના બધા શાસકો અને શત્રુઓ ખાસ બનાવેલા સ્થાનેથી આ વધ નિહાળેલો.

ત્રેવડી સંધિ પ્રમાણેના સૌ સાથીઓ અને શાસકોએ પોતાના પૂરા રાજપોષાકમાં સજ્જ થઈને પુરોહિતો સાથે એ બલિદાનના કાર્યમાં જોડાવું પડેલું. તેઓ પેલા અભાગિયા કેદીઓના હાથપગ પકડતા અને વધ કરનારા તેમની છાતી ચીરી એમનાં હૃદય કાઢીને સૂર્ય તથા એમના દેવતાઓને ચડાવતા હતા. આ બલિદાનવિધિ સવારથી સાંજ સતત ચાર દિવસ ચાલેલો. કેટલાક પુરોહિતોએ તૂંબડાં ભરીભરીને લોહી એકઠું કરેલું તે બીજાં મંદિરોની ભીંતો, ને પગથિયાં પર છાંટ્યું. આટલા બધા એકઠા થયેલા માનવરક્તની દુર્ગંધ સમગ્ર વિસ્તારમાં ફેલાઈને અસહ્ય બની રહેલી.

આઝ્તેક સામ્રાજ્ય

કે. કા. શાસ્ત્રી

પોતાને આવા પ્રસંગે બોલાવીને સારી રીતે સાચવવા બદલ આભાર માની આમંત્રિતો સ્વસ્થાને પાછા ગયા ત્યારે તેમના મનમાં તો સમ્રાટ તથા આટલા બધા માનવ વધથી એક પ્રકારનો ગભરાટ અને વ્યાકુળતા ભરાઈ ગઈ હતી. હજી યે આ માનવવધનાં ચિત્રો ત્યાં સચવાઈ રહ્યાં છે. તેપોઝત્લાન નગર ત્યાં વિકસ્યું.

આ નગર ક્લેત્ઝાલકોઆત્લનું જન્મસ્થાન મનાય છે. ઇત્ઝકોઆત્લના સમયમાં એ આઝ્તેકની સત્તાએ આવ્યું, પણ ચિત્રહોટમાં તો આહુઈત્ઝોત્લના સમયનો નિર્દેશ મળે છે. તેપોઝતેકાત્લ દેવની પ્રતિમા ત્યાં હતી. લોકો તેને ખેતીનો દેવ માનતા હતા. તેપોઝતેકાત્લ એ સમયે સર્વેસર્વા સત્તાધારી હતો. એણે જ નગરને બીજાઓને ખંડણી ભરવામાંથી બચાવી લીધું હતું. સ્પેનિશ લોકોએ આ નગર ઇ. ૧૫૨૧માં કબજે કર્યું. ચિઆપાઝમાં આવેલા વેપારી સમૂહે પારતેકાઓ પર હલ્લો કર્યો ને ત્યાં કબજો મેળવ્યો. તેનોચ્ચિત્લાનમાં આ સમાચાર પહોંચતા રાજાએ બચાવ માટે સેના મોકલી. માર્ગમાં પારતેકાઓ લૂંટનો માલ મેળવી સમૃદ્ધ થયેલા જોવા મળ્યા. એ સમયે આકસાયાકાત્લનો પુત્ર અને આહુઈત્ઝોત્લનો ભત્રીજો એમની મદદે દોડી આવેલો. આ કુમાર સત્તા પર આવતાં મોકતેઝુમા-બીજાને નામે ઓળખાયો. વિજેતાઓને એ રાજધાનીમાં લઈ આવ્યો. ત્યાં તેનું સન્માન કરવામાં આવ્યું અને એને પોતાના અંગ ઉપર ઝરઝવેરાત ધારણ કરવાનો અધિકાર અપાયો. એ વિજયનો હેતુ તો વેપાર હતો, બાકી પ્રજા ઉપર મૅક્સિકાઓ એકંદરે તો જુલ્મગાર હતા.

આહુઈત્ઝોત્લના ભંડારો ભરપૂર હતા. વટાણાનો મબલખ ઉપયોગ થતો. ત્યારના રાજાએ એક ઝરા પર એક બંધ બધાવ્યો. એનું પૂજન વગેરે પણ થયું. પરંતુ બંધમાં પાણી ઊભરાતાં મકાનો અને ઊગેલા રોપાઓને ભારે નુકસાન થયું. અનેક લોકો પાણીમાં ફસાયાં. એ વખતે મોકતેઝુમા પહેલાએ સલાહ માટે આહુઈત્ઝોત્લે નેઝાહુમાલ્કોપીત્લના પુત્ર નેઝાહુઆલ્પિલ્લિને બોલાવ્યો.

સામ્રાજ્ય ત્યારે પ્રશાંત મહાસાગરથી મૅક્સિકોના અખાત સુધી અને નૈર્ઋત્યે ગ્વાતેમાલા સુધી વિસ્તરેલું હતું. આ સામ્રાજ્યમાં વચ્ચે વચ્ચે અવિજિત સ્વતંત્ર સત્તાઓ પણ હતી. અંદરોઅંદર કોલકરાર કરીને એકઠા થયેલા શત્રુઓનાં બંડબળવા કે આક્રમણોનો ભય પણ હતો જ. તેથી અગાઉની જેમ યોગ્ય બાળકને પસંદ ન કરતાં ચોત્રીસ વર્ષના સૈન્યોમાંના એકના સેનાપતિ મોકતેઝુમા કસોકાયોત્ઝિન ('યુવાન') એ ગંભીર અને સ્થિર સ્વભાવનો

હતો. પણ બોલે ત્યારે લોકો આનંદઉત્સાહમાં આવી જતાં. એને રાજા તરીકે પસંદ કરવામાં આવ્યો. પણ લોકો તો એ પહેલાંથી જ એની ધાકમાં રહેતાં અને એને માન આપતાં હતાં. પુરોગામીની નીતિરીતિઓમાં એણે પલટો આણ્યો. સામાન્ય દરજ્જાના માણસોને એણે દૂર કર્યાં અને માત્ર ઉમરાવવર્ગનાઓને અધિકારપદે લીધા. એનાં સૈન્યોએ વધુ વિજયો મેળવ્યા હતા પણ એની જાતિ સમન્વયાત્મક હતી. બળવાની સ્થિતિને નાથવામાં એને સફળતા મળ્યે જતી હતી. અત્યંત કડક હોવા છતાં પ્રજા પ્રત્યે એને વહાલ હતું. એ પાકો ગણતરીબાજ પણ હતો, અને બેશક એ ધર્માંધ હતો.

આરંભનાં વર્ષોમાં ધર્મધ્યાન, મંદિરો બનાવવાનું અને મંદિરે દર્શને જવાનું સતત ચાલતું. નેઝાહુઆલ્પિલ્લિએ એને દેવોની કૃપા તરફ લક્ષ આપવા કહેલું. એમણે આકાશીય ગ્રહો, ખાસ તો શુક્રના તારા વગેરે તરફ આદરમાનથી જોવાની અને જ્યોતિષનાં મુહૂર્તો પ્રમાણે કાર્યો કરવાની શિખામણો આપેલી.

મોક્તેઝુમા-૨ સમ્રાટ બન્યો તે અરસામાં વેપારીઓ સારી પેઠે સમૃદ્ધ થતા જતા હતા. નાગરિકોને ન્યાય મળતો. સામા થનારાઓને મૃત્યુદંડ સુધીની પણ સજા થતી. પોસ્તેકાઓ નજીકના પ્રદેશમાં રહેતા હતા. પોતાનાં મંદિરોમાં જ જતા અને બાળકોને પણ એવા જ સંસ્કાર અપાતા. એમના ઉત્સવો પણ આગવા હતા. વેપારીઓ સમૃદ્ધ હતા. પણ રાજકારોબારમાં એમને પ્રવેશ નહોતો. ગરીબી અને ભયમાં જીવતા મૅક્સિકાઓ હકીકતે વિજેતા પ્રજા હતા. કેટલાક હજી ગરીબ તો કેટલાક ચડતી પર, કેટલાક પોતાનો ભપકો બતાવનારા હતા. આહુઈત્ઝોત્લે.બહાદુર પોચ્તેકાઓને દરબારમાં આવકાર આપ્યો હતો. એના અનુગામીએ હોદ્દાઓના વિષયમાં કડક વિભાગ કર્યા હતા. ઉચ્ચતમ અમલદારો 'તેકુત્લિ' (ઉમરાવ હતા) એ સેનાપતિઓ, ન્યાયાધીશો, નગરના કે જનપદના રાજ્યપાલો હતા અને ઉચ્ચસ્તરીય ગણાતા. આ લોકો મહેલોમાં રહેતા, ભપકાદાર પોશાક પહેરતા તથા ખેતીની જમીનો ધરાવતા. પણ એ સમ્રાટ તરફથી મળેલા હોદ્દા હતા. એક વિશિષ્ટતા હતી કે એ કોઈ પોતાની પાછળ પોતાના પુત્રને અધિકાર આપી શકતો નહિ.

રાજાની પસંદગી પ્રમાણે જ કુટુંબમાંના પદવીધારીને પસંદ કરવામાં આવતો. જોકે હંમેશાં આમ થતું નહિ. પડોશના મુખીઓ અને એમને માર્ગદર્શન આપતા વડેરાઓનો ઉપરનાથી ઊતરતો વર્ગ હતો. તેઓ જનપદોનાં દફતર અને વસ્તીગણતરીનાં અદ્યતન અહેવાલ રાખતા. સામાજિક સેવકો દરેક મકાનની પ્રવૃત્તિઓની નોંધ રાખતા, જેમાં કરવેરા, જાહેર કામો, અને લશ્કરી સેવા નોંધાતાં. આ લોકોની સંખ્યા અગ્રગણ્ય હતી.

એ રીતે ઓછી જવાબદારીવાળા ઉચ્ચ દરજ્જાના જનોમાંથી ધર્મગુરુઓને પસંદ કરવામાં આવતા.

તેનોચ્તિત્લાનમાં કોઈ પણ હોદ્દાધારી ઉપર 'ત્લાનોઆતિ'ની સત્તા હતી. ધાર્મિક રીતરિવાજને માન આપવા બંધાયેલા હોવા છતાં ધર્મ અને સરકારમાં એ સર્વસર્વા સમ્રાટ હતો. તેઝ્કાત્લિપોકાનો પૃથ્વી ઉપરનો એ પ્રતિનિધિ ગણાતો, એનો એ અવાજ હતો અને એની એ ક્રિયા હતી.

સમ્રાટ બલિષ્ઠ વૃક્ષ જેવો હતો, જેણે પોતાની વિસ્તૃત ડાળીઓ પ્રજાના રક્ષણ માટે વિસ્તારી હતી. ભારથી લદાયેલા ગુલામ જેવું એનું રાજત્વ હતું. નગરનો એ માતા-પિતા જેવો હતો. રાજાશાહી જીવનને હળવાશથી નહોતું જોવાતું. રાજા પોતાના પુત્રોને પોતાની જવાબદારીઓનો પૂરો ખ્યાલ આપતો.

મોક્તેઝુમા-૨ સૌથી મોટો પુત્ર ન હતો, પરંતુ ઉમરાવોની નજરે એ ઉત્તમોત્તમ ક્ષમતા ધરાવતો હતો. એના પ્રપિતામહનો અભિષેક થયો એના છ દાયકા પછી એ જ પવિત્ર દિવસે એને ઉત્તમોત્તમ પોષાક પહેરાવી એનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો હતો. રાજ્યાભિષેક પહેલાં એણે હુઈત્ઝિલોપોચ્તિલાના ધર્મગુરુ તરીકે સેવા આપી હતી. રાજ્યાભિષેક વખતે બલિ આપવા માટે ૫૧૦૦ યુદ્ધકેદીઓને એ જીતી લાવ્યો હતો. રાજસત્તા હાંસલ કર્યા પછી પોતાના પૂર્વજો કરતાં એણે એક કદમ આગળ ભર્યું. પોતાની જાતને એણે અવિવાદિત રીતે અર્ધ દૈવી જાહેર કરી. અને પોતાના મહેલને 'દેવભવન' જાહેર કર્યું. ઘણાખરા ઊતરતી જાતિના હતા તેથી આહુઈત્ઝોત્લે નીમેલા બધા જ અમલદારોને એણે છૂટા કર્યા હતા. માત્ર શુદ્ધ જન્મના ઉમરાવો જ એની ખિદમતમાં નીમવામાં આવેલા. પોતાના સાવકા ભાઈઓને પણ પાત્ર ગણ્યા નહોતા, કારણ કે એમની માતાઓ રાજકુળની નહોતી.

એની મુલાકાતે ઉમરાવો પૂરી નમ્રતાપૂર્વક અને યોગ્ય પોષાક પહેરીને અદબપૂર્વક આવતા. એ પોતે કિંમતી વસ્ત્રાભૂષણો જ ધારણ કરતો અને વાળ્યા વિનાની જમીન ઉપર ચાલતો નહિ. એનાં પગરખાં પણ સોને મઢેલાં રહેતાં. એના મહેલમાં હજારો નોકરો હતા. પોતાના અમલદારો વિષેની કોઈપણની ફરિયાદ એ સાંભળતો. અમલદારો એની આંખમાં આંખ મેળવી કંઈ કહી શકતા નહિ. એ આવે ત્યારે સૌએ માથું ઝુકાવીને જ ઊભા રહેવું પડતું. કોઈએ પણ જો એની સામે નજર કરી તો એને મૃત્યુદંડની સજા થતી. લોકોએ એનો ચહેરો જોયો જ નહોતો.

આ સખ્તાઈ-ભરેલો માનવદેવ બધી સત્તા ધરાવતો તે સાથે જ્યોતિષિક જવાબદારીનું પણ એ કેન્દ્ર હતો. દિવસો, મહિનાઓ, ઋતુઓ અને વર્ષોના ચક્રમાં મૅક્સિકા અને એમના દેવો પરસ્પરના આધારના અકુદરતી ચક્રમાં જડાયેલા હતા. દેવોની કૃપા વિના માનવવંશનો નાશ થઈ જાય એવી દૃઢ માન્યતા તેમનામાં પ્રવર્તતી હતી. લોહીયાળ બલિદાનાત્મક વિધિ દરેક રાજ્યના કાળમાં વધતો જતો હતો. એવી પણ એક માન્યતા હતી કે એવા વિધિ ન થાય તો દેવો અલોપ થઈ જાય.

(ક્રમશઃ)



કલાવાર્તા


સ્વયંશિક્ષિત ચિત્રકાર
હીરાલાલ ખત્રી

આ માસ એપ્રિલમાં અમદાવાદમાં સ્વ. હીરાલાલ ખત્રીનાં ચિત્રોનું એક પ્રદર્શન યોજાયું છે. પોટ્રેટ બનાવવામાં એમના જેવો અચ્છો ચિત્રકાર ગુજરાતમાં ભાગ્યે જ મળે. ચિત્રકલામાં આજે ભલે પોટ્રેટ પેઈન્ટિંગનું બહુ મહત્ત્વ ન ગણાતું હોય, પણ પાંચછ દાયકા પહેલાં સ્થિતિ જુદી જ હતી. ચિત્રકારને માટે કમાણીનું એ જ મુખ્ય માધ્યમ હતું. હીરાલાલભાઈએ પણ એ દૃષ્ટિથી એને વ્યવસાય તરીકે અપનાવેલો અને એમાં એમણે ખાસ્સી એવી સિદ્ધિ મેળવી હતી. એમણે કાડવાળો સ્ટૂડિઓ પણ બનાવેલો અને કાડભર્યું એમનું જીવન હતું. સ્ટૂડિઓમાં એમણે એક આર્ટગેલેરીઓ પણ બનાવેલી. કદાચ અમદાવાદમાં એ પહેલી આર્ટ ગેલેરી હતી. પણ ૧૯૪૦ના અમદાવાદનાં કોમી રમખાણોમાં એ સ્ટૂડિઓ અને ગેલેરી આગમાં ભસ્મિભૂત થયાં. એમાં એમણે એકઠી કરેલી દેશવિદેશનાં ચિત્રકારોની કૃતિઓ, એમણે પોતે કરેલાં સુંદર ન્યૂડ સ્ટડીઝની કૃતિઓ, એમને મલેલાં ચંદ્રકો, પ્રમાણપત્રો અને અન્ય માલમત્તા બળી ગઈ, પણ ધૈર્ય ખોયા વિના ૧૯૪૪માં ફરી નવો સ્ટૂડિઓ ઊભો કર્યો, જે આજે યે ચાલે છે. પોટ્રેટ્સમાં ત્વચાના ચિત્રણમાં તો એ ખાં હતાં. એમણે ચીતરેલાં ગાંધીજી, સરદાર પટેલ, દાદા માવલંકર તથા બીજા કેટલાંકનાં પોટ્રેટો તો ભાવાભિવ્યક્તિની ટોચે પહોંચેલાં છે. આમાં યે દાદા માવલંકરનું પોટ્રેટ તો એમણે જાહેરમાં એક બેઠકે જ પૂરું કરેલું. બાપુનું દાંડીકૂચ વેળાનું ચિત્ર જોઈ નેતાજી ખૂબ પ્રભાવિત થયેલા અને હરિપુરા અધિવેશનમાં સમિતિ ખંડની મધ્યમાં એ ચિત્ર મુકાયેલું.

સવારે નવ વાગ્યે એ સ્ટૂડિઓ પર અચૂક હાજર હોય જ. ઇ. ૧૯૦૬માં અમદાવાદમાં એમનો જન્મ થયેલો. ૧૯૨૦-૨૧માં એમણે ચિત્રકલાની ગ્રેડ પરીક્ષાઓ આપેલી. એ જ અરસામાં વણાટમાં પાવરધા પિતાની આર્થિક સ્થિતિ બહુ કથળી ગઈ. કમાણી કરવાની જવાબદારી હીરાભાઈને શિરે આવી પડી. નોકરીની શરૂઆત અમદાવાદના જાણીતા પેઈન્ટર ઠાકર અને રાવળની કંપનીથી કરી. સાઈન બોર્ડથી માંડી ઇલસ્ટ્રેશન, સ્લાઈડ વગેરેનું જેવું મળ્યું તેવું કામ કર્યું. વળતર મળતું રોજનો રૂપિયો દોઢ. પછી પરીખ સ્ટૂડિઓમાં જોડાયા. ત્યાં પરદેશના ઉસ્તાદ કલાકારો વિષેનું પુસ્તકો વગેરે દ્વારા રેમ્બ્રાં, વર્મીઅર, રૂબેન્સ વગેરેના કામથી વાકેફ થયા. ૧૯૨૯માં કમાવાના આશયથી હુબલી ગયા ને પાછા આવ્યા. બીજા પણ ત્યારના જાણીતા ચિત્રકારો પાસે કામ કરીને મોટાં કદનાં ચિત્રો કરવાનો પણ અનુભવ લીધો. આ બધાં કામમાંથી જ તેમને ચિત્રકામનું શિક્ષણ મળ્યું. કોઈ ગુરુ પાસે બેસીને એમણે રીતસરની દિક્ષા વિના સતત કામ અને ખંત દ્વારા જ પોતાનો વિકાસ સાધેલો.


કલાકાર આલમેલકરે કલાના શ્રીગણેશ એમની પાસે માંડેલા. શ્રીકાંત અને શ્રી કૃષ્ણ ખત્રી તેમના મદદનીશ હતા. પુત્રોએ પણ એમનો વારસો મેળવ્યો. પ્રફુલ્લ અને પુષ્પ સાથે રહી સ્ટૂડિઓમાં કામ કરે અને ગિરીષ ખત્રી સારા ચિત્રકાર અને ફોટોગ્રાફર હોવા સાથે આજે વડોદરાની કલાશાળામાં પ્રાધ્યાપક છે.

વ્યાવસાયિક છબીચિત્રણા ઉપરાંત એમણે સર્જનાત્મક કૃતિઓ






હીરાલાલ ખત્રીએ કરેલાં ત્રણ સુંદર પોટ્રેટ્સ







ગાંધીજી, દાદાસાહેબ માવળંકર અને સરદાર વલ્લભભાઈ
હીરાલાલ ખત્રીનાં વિખ્યાત પોટ્રેટ્સ. જમણી બાજુ એમના
એકમાત્ર ચિત્રસંપુટ 'જ્યોતિદર્શન'માંનું એક ચિત્ર 'આરાધના'



પણ કરેલી. રંગોને પેલેટ ઉપર ઘૂંટવાને બદલે સીધા કેનવાસ ઉપર જ મેળવવાની એમની સચોટ અને આગવી ખાસિયત હતી. રંગ કેનવાસ પર મૂકે ત્યારે પાત્રનાં વસ્ત્રો હોય કે ચહેરો, છૂટા હાથે મૂકેલા રંગો વડે પોત જાળવીને પીંછી ફેરવે. કારીગરમાંથી કલાકાર બનનાર એમણે કોઈ ગુરુ પાસે રીતસરનું શિક્ષણ ભલે ના લીધું હોય, પરન્તુ કમાલની સિદ્ધિ હાંસલ કરેલી. પશ્ચિમી કલારીતિ અને ઑઈલ પેઈન્ટિંગ ટેક્નિકના એ પૂરા માહેર હતા. બૉમ્બે આર્ટ સોસાયટી, ઍકેડેમી ઑફ ફાઈન આર્ટ, કલકત્તા, મહારાષ્ટ્ર આર્ટ એસોસીએશન, પૂના આર્ટ એક્ઝિબિશન, નાગપુર સ્કૂલ ઑફ આર્ટ સોસાયટી, નોર્ધન ઇન્ડિયા આર્ટ એક્ઝિબિશન, લુધિયાણા, મૈસુર દશેરા આર્ટ એક્ઝિબિશન, ઇન્ડિયન એકેડેમી ઑફ ફાઈન આર્ટ્સ, અમૃતસર, અને ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીનાં ઇનામો એમને મળ્યાં છે. અમૃતસરથી તો એમને છ ઇનામો મળેલાં. 'જ્યોતિદર્શન' નામે એક રંગીન ચિત્રસંપુટ પણ એમણે પ્રકટ કરેલો, જે અત્યારે તો અપ્રાપ્ય છે. દિલ્હીની ઑલ ઇન્ડિયા ફાઈન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ સોસાએટીએ ૬૦થી વધુ વર્ષની વયના કલાકારોને સન્માન્યા તેમાં હીરાભાઈનો પણ સમાવેશ હતો. ૧૯૮૭માં થયેલા રાજ્ય કલાપ્રદર્શન વખતે દબદબાપૂર્વક તેમનું સન્માન કરેલું. ગાંધીઆશ્રમ અને અમદાવાદ નગરપાલિકાએ પણ એમનું આદર સાથે સન્માન કરેલું. ઇ. ૧૯૯૧ની ૨૩ એપ્રિલે એમનું અવસાન થયું ત્યારે ગુજરાતે એક સિદ્ધ પોટ્રેટ ચિત્રકાર ગુમાવ્યો છે.

- નટુ પરીખ

સાહિત્યસંપર્ક

ઇંગ્લન્ડ - અમેરિકાનાં પુસ્તકાલયો

'અરે ! તમને આટલો બધો વખત પરદેશમાં કેમ ગમ્યું ?' ભારત આવ્યા પછી આવા પ્રશ્નો પુછાયા. મને પણ થતું હતું કે 'હું અમેરિકામાં શું કરીશ ?' પુસ્તકાલયનો પરિચય થયો અને અણગમાનો પ્રશ્ન શમી ગયો.

અમેરિકા-ઇંગ્લન્ડનાં વિશાળ રસ્તા અને સમૃદ્ધ પુસ્તકાલયો જોઈને જ આકર્ષણ થઈ ગયું. ચાલતાં ચાલતાં જ પુસ્તકાલય જતાં જતાં ઈશ્વરદર્શન થઈ જતું.

અમેરિકા કે ઇંગ્લન્ડમાં તમને નાનામાં નાના ગામડામાં પણ સારાં સારાં પુસ્તકોથી સજ્જ પુસ્તકાલયો જોવા મળશે. અદ્યતન સાધનો આ પુસ્તકાલયમાં હોય જ. પુસ્તકાલયના કાર્યકર્તાઓ સ્વયંસેવકો હોય છે. પોતાનો સમય સારી રીતે પસાર કરવા શોખથી અવેતન સેવા આપતા હોય છે.

જાહેર પુસ્તકાલયો ઘણુંખરું ગામની મધ્યમાં આવેલાં હોય છે, જેથી જાહેર જનતાને જવાનું સુગમ પડે. મકાન ભવ્ય અને સાધનસજ્જ હોય છે. આજુબાજુ નાનકડો બાગ, જ્યાં થોડાક બાંકડાઓ હોય. બાળકોને રમવા માટે હીંચકા, લપસણી વગેરે પણ હોય. મોટાંમોટાં બેચાર ઝાડ હોય. એની નીચે બેસીને શાંત-સાત્ત્વિક વાતવરણમાં ચોપડી વાંચવાની બહુ જ મજા આવે.

પુસ્તકાલયમાં હું અંદર ગઈ. સાવ શાન્તિ. કેટલાં બધાં લોકો ! શિસ્ત સાક્ષાત ત્યાં ફરતી હોય એવું લાગે. જતાં જ એક ઉપલક દૃષ્ટિ કરી. સામે કાઉન્ટર હતું. પુસ્તક લેવા-દેવાનું કામ ચાલતું હતું, ટેલિફોનની રિંગ વાગતી હતી, વાતો ચાલતી હતી. પણ એકદમ ધીમેથી. -

અહાહાહા.... આ જગ્યાએ જગ્યાએ કમ્પ્યૂટર શા માટે હશે ? આ કોમ્પ્યૂટરથી તમે તમારે જે જોઈતી હોય તે ચોપડી છે કે નહીં ? હોય તો ક્યાં છે ? વગેરે માહિતી મળવી શકો. ધારો કે તમારે જે ચોપડી જોઈતી હોય એનું શીર્ષક જ જાણતા હો, બીજું કાંઈ જ જાણતા ન હો, તો આ કમ્પ્યૂટરનું બટન દબાવો એટલે એ શીર્ષકવાળી જેટલી ચોપડીઓ હોય અને એના જેટલા લેખકો હોય એ વિશેની વિગતવાર યાદી આવી જાય. ચોપડી આ પુસ્તકાલયમાં છે કે નહિ, હોય તો એનો ક્રમાંક સવિસ્તર આવી જાય. ત્યાં કાગળ પેનસિલ પણ હોય. માહિતી લખીને એ પ્રમાણે ચોપડી લઈ શકાય. આ કમ્પ્યૂટર કેમ વાપરવું એનું માર્ગદર્શન પણ આપ્યું હોય.

આમ પણ જો ચોપડી ન મળતી હોય તો ત્યાં સ્વયંસેવકો ઊભા જ હોય. એમને પૂછીએ, ઘણુંખરું તો તેઓ જ આવે અને પૂછે 'May I help you ?' પછી Reference Bookમાં જોઈ શોધી આપે. જો પુસ્તકાલયમાં એક પુસ્તક ન હોય તો એ તમારું સરનામું અને ટેલિફોન નંબર લખી લે. જ્યારે તમારી ચોપડી આવી જાય ત્યારે ફોન કરે કે 'તમારી ચોપડી આવી ગઈ છે. બે દિવસમાં લઈ જજો.' આટલું જ નહિ પણ, તમારે કોઈ નવી ચોપડી બહાર પડી હોય, એ જોઈતી હોય અને એ જો પુસ્તકાલયમાં ન હોય તો એ લોકો ખરીદી લે. જ્યારે આવે ત્યારે તમને જણાવે. આ નવાં પ્રકાશનો આઠ દિવસની લોન પર મળે. તમે મગાવી હોય એટલે પહેલા આઠ દિવસ માટે તમને મળે. પછી તમારે પાછી આપી દેવાની. તમારે વાંચવાની બાકી હોય તો બીજાં બધાં વાંચી લે પછી તમને પાછી આપે.

પુસ્તકો ત્રણ અઠવાડિયાં માટે મળે. સમય પ્રમાણે ન આપો તો દંડ, બહુ થોડો, પણ ભરવો તો પડે જ. પુસ્તકો પાછાં આપવા માટે પણ કેવી સરસ સગવડ !! ધારો કે તમે પુસ્તક આપવા ન જઈ શક્યા અને પાછી આપવાની અવધિ રવિવારે હોય કે કોઈ રજાનો દિવસ હોય, પુસ્તકાલય બંધ હોય તો બહાર કંપાઉન્ડમાં પુસ્તક આપવા માટે 'પુસ્તક પેટીઓ' હોય. એમાં પુસ્તક અંદર નાખી શકાય એવી જગ્યા હોય. બસ, બહારથી જ એમાં પુસ્તક નાખી દો. કાંઈ મુશ્કેલી નહિ. આ પુસ્તકપેટીઓમાંથી રોજ પુસ્તકો કાઢી લેવામાં આવે. કેટલું સરસ, નહિ ?

આવાં પુસ્તકાલયોમાં ઘણુંખરું ઇંગ્લિશમાં લખેલી જ ચોપડીઓ મળે. મોટા મોટા માણસનાં જીવનચરિત્રોની ચોપડી મળી રહે. એમાં ગાંધીજી, નેપોલિયન કે માર્ટિન લ્યૂથર કિંગ વગેરે બધાંના વિશેની ચોપડી હોય. પણ ઇંગ્લિશમાં લખાઈ હોય. આપણે ત્યાંના સંસ્કૃત સાહિત્યની ચોપડીઓ ઘણી હતી. સંસ્કૃત ડિક્ષનરી પણ હતી. આવી જે સંદર્ભ માટેની ચોપડી હોય એ ઘેર લઈ જવાની ન હોય. ત્યાં બેસીને જ એનો ઉપયોગ થઈ શકે.

આ પુસ્તકાલયમાં ચોપડી ઉપરાંત સારા સારા કવિનાં કાવ્યોની, સ્પષ્ટ ઉચ્ચારમાં બોલાયેલી ઓડિયો કસેટ હોય. નાટકની વિડિયો કસેટ પણ હોય. એ પણ તમે નિયમ પ્રમાણે ઘેર લઈ જઈ શકો.

જેવી સગવડ મોટાંઓ માટે એવી જ સગવડ નાનાં બાળકો માટે પણ રાખવામાં આવી હોય છે. જરા દૂરને છેડે બાળકોનો ઓરડો - ખાસ્સો મોટો - હોય એમાં બાળ-સાહિત્ય તો હોય જ પણ રમકડાં, પઝલ્સ વગેરે જાતજાતનું હોય. કમ્પ્યૂટર પણ હોય જેનો ઉપયોગ બાળકો છૂટથી કરતાં હોય છે. બાળકો રમતાં હોય ત્યાં માતાઓ ચોપડીઓ વાંચતી હોય છે.

બાળકો માટેના 'વાર્તાકથન' સારુ સ્વૈચ્છિક રીતે લોકો સમય આપતા હોય છે. બાળકો પોતાની શાળાનાં પ્રદર્શનોમાંથી કલાકૃતિઓ લાવીને પુસ્તકાલયને ભેટ આપે છે. તો વડીલોનું લેખકમિલન કે કવિમિલન

કે અભ્યાસવર્તુળ ત્યાં જ ચાલતું હોય છે.

બીજો ધ્યાન ખેંચે એવો વિભાગ 'માહિતી વિભાગ' છે. પુસ્તકાલયની બહાર જુદા જુદા stand પર જાત, જાતની ગામમાં ચાલતી પ્રવૃત્તિ વિશેની પત્રિકાઓ ગોઠવેલી હોય. આમાં શાળા - મહાશાળા-યુનિવર્સિટી વગેરેના કોર્સ તેમજ પ્રવૃત્તિ વિશે પ્રાથમિક સમજણ આપી હોય. સાંજના વર્ગો ચાલતા હોય એની પણ માહિતી-પુસ્તિકાઓ હોય. ઉપરાંત Travel-Tourism Picnicનાં સ્થળોએ જવું હોય તો એની પત્રિકાઓ પણ મળે.

આ પુસ્તકાલયમાંથી પુસ્તક લઈને બહાર નીકળો ત્યારે જો પુસ્તકમાં સિક્કા મારવામાં કે એવી કંઈ ભૂલ રહી ગઈ હોય તો સીટી વાગે એટલે કાઉન્ટરવાળાં બહેન કે ભાઈ તમને પાછા બોલાવે. ભૂલ સુધારીને પછી તમને Thank you કહી Bye bye કરે.

આવાં સરસ પુસ્તકાલયની સભ્ય ફી શું હશે ? તમને કલ્પના પણ નહિ હોય કે આ બધી સેવાઓ મફતમાં મળે છે. સભ્યકાર્ડ જોઈએ. એને માટે Driving License કે પરદેશી હોય તો Passport જોઈને સભ્ય-કાર્ડ આપે. બીજી કોઈ પણ જાતની વિધિ કરવાની જ નહિ. આ સભ્યકાર્ડ બતાવો એટલે સામાન્ય રીતે છ ચોપડી લઈ જઈ શકાય.

ઇંગ્લન્ડમાં T.V. પર 'Master Mind' નામની બુદ્ધિની બહુ જ ઊંચી કક્ષાની ક્વીઝ આવતી હતી. પીએચ.ડી. ભણેલા લોકો માંડ માંડ જવાબ આપી શકે એવા પ્રશ્નો પુછાય. આ ક્વીઝમાં એક ટેક્સીવાળો વિજેતા બન્યો હતો. એ પુસ્તક્લાયનો પણ એટલો જ ઉપયોગ કરે. વાંચનશોખ ખૂબ અને આથી આવી ખૂબ અઘરી ક્વીઝમાં પણ ભલભલાને હંફાવીને સૌપ્રથમ વિજેતા બન્યો.

જે દેશનાં નાગરિક આટલાં મહેનતુ અને જ્ઞાનપિપાસુ હોય એ દેશ આગળ આવેજ ને ? - તરલિકા આચાર્ય

ગઝલના ગગનમાં-૪



હરેશ તથાગત

ગુજરાતમાં ગઝલના આરંભકાળથી જુદાં જુદાં ગામ - નગરો ગઝલ-પ્રવૃત્તિથી ધમધમતાં રહ્યાં છે. સૂરત - રાજકોટ - ભાવનગરમાં આજે પણ ગઝલકારોની નિયમિત બેઠક - સાહિત્યવર્તુળો-મુશાયરા વગેરે પ્રવૃત્તિઓ ચાલી રહી છે. રાજકોટ તેમાંનું એક. રાજકોટના બે ત્રણ ગઝલકારોનું ગઝલસર્જન આપણને તેમની શક્યતાઓની દિશામાં વિચારતા કરે તેવું છે. તેમાંનું એક નામ છે હરેશ તથાગત.

ગઝલ સંભળાવવા કે ગઝલકારને મળવા માટે કોઈપણ ખૂણે પહોંચી જવાની ધગશ ધરાવતો, મૂડ આવે તો રાજકોટથી અમદાવાદ સુધી મોપેડ ઉપર મુસાફરી કરી દેનાર રાજકોટનો હરેશ તથાગત એટલે જ આપણે થોડા વર્ષો પહેલાં હરેશ લાલના નામે જેને ઓળખતા હતા તે જ ગઝલકાર.

'ગુજરાતી ગઝલ : ગતિ અને ગરિમા' વિષય ઉપર ૧૯૯૦માં પીએચ.ડી.ની ડિગ્રી મેળવનાર અને વ્યવસાયે શિક્ષક એવા હરેશ તથાગતનો જન્મ ૧-૧૨-૧૯૫૫ના રોજ થયો હતો. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી એમ.એ.માં પ્રથમ વર્ગમાં પ્રથમ આવનાર આ ગઝલકારની ગઝલો છેલ્લાં વીસ વર્ષથી વિવિધ સામયિકો અને મુશાયરાઓ દ્વારા માણતા આવ્યા છીએ. ૧૯૭૪માં 'એટલે' ગઝલસંગ્રહથી શરૂઆત કરનાર હરેશે ૧૯૭૮માં 'સિસીફસ' ૧૯૯૦માં 'અલબત્ત,' ૧૯૯૪માં 'સાક્ષીભાવ' ગઝલસંગ્રહો આપ્યા છે. 'અત્તરની સુરાહી', 'આટલામાં ક્યાંક', 'અંતરવીણા,' 'કૃષ્ણગાન,' તેનાં સંપાદિત પુસ્તકો છે. ઉપરાંત ગઝલ-ત્રૈમાસિક 'ધબક'ના સહતંત્રી અને 'પોએટ્રિ' (દ્વૈમાસિક)ના પરામર્શક છે. આ પેઢીના ગઝલકારોની એ વિશેષતા છે કે ગઝલને માટે કશું કરી છૂટવા એકનિષ્ઠ પ્રયત્નશીલ રહ્યા છે.

છે નજર સામે જ તોયે કોઈને દેખાય છે ક્યાં ?
શ્વાસ ખુદ વણકર બનીને મૃત્યુની ચાદર વણે છે.

*

એ શક્ય છે હવામાં લખું નામ એમનું,
કાગળ લખી શકાય, હવે શક્યતા નથી.

*

પોતા સુધી ગયો કે ન બીજા સુધી ગયો,
માણસ જઈ જઈને મ્હોરાં સુધી ગયો.

*

યુગોયુગ રામ ધોખામાં પડે છે, જાનકી પણ-
બધાં ઇચ્છા કહે છે એજ સોનેરી હરણ છે.

*

સંબંધ તો છે સ્નેહની કંકાવટી,
જેમાં ઉદાસી રોજ ઘોળ્યે રાખવી.

*

ઘર હતું, ત્યારે થતું કે કોઈનો કાગળ નથી,
ને છેક મોડે પત્ર આવ્યો કોઈનો તો ઘર નથી.

*

માવઠું વરસી પડ્યું રૂમાલમાં,
ડૂસકે ડૂબી પ્રતીક્ષા, સાંજ પણ.

*

તું છુપાવે છે ઘણુંયે પત્રમાં પણ,
અક્ષરો રેલાઈ જઈ સઘળું કહે છે.

*

સોચ: તારી હાજરીનો કેટલો મહિમા હશે ?
રૂબરૂ તું હોય ત્યારે હુંય ભૂલું છું મને.

- રાજેશ વ્યાસ 'મિસ્કીન'

જંગલ

મૂળ લેખક કૃષ્ણ આલનહલ્લી અનુ. પ્રફુલ્લ રાવલ

કિટ્ટી ખૂબ ખુશ હતો. કાલે સાંજે નાટક હતું અને આજે હોસૂરમાં રથોત્સવ અને રંગની રમત. દિવસ ઊગે તે પહેલાં જ દાંત કચકચાવતી ઠંડીમાં તે બધાં કપડાં ઉતારીને સ્વયં જ સ્નાન કરવા લાગ્યો. મામી આવીને એના હાથ-પગ ધોવા માંડશે તો મોડું થઈ જશે, એ બીકે એણે ઝડપથી નાહી લીધું. કિટ્ટીની ઝડપ જોઈને કમલમ્માને હસવું આવી ગયું. ન જાણે કશુંક ખાઈને પણ જશે કે નહીં, એવું વિચારીને એણે બે 'વડચલિગે' બનાવીને એને આપી દીધા. ઝડપથી ખાઈને મામીએ આપેલા બે આના ખિસ્સામાં મૂકીને તે સીધો નાગીના ઘર બાજુએ નીકળી પડ્યો. નાગી બેઠી બેઠી રડી રહી હતી. નાગીના પિતા ગૌશાળા પાસે પડેલા લાકડા પર પગ વાળીને બેઠા હતા. ઘરમાં કચરો એમ જ પડ્યો હતો. ગૌશાળાના પશુઓને ત્યાં લાવીને બાંધવામાં આવ્યાં નહોતાં. કિટ્ટી નિરાશ થયો. નાગીએ હજુ સુધી મોં નહોતું ધોયું. આ લોકોને થયું છે શું ? આમ કેમ બેઠાં છે ? કાલે સાંજે મામાએ કહ્યું હતું, નાગીને હોસૂરના રથોત્સવ માટે લઈ જવી છે. કિટ્ટીએ વરંડામાં આવીને નાગીને કહ્યું : 'તારી નાની માએ મનાઈ કરી છે કે શું, નાગી ?' આ સાંભળીને નાગી ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગી. કિટ્ટીને ખૂબ વિચિત્ર લાગ્યું. વચ્ચેનો ઓરડો, રસોડું – બધી જગ્યાએ જઈને જોયું. ક્યાંય નાની મા કલ્યાણી જોવામાં ન આવી. સવારે-સવારે ચૂલો પણ સળગ્યો નહોતો. ક્યાં ગઈ હશે ? ઘણું પૂછવા છતાંય નાગી ચૂપ રહી.

કિટ્ટી નાગીના પિતા પાસે ગયો. પરંતુ કિટ્ટીના સવાલનો જવાબ સિંગપ્પગૌડાને ન સૂઝ્યો. એ બેઠા બેઠા ઊંઘની ખુમારીમાં ઊભેલી ગાયને જોતા રહ્યા હતા. કિટ્ટીએ વિસ્મયથી એની સામે જોયું. ઝાડીની જેમ ફેલાયેલી દાઢી-મૂંછ. થોડાક સફેદ વાળ, કાળા વાળનો પહેરો ભરતા હતા. કાનમાં મોટી મોટી વાળી. એમનું આ રીતે બેસવું એણે આજે પહેલીવાર જોયું હતું. તેને જોઈને એ પાનથી ભરેલું મોં ખોલીને થૂંકીને હસતાં હસતાં તેને પોતાની પાસે બોલાવતા હતા. પરંતુ આજે આમ કેમ બેઠા છે ? કિટ્ટી એમનું ખમીસ ખેંચીને પૂછવા લાગ્યો : 'કલ્યાણી ક્યાં છે ?'

સિંગપ્પગૌડાનો ચહેરો દુઃખથી ખીન્ન થઈ ગયો. લાંબો શ્વાસ લેતાં લેતાં એ વિચારતા હતા. નિર્દોષ એવા આ બાળકને શું કહું કે કલ્યાણી કોની સાથે ક્યાં જતી રહી છે. રડવાનું ન રોકાયું તો રડતાં રડતાં બોલ્યા : 'ગઈ કિટ્ટી, ગઈ ! હવે આ ગામમાં ઊંચું માથું કરીને નહીં ચાલી શકું એવો કરી ગઈ એ મને.' કિટ્ટી ત્યાંથી તરત ઘરે પાછો આવ્યો. હોસૂરના રથોત્સવ માટે મોડું થશે. તો પણ નાગીને છોડીને જવાની એની ઇચ્છા નહોતી. તે મામીને બૂમ પાડીને જોરજોરથી રોવા માંડ્યો. મામીને સમજાયું નહીં કે કિટ્ટી કેમ રડી રહ્યો છે. પછી જ્યારે તેણે કહ્યું કે નાગી અને એના પિતા રડી રહ્યા છે અને કલ્યાણી ક્યાંક જતી રહી છે તો એને બધું સમજાઈ ગયું. કલ્યાણી વિષે ઊડતી અફવા એના સુધી પહોંચી ગઈ હતી. તે કલ્યાણીને ગાળો દેવા માંડી. કિટ્ટીને ખૂબ વિચિત્ર લાગ્યું. અનેક વાર કલ્યાણીને નાગીના પિતા મારીઝૂડીને બહાર કાઢી મૂકતા હતા તો તે રોતી રોતી એના ઘરે આવી જતી હતી, અને ત્યારે મામી નાગીના પિતાને ગમે તેવું કહેતી. એને ખાધા વગર સૂવા ન દેતી. થોડા દિવસ પહેલાં જ જ્યારે તેની જાંઘ પર ડામ દીધો અને તેને ખૂબ મારી હતી ત્યારે મામી ડામ પર તેલ લગાવીને સવારે કલ્યાણીને એના ઘરે મૂકી આવી હતી. કિટ્ટીને ક્રમશઃ બધી વાતોની યાદ આવવા લાગી. વિચાર્યું કે કદાચ એટલા માટે જ નાગીની નાની મા ભાગી ગઈ હશે. મામા બહાર શૌચે ગયા હતા. પાછા આવ્યા ત્યારે આ સમાચાર સાંભળીને ચોપાલ-ઘર તરફ ચાલી નીકળ્યા. મામીની સાથે કિટ્ટી નાગીના ઘરે આવ્યો તો જોયું કે હજુ સુધી એ લોકો એમ જ બેઠાં હતાં. મામાએ કહ્યું : 'બદજાત, રાંડ જતી રહી તો જવા દો, બુડ્ડણા. બીજી આવીશે.' પછી નાગીને પોતાના ઘરે લઈ જવાનું કહ્યું. પોતાની પાછળ ઊભેલા કિટ્ટી અને મામીને જોઈને બોલ્યા, 'નાગીને ઘરે લઈ જાવ. એ અત્યારે ત્યાં જ રહેશે.' મામી નાગીને લઈને કલ્યાણીને ગંદી ગંદી ગાળો દેવા માંડી. ધીમે ધીમે કિટ્ટીને ખબર પડી કે નાગીની નાની મા પોતાના ઘરના નોકર હનુમાની સાથે રાત્રે ભાગી ગઈ હતી. એ કેમ ભાગી ગઈ હતી ? કિટ્ટી અને નાગી બન્નેને આ વાત સમજતી નહોતી. કિટ્ટીએ વિચાર્યું, નાગીના પિતાજી રોજ રોજ મારતા હતા, કદાચ એથી એ ચાલી ગઈ હશે.

સવારે હોસૂરના રથોત્સવમાં જવાનું ટળી ગયું. દોડ્ડગૌડાના ઘરની ગૌરક્કા, કડલહટ્ટી લક્ષ્મક્કા અને સાત-આઠ સ્ત્રીઓ વરંડામાં બેસીને કલ્યાણી વિષે વાતો કરી રહી હતી. હવે તેઓ હોસૂરની રંગરમત માટે નીકળશે એવું વિચારતો કિટ્ટી એમના ઊભા થવાની પ્રતીક્ષા કરવા લાગ્યો. નાગી ખૂબ ઢીલી થઈ ગઈ હતી.

લોંપી ઘરની સામે પડેલી બળદગાડી જોવા લાગ્યો તો કિટ્ટીને ખૂબ આનંદ થયો. એ નાગીને બહાર લઈ આવ્યો. લોંપીએ બળદગાડીમાં ઘાસ પાથરીને ઉપર ચટ્ટાઈ પાથરી દીધી.

પૈડાંમાં તેલ પૂરીને એ દોરડું સરખું કરીને બળદગાડી હોસૂર લઈ જવા તૈયાર થઈ ગયો. મામા અંદર આવ્યા તો તરત બધા ઊભા થઈ ગયા. મામીએ મોટી હાંડી સાફ કરીને મૂકી હતી, એને લઈને મામાએ કિટ્ટીને કહ્યું : 'કિટ્ટી, પિત્તળનો એક લોટો લઈ આવ.' લોટો લાવીને આપ્યો તો એમણે એના કાંઠે નાની એવી દોરી બાંધી. બધાં વારાફરતી જતા રહ્યાં હતાં. દોડ્ડગૌડાના ઘરની ગૌરક્કા એકલી રહી ગઈ હતી.

મામાએ ખાવાનું ખાઈ લીધું પછી મામી, નાગી અને ગૌરક્કાની સાથે પેટ ભરીને ખીર ખાઈને કિટ્ટી બહાર આવી ગયો. મામા ચૌપાલ જતા રહ્યા હતા. લૉંપી થાળી લઈને ગૌશાળામાં બેઠો હતો. નાગી ખીર ખાઈને લેંઘા પર હાથ લૂછતી લૂછતી કિટ્ટીની પાછળ આવીને ઊભી રહી ગઈ. ન જાણે કેમ પણ નાગીને જોઈને કિટ્ટીને એક પ્રકારની દયા આવી જતી હતી. ચૌપાલ બાજુથી અચાનક તાસાં અને ઢોલના અવાજો આવવા લાગ્યા. સાંભળીને કિટ્ટી નાગીનો હાથ પકડીને તેને ખેંચીને એ બાજુ દોડવા લાગ્યો. ચૌપાલની સામે ખૂબ લોકો ભેગા થયાં હતાં. દરેકના હાથમાં રંગની હાંડી હતી. ચૌપાલનો દરવાજો ખોલીને પૂજારી પૂજા કરી રહ્યો હતો. તાસાંના અવાજ સાથે ઘડિયાળનો ધ્વનિ મળી રહ્યો હતો, અને કોઈનો અવાજ સંભળાતો નહોતો. પૂજારીએ હાંડી બાંધનારને પ્રસાદ દીધો. બધા ચૌપાલના ચબૂતરે બેઠા હતા. કરેમને સીતારામય્યા અને દોડ્ડગૌડાને પગે લાગી લાગીને બધા ઊભા થતા હતા.

કોનેમને પુટ્ટસ્વામીના ઘરેથી એકપણ માણસ ત્યાં ન ફરક્યું. દોડ્ડગૌડાએ પુટ્ટસ્વામીને કહેવડાવ્યું હતું કે પોતાના ભાઈ કૅંપ નંજને જ હાંડી બાંધી દે, પરંતુ પુટ્ટસ્વામીએ તેની વાતોને ઠુકરાવી દીધી હતી. રુદ્રને પુટ્ટસ્વામીનું નામ સાંભળતા જ શરીરમાં આગ લાગી જતી હતી. એ દિવસે રાત્રે સાવિત્રમ્માને છુપાઈને સળગાવી દીધી હતી. પરંતુ ન જાણે તેને કેવી રીતે એ વાતનો પત્તો મળી ગયો હતો ! તેણે ત્યારે હોસૂરના શિવગંગા સાથે એક અનામી અરજી થાણે મોકલાવી દીધી હતી.

સીંગ-તાસાની સાથે કોપ્પલના નોકર-ચાકર હાંડીઓ લઈને હોસૂર બાજુ નીકળી પડ્યા. કિટ્ટી અને નાગી ઘર તરફ ભાગી ગયા. લૉંપી બળદગાડી તૈયાર કરીને ઊભો હતો. ગૌરક્કાએ નાગીનો હાથ પકડીને ઉપર ચડાવી દીધી. બળદગાડી તળાવવાળી ગલીમાંથી પસાર થઈ. ત્યાં ઉજ્જડ હનુમાન મંદિરની પાસે નોકર-ચાકર રંગે રમવા માટે તૈયાર ઊભા રહીને પૂજા કરી રહ્યા હતા. લૉંપીએ પરોણો માર્યો અને બળદ ભાગવા માંડ્યા. મામીએ કહ્યું : 'ધીમે ચાલવા દે, લૉંપી ભૈયા' કિટ્ટીએ તેનો વિરોધ કર્યો. તળાવની બીજી બાજુ સ્વામીગૌડાની બળદગાડી જઈ રહી હતી. તેને જોઈને કિટ્ટીએ વિચાર્યું કે તેની બળદગાડી કોઈપણ રીતે તેનાથી આગળ નીકળી જાય. એણે લૉંપીને ઉશ્કેર્યો.

ધીમે ધીમે બપોર થતી હતી. બળદગાડી તળાવના ઢોળાવ પર ચડી રહી હતી, તેથી એની ગતિ ધીમી પડી ગઈ. રંગે રમવા માટે નીકળેલ કોપ્પલનાં લોકો, હોલગેરી અને બીજી બાજુ કાફલામાં આવી રહ્યાં હતાં. એ લોકોની વચ્ચેથી રસ્તો બનાવીને નીકળવું મુશ્કેલ થઈ ગયું હતું. એક બાજુ ઉપર સુધી ભરચક તળાવ અને બીજી બાજુ પાંદડાં ખરી જવાથી નગ્ન ઊભેલાં વૃક્ષો હતાં. કિટ્ટી બળદગાડીમાં ઊભો ઊભો ચાલતો હતો. કેટલાંક વૃક્ષોમાં લાલ કૂંપળ ફૂટી રહી હતી. 'કોડી' પાર કરતા મામીએ લૉંપીને બળદગાડી રોકવા કહ્યું હતું. દોન્ને બેટ્ટણ્ણાનાં પત્ની-બાળકો પગે ચાલીને જતાં હતાં. એમને પણ બળદગાડીમાં બેસાડી દીધાં.

બળદગાડી હોસૂરમાં સેટ્ટીની દુકાનની પાસે આવી ગઈ તો બેટ્ટણ્ણાની પત્ની અને બાળકો ઊતરી ગયાં. બળદગાડી હોસૂરની ચૌપાલની પાસે રોકવાના ઇરાદાથી લૉંપી બળદગાડી એ બાજુ જ હાંકીને લઈ ગયો. બસક્કાએ બળદગાડી ત્યાં રોકી દીધી. મામી અને ગૌરક્કાની સાથે કિટ્ટી અને નાગી પણ બસક્કાના ઘરની અંદર આવી ગયા. વરંડામાં બે-ચાર માણસો બેઠા હતા. કિટ્ટીએ એમને ક્યારેય જોયા નહોતા. કિટ્ટીએ મામી સામે જોયું.

મામી બસક્કાની સાથે હસી-હસીને વાતો કરી રહી હતી. તેને ખૂબ આશ્ચર્ય થયું. તેણે વિચાર્યું હતું કે મામી બસક્કાની તરફ જોશે પણ નહીં અને કદાચ તેથી જ તે એને પણ બસક્કાના ઘરે જવા માટે મનાઈ કરતી હતી. પરંતુ આજે મામી કેટલી શાંતિથી તેની સાથે વાતો કરી રહી છે, એ જોઈને તેને એનું કારણ પૂછવાની ઇચ્છા થઈ.

બસક્કાએ નવી સાડી પહેરી હતી. મામીની જેમ તેના માથા પર કુમકુમ અને હાથમાં ચૂડીઓ નહોતી. કિટ્ટી એના ઘરે આવતો તો ત્યાં કાયમ નાના એવા નાકવાળો એક છોકરો જોવા મળતો. તે મામી જેવી ગોરી તો નહોતી, પરતુ સૂરત ગોળ-મટોળ હતી. કાયમ હસીને વાત કરનારી બસક્કાને કિટ્ટી ખૂબ ચાહતો હતો. તેને બહુવાર બોલાવીને ખાવાની વસ્તુઓ આપી હતી. 'બસક્કા આપણી શું થાય છે ?' એવું પૂછવાથી મામીએ હસીને કહ્યું હતું : 'મામી થાય છે.' ક્યારેક ક્યારેક કોઈ ઘરે આવતું તો તેને કહેતી: 'એણે જાદુમંત્ર કર્યું છે' એને ગાળો પણ દેતી. કિટ્ટી બસક્કાને એ જ દિવસથી મામી કહીને બોલાવવા માંડ્યો હતો. એક દિવસ સેટ્ટીની દુકાનેથી મિઠાઈ ખરીદતી વખતે સેટ્ટીએ મજાકમાં કહ્યું હતું : 'કેમ રે, આ જ તારી બસક્કા મામીએ શું કશું જ નથી દીધું?' એ સાંભળીને ત્યાં બેઠેલા બધા લોકો હસી પડ્યા હતા. ઘરે આવી કિટ્ટીએ લૉંપીને પૂછ્યું હતું : 'મામા બસક્કાના ઘરે કેમ જાય છે ?' લૉંપીએ કહ્યું હતું : 'તું હજુ નાનો છે. આ બધું જાણીને

શું કરીશ ?' એ સાંભળીને કિટ્ટીને બહુ ગુસ્સો આવ્યો હતો.

ચાર રકાબીઓમાં બસક્કાએ ખાવાની ચીજો લાવીને મૂકી દીધી. કિટ્ટીનો ચહેરો ખીલી ઊઠ્યો. જ્યારે મામીએ કહ્યું : 'હમણાં જ ખાઈને આવ્યા છીએ. આ બધું કેમ ?' તો એણે એમનું જરાય ન માન્યું અને બોલી : 'થોડુંક જ તો છે. લઈ લો.' પછી કિટ્ટી તરફ ફરીને કહ્યું : 'કેમ રે, કિટ્ટી, ત્રણ દિવસથી સ્કૂલમાં પગ નથી મૂક્યો ?' કિટ્ટીના ગળામાં જાણે 'કોડેબેલે'નો ટુકડો અટકી ન ગયો હોય ! આ લોકોને સ્કૂલ સિવાય અન્ય કોઈ બીજી વાત આવડતી નથી. એ મનોમન ગાળો દેવા માંડ્યો. બસક્કાના ઘરના આંગણામાં એની સ્કૂલમાં લાગેલી ઘડિયાળની જેવી જ એક મોટી ઘડિયાળ લાગેલી હતી. તેણે વિચાર્યું કે પોતાના ઘરમાં પણ આવી ઘડિયાળ આવી જાય તો તે સ્વયં એમાં ચાવી ભર્યા કરશે. ઘડિયાળે એકનો ટકોરો પાડ્યો. એવું લાગી રહ્યું હતું કે ચૌપાલ બાજુથી આવતા તાસાંના અવાજમાં આખું ગામ ડૂબી જશે. મામી અને ગૌરક્કા ન ઊભા થયાં. એ બેઠા બેઠા બસક્કાની સાથે વાતો કરતાં રહ્યાં. કિટ્ટી બેચેન હતો. તે નાગીની સાથે ધીમે ધીમે બહાર આવી ગયો. બહાર લૉંપી બળદોને બાંધીને ક્યાંય જતો રહ્યો હતો. કિટ્ટીએ ખિસ્સામાં હાથ નાખ્યો. સવારે મામીએ જે પૈસા દીધા હતા તે એમ જ પડ્યા હતા. હજુ સુધી તેને એની યાદ જ આવી નહોતી. એ તરત જ નાગીની સાથે ચૌપાલ તરફ ચાલી નીકળ્યો. નાગી હજુ ઉદાસ હતી. કશું બોલતી નહોતી. એના પિતાજી રંગે રમવા આવ્યા નહોતા. એ કિટ્ટીને ત્યાં જ જમીને સૂઈ ગયા હતા. નાગીને કદાચ તેની યાદ આવી રહી હતી.

ચૌપાલમાં આવ્યા તો જોયું કે ત્યાં હજારો લોકો ઊભા છે. ગુજરીની બધી દુકાનો ત્યાં આવી ગઈ હતી. સોદો કરનાર મંડપ બાંધીને બેઠા હતા. વાજાં, રંગીન ગોળીઓ, ચૂડીઓ અને જાતજાતના રંગીન સામાન વેચનારની દુકાનો એક હારમાં લાગી હતી. સોડાવાળાની પણ બે દુકાનો હતી.

ચૌપાલના આંગણામાં વચ્ચોવચ બનેલા હોજમાં રંગ ભર્યો હતો. કહેવામાં આવતું હતું કે અંદર ઊતરવા માટે પગથિયાંવાળો આટલો મોટો હોજ આસપાસ ક્યાંય નથી. એકસો પચાસ ડ્રમ પાણી એ હોજમાં આવતું હતું અને એને ભરવા માટે આખો દિવસ થતો હતો. સવારે કાઢેલ રથની ફાટેલી છત્રીને કોઈએ કાઢી નહોતી. રથનાં મોટાં મોટાં પૈડાંને આગળ-પાછળ પથ્થર લગાવીને ઊભો કરવામાં આવ્યો હતો. રથની બીજી બાજુ હોસૂરનાં લોકોને એ જ વખતે પ્રસાદ અપાતો હતો. એમણે હજુ કપડાં ઉતાર્યાં નહોતાં. તાસાં-સીંગના અવાજો બંધ થઈ ગયા હતા. માથું ફાડી નાખે એવી બપોર તપી હતી. મામી અને બસક્કા મંદિર તરફ આવે તે પહેલાં જ કોપ્પલના રંગ રમનાર લોકોએ કપડાં ઉતારી નાખ્યાં હતાં. રથની પેલી બાજુ ઊભેલાં હોસૂરનાં લોકો કહી રહ્યાં હતાં, 'ગંગામૈયાની પૂજા થઈ જાય એટલે બસ.' કિટ્ટી મામીની સાથે બેસી ગયો. ત્યાં થોડોક છાંયો હતો. હોસૂરના બસવ દેવાલયના પૂજારી ઘડિયાળ વગાડતા વગાડતા આવ્યા અને એને રંગના હોજની પાસે પૂજાનો સામાન મૂકી દીધો. હોજની પરિક્રમા કરીને તે પૂજા કરવા લાગ્યો. અહીં ગૌવલ્લી દેવપ્પા અને શાનભાગનાં લોકો બરાબર સંખ્યામાં ધીરે ધીરે રંગનું મેદાન છોડી રહ્યાં હતાં. છેવટે હોસૂરના સાત-આઠ માણસો રહ્યા હતા. બાંધેલી હાંડીઓ ખોલી નાખવામાં આવી. મોટા એવા મેદાનમાં તેઓ બન્ને બાજુ બે દળ પાડીને ઊભાં રહી ગયાં. કોપ્પલનાં લોકોને ચન્દ્રેગૌડાએ ધીમેથી કશુંક કહ્યું અને પૂજારીજીની પૂજા પૂરી થવાની પ્રતીક્ષા કરવા લાગ્યાં. શિવગંગા અને ચન્નોરુ હોસૂરના દળને રમતનો હુનર બતાવતા હતા. મંદિરના ચબૂતરા પર હોસૂર, કોપ્પલ અને ગૌવલ્લીનાં મુખ્ય લોકો બેઠાં હતાં. ચારે બાજુ, જ્યાં પણ જુઓ, માથે-માથાં દેખાઈ રહ્યાં હતાં. ઘણાં બધાં માણસો મંદિરની પાસેનાં મકાનોના છાપરે, વૃક્ષો પર બેઠાં હતાં. બધાંની આંખો આંગણાની વચ્ચે રંગ ભરેલા હોજ પર જ લાગેલી હતી. કિટ્ટીએ પોતાના મામા સામે જોયું. એની નજર લૂંગી સિવાય બાકીના બધાં વસ્ત્રો ઉતારેલ, એક હાથમાં રંગની હાંડી અને બીજા હાથમાં પાણીનો લોટો લઈને ઊભેલા મામાના મોટા મોટા હાથ પર હતી. મામાની હાંડી સૂર્યનાં કિરણોમાં ચમકી રહી હતી. બધાં એના મામાની સામે જોતાં હતાં. કિટ્ટી મનોમન ફુલાતો હતો.

ભયંકર ગરમી. ટોળું બનાવીને ઊભેલા લોકોના ચહેરા પરથી પરસેવો ટપકી રહ્યો હતો. દોડ્ડગૌડા સીતારામય્યા, હોસૂર ઈરપ્પા, ગૌવલ્લી દોડ્ડગૌડા - બધા વિચારી રહ્યા હતા કે હવે રંગવાનું શરૂ થઈ જવું જોઈએ. ગૌવલ્લી દોડ્ડગૌડાએ ચબૂતરેથી ઊતરીને બન્ને બાજુનાં લોકોને કશુંક કહ્યું. પૂજારીએ પૂજા પૂરી કરીને મંગલ આરતી માટે કપૂર સળગાવ્યું. રુદ્રે પોતાના પક્ષનાં લોકોને કહ્યું - 'શિવગંગા, ચન્નોરુ, નીલકંઠ - આ બધાંને ખૂબ હેરાન કરજો.'

કોપ્પલના ચન્દ્રેગૌડા રંગે રમવા આવી ગયા હતા, એથી હોસૂરવાળાને ગભરાટ થયો હતો. એમણે કહ્યું : 'ચન્દ્રેગૌડાનું શું છે ? એ તો એમની હાંડીની કમાલ છે. એમના પિતાના યુગની છે, જ્યાં પણ ફેંકો બરાબર વાગે છે.' પૂજા પૂરી થતાં જ અચાનક આંગણામાં પચાસ-સો અવાજો ઊભા થયા. બધાં હોજમાંથી લોટા ભરવા માટે આગળ વધ્યાં. તાસાં-નગારાના અવાજ તેજ થયા. સીંગોનો અવાજ પણ સામેલ હતો. સળગાવી નાખે તેવી ગરમી હતી. જ્યાં જુઓ ત્યાં ઉઘાડાં શરીર ચમકી રહ્યાં હતાં. એ માથું જમાવીને એક-બીજાંને મારવા-ઝૂડવા લાગ્યાં. કોઈથી પીઠમાં પડતી તો એવું વાગતું કે જાણે ગોળી વાગી હોય ! મારના કારણે

બરાડતા, છલાંગ મારીને એ એક બાજુ ખસતાં કે એટલામાં તો ધડ દઈને માર પડતો. કેટલીયેવાર મારથી 'આહ'ની ચીસ નીકળતી. બન્ને બાજુ બરાબર-બરાબર માણસો હોવા છતાંય કોપ્પલવાળા જ આગળ હતા. રુદ્રે આંખથી ઈશારો કર્યો કે શિવગંગા ચન્નોરુ અને એના ચેલાઓને મારવાનો આ સારો મોકો છે.

ટોળું વળીને ઊભેલાં લોકો મારો-પીટો બરાડતાં પ્રોત્સાહિત કરી રહ્યાં હતાં. થોડીવારમાં જ આંગણું કીચડથી ભરાઈ ગયું. હોજમાં માત્ર બે પગથિયાં સુધીનું જ પાણી રહી ગયું હતું. કિટ્ટી ઊભો થઈ ગયો. એની આંખો જે બાજુ માર પડતો હતો એ બાજુ જ ફરી જતી હતી. આ રમતમાં જમણી બાજુ જાણીતા ચન્દ્રેગૌડા આવેશમાં બરાડતા, ઊછળતા, હોસૂરનાં લોકોને છઠ્ઠીનું ધાવણ યાદ કરાવતા હતા. જે કોઈનું શરીર જુઓ એના પર મારનાં ચિહ્નો દેખાતાં હતાં. હોસૂરનો માણસ એમના પક્ષની એક વ્યક્તિને મારવા માટે તૈયાર થયો કે તેને ધડ દઈને નીચે પાડી દેવામાં આવ્યો. માર ખાઈને એ લથડતો લથડતો નીચે પડ્યો અને એના આખા શરીર પર કીચડ લાગી ગયો.

હોજનું અડધું પાણી ખાલી થઈ ગયું. હોસૂરનાં લોકોના હાથ થાકી ગયા હતા. કોઈની પીઠ સીધી રહી નહોતી. બધા કમર વાંકી વાળીને સમય પસાર કરી રહ્યાં હતાં. આસપાસનાં ગામોમાંથી આવેલાં લોકો ગુસ્સામાં એમના પર થૂંકવા લાગ્યાં. કિટ્ટી ઊભો ઊભો કૂદતો હતો. મામી અને બસક્કા બધાની નજર ત્યાં હતી. માથે ગરમી હતી. બેઠેલાં લોકો ગુસ્સામાં અચાનક ઊભાં થઈ ગયાં. કેટલાંક લોકોને માર સહન ન થવાથી કિનારે આવી ગયાં હતાં. આંગણાની ચારેબાજુ ઊભેલી ભીડે એમને ફરી અખાડામાં ધકેલી દીધાં. શિવગંગા અને ચેન્નોરુએ જ્યારે જોયું કે એમના પક્ષનાં લોકો થાકી ગયા છે તો તેઓ વધુ જોશથી રમવા માંડ્યા. રમતમાં અચાનક તેજી આવી ગઈ. બધા લોકો રાક્ષસની જેમ મારઝૂડ કરવા લાગ્યા. કિટ્ટીની નજર ફેલાતી જતી હતી. એનું લોહી પણ ગરમ થઈ ગયું. અત્યાર સુધીમાં સાત માણસોના શરીર પર ઉઝરડા પડ્યા હતા અને ત્યાંથી લોહી ઝરતું હતું. બધાં લોકોના દેખાતાં જ હોસૂર ચન્નોરુએ જાણીજોઈને ચન્દ્રેગૌડાના જમણા બાવડા પર એવી રીતે માર્યું કે પતરાંથી બાંધેલી હાંડી ત્યાંનું છોડું ઉખાડી નાખે. ચન્દ્રેગૌડાના હાથમાં જે લોટો હતો, તે અચાનક પડી ગયો. ગૌડાને મારીને અખાડામાંથી ભાગવાની કોશિશ કરનાર ચન્નોરુને રુદ્રે કમરથી પકડીને ઉપાડી લીધો અને આંગણામાં વચ્ચોવચ જ એને પાડીને પોતાની હાંડીથી મારવા લાગ્યો. બાકીનાં લોકો પણ હારેલા ખેલાડીની જેમ પાણીથી મારવાનું છોડીને હાંડીઓથી જ મારઝૂડ કરવા લાગ્યાં.

જોરથી બરાડીને કિટ્ટી મામીની સાથે આંગણા તરફ આગળ વધ્યો તો સામે ઊભેલાં લોકોએ એમને રોક્યા. ચબૂતરા પર બેઠેલા ગામના આગેવાન માણસો તરત આંગણામાં વચ્ચે આવી ગયા. નીચે પડેલા ચન્નોરુને બધા લોકોએ લાતો મારી મારીને અધમૂઓ કરી નાખ્યો હતો. એ બેહોશ પડ્યો હતો. બે-ચાર માણસોએ એને ઉપાડીને ચૌપાલના ચબૂતરા પર સુવાડી દીદો. એની હાલત પર કોઈએ આંસુ ના પાડ્યાં. બધા એને જવાબદાર ગણીને ગાળો દેતા હતા. હાંડી બાંધીને ઊભેલાં લોકોને ટોળાના ત્રણ-ત્રણ, ચાર-ચાર માણસોએ પકડી રાખ્યા હતા. દરેકના શરીર પર લોહી દેખાતું હતું. કિટ્ટીને લાગ્યું કે વાસ્તવમાં પોતે રાક્ષસોના કોઈ લોકમાં આવી ગયો છે.

ત્રણ-ચાર માણસો મામાને રથ બાજુ ખેંચીને લઈ ગયા. એમના હાથમાંથી લોહી વહી રહ્યું હતું. તોપણ મામા ગરજી રહ્યા હતા. કિટ્ટીને લાગ્યું કે મામા સ્વયં એક મોટા રાક્ષસ બની ગયા છે. આવું વિચારતા એને ડર લાગવા માંડ્યો. એ કોલાહલને શાંત થતાં થોડીવાર લાગી. કોપ્પલનાં લોકો રંગ રમવા આવેલાં લોકોને ઘેરીને, ગૌવલ્લીનાં લોકોની સાથે ગામ બાજુ લઈ ગયાં. રુદ્રે મામાના બાવડે એક મોટો રૂમાલ બાંધીને તેમને બસક્કાના ઘરની સામે ઊભેલી બળદગાડીમાં બેસાડ્યા. નાગી, મામી અને ગૌરક્કાની સાથે કિટ્ટી પણ બળદગાડીમાં બેસી ગયો. ગામના મોટા માણસો વાતચીત કાલ પર ટાળીને રંગે રમનાર લોકોની સાથે ગામ તરફ પાછા ગયા.

દિવસ ડૂબી રહ્યો હતો. મામાના બાવડે બાંધેલ રૂંછેદાર રૂમાલમાંથી લોહી બહાર ઝમી રહ્યું હતું. જોઈને કિટ્ટીને લાગ્યું કે જાણે કોઈએ તેનાં આંતરડાં ચીરી નાખ્યાં ન હોય ! એણે મામાનો ચહેરો જોયો. મામા રડતા નહોતા. પથ્થરની જેમ બેઠા હતા. બળદગાડી હોસૂરના સાંકડા માર્ગેથી નીકળીને કોટેમૈસૂરના મોટા માર્ગ પર આવી તો મામાએ બળદગાડીની પાછળ પાછળ આવતાં રુદ્રને પૂછ્યું : 'હાંડી ક્યાં છે ?' એ દંગલમાં હાંડી કોના હાથમાં આવી તેનો ખ્યાલ જ ન રહ્યો. મામા બેઠા બેઠા બોલ્યા : 'પિત્તળની હાંડી કોણ જાણે કયો હરામી લઈ ગયો હશે ?' કમલમ્માને ભય લાગતો હતો. રંગની રમત પૂર્વે એને આંગણામાં મન વગર ધોતી વખતે તેને એની સાથે સંબંધિત અનેક વાતો યાદ આવી જતી હતી. કિટ્ટીના મનમાં પણ હાંડી સાથે સંબંધિત મામીએ કહેલી અનેક વાતો ધીમે ધીમે ખૂલવા માંડી.

વરંડામાં પાથરેલા પલંગ ઉપર મામા કામળો ઓઢીને સૂઈ ગયા હતા.પુટ્ટણ્ણપ્પાના ઘરેથી દવા લાવવામાં આવી હતી. મામીએ એને પીસીને બાવડે બાંધી દીધી હતી અને હવે શેક કરતી હતી. ગૌશાળામાં નોકર-ચાકર ચૂપ ઊભા હતા. મામાએ કહ્યું : 'જાવ, કામ કરો. મને શું થયું છે તે આમ ઊભા છો ?' એ

(અનુસંધાન પૃષ્ઠ ૧૭૯ પર)

અતીતમાં અવગાહન

આજની પ્રક્રિયા

નવી પ્રજા પાસેથી કામ લેવાનું આવે ત્યારે આપત્તિ જ આવી સમજો ! પણ થાય શું ? આજની પેઢીને સુખાળવાપણું, આળસ, બેદરકારી અને અલ્લડવેડા વધુ ગમે છે. એ આપણી ચલચિત્રો, ક્રિકેટ-કૉમેન્ટ્રી અને સિલોન રેડિયોની સંસ્કૃતિનો પરિપાક છે. મધ્યમ વર્ગમાં ભીંસમાંથી છટકવાની જે એક વૃત્તિ છે તેના પરિણામ રૂપ પણ એ હોય. કશું યે ઊંડું, તાત્ત્વિક, વિચારણીય કે ગહન વસ્તુ ઉપેક્ષાને પાત્ર થાય છે અને હળવું, આછકલું અને મનોરંજક, એ આપણા નવલતરવ્યક્તિત્વના સાર રૂપ બની રહ્યું છે. ગંભીર નાટકો કરતાં ફાર્સ અને વિનોદની નિકૃષ્ટ કોટિ સુધી ઊતરતાં નાટકો આપણને રુચે છે. ચિન્તનાત્મક ધીરગંભીર વિચારોથી ભરેલા ગ્રંથો કરતાં માનવજીવનના વરણાગિયાવેડાને પ્રચ્છન્ન રીતે વર્ણવતાં પુસ્તકો વિશેષ ગમે છે. ચિત્રોમાં પણ આહ્‌લાદક, રમણીય કે ચિત્તને ચિરંતન પ્રસાદ રૂપ બની જાય એવી રચનાઓ કરતાં જીવનના અજંપા ને અરાજકતામાંથી ઉત્પન્ન થતાં વિચિત્ર આયોજન અને અનુભૂતિથી નીપજેલાં ચિત્રો જ દેખા દે છે. સંગીતકારની મધુર અદાથી તે આપણને મુગ્ધ કરી દેતાં નથી, પરંતુ સરકસના ડાગલાના ચાબુકના કડાકાની જેમ આપણને આંચકો આપીને આકર્ષવા પ્રયત્ન કરે છે. કાળની એ બલિહારી છે.

આ દશામાંથી 'સાચું' શિક્ષણ જ આપણને બચાવી શકે. આપણે જીવનપરિવર્તનની પ્રક્રિયાના એવા આરા પર આવીને ઊભા છીએ કે ગીતનો તાલ, લય, સૂરવિહાર કે સંવાદ આપણને સાંપડી શકતાં નથી, – બલ્કે એથી કાંઈક ઊલટો જ જીવનાનુભવ થાય છે, અને પરિણામે ક્લાનુભવ પણ તેવો જ સાંપડે છે. We are living in a chaos that tries, rather fumbles to resolve into a new cosmos. આ અવ્યવસ્થાને, આ અરાજકતાને આપણે હાથ ધરીને તેને સર્જક કેળવણી દ્વારા જો નવો વળાંક નહિ આપીએ તો પ્રકૃતિ, એના નિયમ મુજબ, ઘણા જ દુર્વ્યય પછી, પોતાની મેળે પોતાનો સંવાદ મેળવી તો લેશે, પણ તે કાળ સુધી રાહત જોવી પડશે. એટલે એ ખતરનાક ગાળાને કાપી નાખવો હોય તો આ પરિવર્તનની પ્રક્રિયાને સભાન, સર્જક, શૈક્ષણિક પ્રક્રિયા દ્વારા હાથ ધરી તેને યોગ્ય ઘાટ આપવો પડશે. ત્યાં સુધી આ ફરિયાદ, આ હતાશા, આ નૈષ્ફલ્ય અને આ 'સુખાળવાપણું' આપણને નહિ છોડે.

ઈશ્વર-ઈચ્છા – મનુષ્યના પ્રયત્નની રાહ જોઈ રહી છે.

રતિલાલ છાયા

(સળંગ અંગ ૪૬૦)

છાશ

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

દૂધ પરમ જીવનીય અને રસાયન હોવાથી એમાંથી બનતાં દહીં છાશ માખણ અને ઘીને આપણા લોકોએ પંચામૃત કહ્યાં છે. તેમાં વળી આપણા પ્રાચીન આહારશાસ્ત્રી ભાવમિશ્રે યથા सुराणाममृतं सुखाय तथा नराणां भुवि तक्रं माहुः (જેમ અમૃત દેવોને સુખ આપનાર છે તેમ છાશ પૃથ્વી પર માણસોને સુખ આપનાર છે) કહીને છાશની શ્રેષ્ઠતા ભાખી છે, તો વળી કોકે तक्रं शक्रस्य दुर्लभम् (ઇન્દ્રને પણ છાશ દુર્લભ) ગણાવી તેની સર્વોપરિતા ગાઈ છે.

દહીં જામ્યા પછી વધેલા પાણીને પરાશ-આછ કહે છે. દહીં ભાંગી નાખી કપડામાં બાંધી ઊંચે લટકાવ્યાથી એમાંથી નીતરતા પાણીને પણ આછ કહે છે. દહીંમાંથી માખણ કાઢી લેવા માટે તેમાં પાણી નાખી વલોવીને માખણ કાઢી લીધા બાદ વધેલું પ્રવાહી તે જ છાશ છે.

છાશ બનાવવાની રીત પ્રમાણે ભાવમિશ્રે તેના પાંચ પ્રકાર ગણાવ્યા છે. પાણી નાખ્યા વગર વલોવેલું દહીં તે 'ઘોળ', દહીંથી અરધા ભાગે પાણી નાખી વલોવેલું દહીં તે 'ઉદશ્વિત', દહીંથી ચોથા ભાગે પાણી મેળવી વલોવી બનાવેલી તે 'તક્ર'ને દહીંમાં પુષ્કળ પાણી નાખી વલોવી માખણ ઉતારી લીધા બાદ રહે તે છછ્છિકા (છાશ) છે. કો'ક આયુર્વેદાચાર્યે દહીં જેટલું જ પાણી નાખી વલોવી બનાવેલી છાશને 'શ્વેત' નામે પણ ઓળખાવી છે. વલોણાની છાશ સામાન્ય રીતે 'છછ્છિકા' છે, તો ઘેર દહીં મોરવી તૈયાર કરેલી છાશ 'શ્વેત' પ્રકારની છે.

સ્વાદે મીઠી મધુરી છાશમાં લેક્ટાલ્બુમિન ને લેક્ટાગ્લોબિન નામનાં પ્રોટીનો એક ટકા કરતાં ઓછા પ્રમાણમાં છે. ચરબી થોડી કે બિલકુલ નથી. દુગ્ધ-શર્કરા, વિટામિન 'બી,' અને લીંબુના રસ વડે દૂધ ફાડી દહીં બનાવ્યું હોય તો વિટામીન 'સી' પણ તેમાં હોય છે. ચરબી નહિ હોવાથી વિટામિન 'એ' અને વિટામિન 'ડી' નથી હોતાં, પણ ખનિજ ક્ષારો-ખાસ કરીને કેલ્શ્યમ-નું સારું પ્રમાણ હોય છે.

'પરાશ' સ્વાદમાં ખાટી-મીઠી છે. ગાયના દૂધ સાથે સરખા પ્રમાણમાં તે ભેળવાય તો માનવદૂધને મળતી આવવાનું ડૉ. ઘોષ લખે છે. સહેલાઈથી પચે અને અભિશોષાય એવું લેક્ટાલ્બુમિન હોવાથી છાશ પ્રોટીનના આંતરવિષ સંચાર (ઑટોઈન્ટૉ-ક્સિકેશન)ની સારવારમાં અત્યુત્તમ છે. ડૉ. ચંદ્ર ચક્રવર્તી લખે છે કે 'ખનિજ દ્રવ્યો લેક્ટોઝ અને લેક્ટિક ઍસિડની સમૃદ્ધિને લીધે છાશ સાંધાઓના સોજામાં પણ ઘણી ઉપયોગી છે.'

શરીરના પોષણ માટે 'ઘોળ' ઉત્તમ છે, તો ખોરાક પચાવવા માટે અનુક્રમે 'મથિત,' 'તક્ર' અને 'ઉદશ્વિત' ઉપયોગી છે. મંદાગ્નિ, ઝાડા, મરડો, સંગ્રહણી અને આંતરડાંની નબળાઈ માટે

'છાશ' છે. ભાવમિશ્ર તક્રને વખાણતાં લખે છે 'તે દસ્તને રોકનાર, હલકી, ઉષ્ણવીર્ય, અગ્નિ પ્રદીપ્ત કરનાર, મૈથુનશક્તિ વધારનાર, તૃપ્તિ આપનાર તથા ગ્રહણી આદિ રોગવાળાને પથ્ય છે. તક્રનું સેવન કરનાર કદી પણ વ્યથા પામતો નથી અને તક્રથી બળી ગયેલા રોગો કદી પણ પાછા ઉત્પન્ન થતા નથી. (न तक्रसेवी व्यथते कदाचिन्नतक्रदग्धाः प्रभवन्ति रोगाः ઘી કાઢી લીધેલી તક્ર હલકી છે. થોડુંક ઘી કાઢી લીધેલી તક્ર ઉપરના કરતાં ભારે અને વૃષ્ય છે. ઘી કાઢ્યા વગરની તક્ર ભારે, પૌષ્ટિક અને કફ કરનાર છે.' 'છછ્છિકા' માટે તે લખે છે : 'તે ટાઢી, હલકી, પિત્તશામક અને તૃષા મટાડનારી, વાયુ ટાળનારીને કફ કરનારી છે. મીઠાવાળી છછ્છિકા અગ્નિ પ્રદીપ્ત કરનાર છે.'

ઉધરસ, કફ, શરદી, સળેખમ, દમ અને માથાના દુખાવા વખતે છાશ અપથ્ય છે. શરદને ગ્રીષ્મઋતુઓમાં સુશ્રુત છાશ ખાવાની મનાઈ ફરમાવે છે. તો શીતકાળમાં અને અગ્નિમંદતામાં તેને ઉત્તમ ગણાવે છે. વળી, દોષો પ્રમાણે વિવિધ અનુપાનથી (ગાયના દુધની) છાશ લેવાનું તેમણે કહેલું છે. ભાવમિશ્ર ઊલટી, પાંડુરોગ, મેદ, ગ્રહણી, હરસ, મૂત્રકૃચ્છ, પેટનો ગોળો, અતિસાર, શૂળ, પેટના રોગો, કોઢ, સોજા, તૃષા અને કૃમિ માટે તેને ઔષધીય ગણાવે છે.

છાશ ભૂખ લગાડનાર ને પાચક છે. મળશુદ્ધિ કરનાર છે, હોજરી અને આંતરડાંને બળ આપનાર છે, થાક ઉતારનાર ને આંતરિક ઠંડક આપનાર છે. ઉનાળાની બપોરે તાજી છાશ પીવાથી તરશ છિપાવા સાથે શરીર અને મનની તાજગી અનુભવાય છે. ટાઈફોઈડ તાવ વેળા છાશનો ખોરાક પથ્ય છે, તો લાંબી માંદગી વખતે તેના સેવનથી શરીરની પ્રતિકારશક્તિ જળવાય છે. ચરક, સુશ્રુત, શાર્ઙ્ગધર વગેરેએ રોગો પરત્વે કરવાના તક્રકલ્પ (છાશ-સેવનવિધિ) વિગતવાર લખ્યા છે. તંદુરસ્ત માણસ માટે જમ્યા બાદ છાશ પીવાનો આદેશ (भोजनान्ते पिबे तक्रं) આપી તેમણે લખ્યું છે કે '(ગાયના દૂધની) છાશ પીનાર મનુષ્ય શરીરે સુદૃઢ, પુષ્ટ, બળવાન ને સંતોષી રહી કામદેવથી પણ અધિક રૂપાળો થઈને પૂરાં સો વર્ષ જીવે છે.'

આપણા વડવાઓએ પૂરા ભાવથી આચારમાં ઉતારેલો ઉપરનો આદેશ લગભગ ગઈ પેઢી સુધી જળવાઈ રહ્યો હતો. નાનાંમોટાં ગામોમાં ઘી બનાવવાનો ઘરઘરનો ઉદ્યોગ હતો, જે ગામલોકોને દૂધ-ઘી પૂરાં પાડતો અને એની આડપેદાશમાં પેદા થતી છાશ ગરીબ લોકોને ભ્રાતૃભાવથી વહેંચવામાં આવતી. આ હતું આપણું વિશિષ્ટ ભારતીય સામાજીકરણ. કઢી, શાક અને ભૈડકું બનાવવામાં વાપરવા ઉપરાંત, લુખ્ખા રોટલા સાથે લોકો છાશ ભરપટ્ટે ખાતા. કઢીમાં પ્રોટીન-સમૃદ્ધ ચણાનો લોટ ભેળવાતો હોવાથી તે પ્રોટીનપુષ્ટ ખાદ્ય છે.

છાશમાં ભલે પ્રોટીનોની સમૃદ્ધિ ન હોય, પણ નીચલા થરના મધ્યમ વર્ગના અને ગરીબ માણસોને પ્રાણિજ પ્રોટીન મેળવવાનું તે સુગમ સાધન છે. માત્ર નામનો પોષણદાતા આહાર પામતા ગરીબ લોકોની ધીંગી અને નીરોગી તબિયતનાં મૂળ હું આ પોષણદાતા છાશના આહારમાં જોઉં છું. ઢોર પાળનારા દૂધ દહીં ને ઘી પામતા તો ગામનાં બીજાં લોકોને છાશનો લાભ તો મળતો હતો.

આજની નવી ઢબની સમાજરચનામાં માત્ર શહેરોને દૂધ પૂરું પાડવાની નેમથી મોટા પાયાનાં દુગ્ધાલયો ઊભાં થતાં ગામડેગામડે વ્યાપેલો ઘી-દૂધનો વિકેન્દ્રિત ધંધો કેન્દ્રિત બની ગયો, જેને પરિણામે ઢોર રાખનારા લોકો પણ પૈસાના લોભે દૂધ માટે રડતાં પોતાનાં છોકરાંને લપડાક મારી દૂધ દુગ્ધાલયોમાં ભરે છે અને મફત વહેંચાતી છાશ હવે પૈસા આપતાં પણ મળવી દુર્લભ થઈ છે. આ આપણી પ્રગતિ છે કે અવગતિ એ તો ભવિષ્ય કહેશે. આ બાબતને લક્ષમાં રાખી શ્રી બાબાલાલ વૈદ્યે બાપોકાર લખ્યું છે કે 'ફરજિયાત શિક્ષણ પાછળ નાણાં વેડફવા કરતાં એક તાલુકો કે આખો જિલ્લો લઈ ત્યાંનાં નિશાળે જતાં બાળકોને રાજ્ય તરફથી રોજ એક શેર સ્વચ્છ તાજું દૂધ આપવાની યોજના વિચારાશે તો પ્રજાનું વિશેષ કલ્યાણ થશે.... હું આરોગ્ય-પ્રધાન હોઉં તો છાશની પરબો મંડાવું. મને લાગે છે કે પ્રજાની કાયાપલટ કરવા આ સાદી યોજના દરેક ગામડું વિચારશે'

દૂધની સરખામણીમાં છાશ ભલે પૌષ્ટિક ન લાગે પણ તેની પૌષ્ટિકતાનું સમર્થન કરતાં ઉજ્જૈન હૉસ્પિટલના ડૉ. સિદ્દીક ને ડૉ. હસ્બીના પ્રયોગો જાણીતા છે. એમણે ઇ. ૧૯૪૯માં શાળાના દસબાર વરસની અંદરનાં દૂબળાં છોકરાંઓ ઉપર નાસ્તાના પ્રયોગો કર્યા હતા. બાળકોનાં સાત જૂથને તેમણે ખાંડ નાખેલું દૂધ, સેપરેટ દૂધ ને મીઠું નાંખેલી છાશ પચ્ચીસ પચ્ચીસ તોલા આપ્યાં હતાં. બીજા જૂથોને બે તોલા ફણગાવેલા ચણા ને દસ ગ્રેન કેલ્શયમ લેક્ટેટ, એકલા ફણગાવેલા ચણા અને એકલું દસ ગ્રેન કેલ્શયમ લેક્ટેટ આપ્યાં. છ મહિના બાદ બાળકોની શારીરિક તપાસમાં છાશ પામતાં બાળકોનું વજન સૌથી વધારે (પાંચ રતલને તેર રૂપિયાભાર) વધ્યું હતું.

આપણા એક પ્રાચીન આહારશાસ્ત્રીએ આહાર, આરોગ્ય અને ઔષધમાં છાશનું મહત્ત્વ ઋષિવાણીમાં આ પ્રમાણે ગાયું છે: 'જો કૈલાસમાં તક્ર સુલભ હોત તો શિવજી નીલકંઠ રહ્યા ના હોત- અર્થાત્ એમના કંઠમાંનું ઝેર નાશ પામ્યું હોત, જો વૈકુંઠમાં તક્ર મળતી હોત તો વિષ્ણુ આજે શ્યામ હોત ખરા ? ઇન્દ્રનો ભગંદર રોગ અને ચંદ્રની ક્ષયદશા તરત જ નાબૂદ થયાં હોત. શ્રી ગણેશનું પેટ આવડું મોટું ન હોત, કુબેરને કોઢ ન હોત, અને શું અગ્નિ પણ પોતે દાહ પામત ? એ સર્વને જો છાશ પીવાની મળી હોત તો તો આમ દુઃખી ન થવું પડત.' (સળંગ અંક ૪૬૦)



અશ્રુકણી

દુ:ખ પડે છે, પાણકા જેમ,
સુખ તાજી હિમકણી !
દુ:ખને દોસ્ત બધા ઠગારાં,
સુખના ક્ષણિક ઠાઠ-ઠઠારા !
કૌમુદિની શુક્લ

હરીન્દ્ર દવે, સ્વ.



કવિ, નવલકથાકાર, નિબંધકાર, પત્રકાર હરીન્દ્ર દવેનું ૨૯ માર્ચ ૧૯૯૫ના રોજ સાંજે કેન્સરની બીમારીથી નિધન થયું છે. તેમનો જન્મ ઓગણીસસો ત્રીસની ઓગણીસમી સપ્ટેમ્બરે કચ્છના ખંભરા ગામે થયેલો. આ સાહિત્યકાર અવતર્યાં ભલે કચ્છમાં પણ કહેવાયા તો મુંબઈના જ, વાયા ભાવનગર ! એ એક સાહિત્યકાર લેખે, પત્રકાર લેખે અને એક ઉમદા મનુષ્ય તરીકે મહત્ત્વનું પરિબળ હતા. રહેશે. ગુજરાતી સાહિત્ય પરિષદ હોય કે ગુજરાત સાહિત્ય અકાદમી હોય કે અન્ય કોઈ પણ સંસ્થા માટે પોતાની હાજરીથી, અન્ય કોઈને કશીક ભલામણ કરવાથી કે પછી કોઈપણ રીતે ઉપયોગમાં આવવાથી સાહિત્યનું અને સમાજનું ભલું થવાનું હોય તો હરીન્દ્રભાઈ પ્રેમપૂર્વક કશા જ દેખાડા કે ભાર વિના પોતાને ઉપયોગમાં આવવા દેતા. એમના ચહેરા ઉપર હંમેશાં એક પ્રકારની સ્વ-સ્થતા અને નિરાંત જોવા મળી છે. આપણે એમને મળીએ તો ય 'આ માણસ પાસે કશુંક છે' એવી પ્રતીતિ સતત થયા કરે, એ એમની સભરતા ને સંવેદનશીલતાનું કારણ પણ હોય. એમનાં રાધા-કૃષ્ણ સંદર્ભનાં કાવ્યો-ગીતો, 'માધવ ક્યાંય નથી' અને 'કૃષ્ણ-માનવ સંબંધો' જોતાં એમ કહી શકાય કે હરીન્દ્રભાઈ કૃષ્ણની સૌથી વધુ નજીક રહ્યા છે. પ્રેમ અને મૃત્યુના જ જાણે કે એ કવિ છે. એમણે કહેલું કે 'મૃત્યુની નિકટ જવાનો અનુભવ, કૃષ્ણની નિકટ્ લઈ જતો અનુભવ્યો.' એમનો એક શે'ર :

'આ ક્ષણે શ્વાસ સમેટું તો જગત શું કહેશે ?
એક સુખદ ઊંઘમાં લેટું તો જગત શું કહેશે'

હરીન્દ્રભાઈએ એક વખત આવો વિચાર કર્યો ત્યારે કવિતા ઊતરી આવેલી એટલે જગતને ચિંતા કરવાપણું નહોતું રહ્યું. આ વખતે કદાચ પ્રથમ વાર એમણે નમ્રતા છોડી દીધી ને જગતની પરવા કર્યાં વિના જ લેટી ગયા. આમ, અચાનક 'કોઈ મહેફિલમાંથી ઊઠી જાય' ત્યારે શું કહીએ ? હજી તો હમણાં જ જાણે જોયેલા. કોઈ મીટિંગ માટે આવેલા. કામકાજ પતાવીને ઝડપથી જવું હતું. બહુ બધા પ્રેમથી એમને વળગે. એક એક મિનિટ ગણો તો ય ક્યાં વાત જાય ? અત્યંત સંકોચથી બે હાથ જોડ્યા. ડોક સહેજ વાંકી કરી એક હાથ કમર પર ને ઝડપથી મોટરમાં બેસી ગયા. એમનો આવજો કહેતો હાથ કાચમાંથી દેખાતો હતો. એમના ગયા પછી ય ચહેરો નજર આગળથી ખસતો નહોતો - કે જેના પર 'સમયના અભાવે મળવા રોકાઈ શકતો નથી.' -ની લકીરો સાચે જ ઊપસી આવી હતી.

હરીન્દ્રભાઈ એટલે સૌમ્યતા, ઋજુતા, નમ્રતા ને મમતાનો સાક્ષાત્ સુમેળ. પણ, મક્કમતાનો અભાવ નહીં ! આ યુગમાં કોઈ અખબારના તંત્રી હોવું ને ટકી રહેવું અઘરું છે. હરીન્દ્રભાઈમાં કવિ-પત્રકાર-નવલકથાકાર-વિચારક અને વિશેષ તો ઉત્તમ મનુષ્ય, આ બધાનો સરવાળો હતો એટલે એ બધું સરળતાથી કરી શકતા.

રાજેન્દ્ર શાહ, નિરંજન ભગત અને પ્રિયકાન્ત મણિયારની ગીત-પરંપરાના આ કવિ સૌંદર્યરાગી તો ખરા જ, પણ પૂર્ણ અર્થમાં આસ્તિક હતા. એમણે આપેલાં ગીતો દાયકાઓ સુધી ભૂલ્યાં ભુલાય તેમ નથી. 'ફૂલ કહે ભમરાને...', 'ના, ના, નહીં આવું મેળે નહીં આવું,' 'મેળો આપો તો એક માનવીની સંગ' કે પછી 'હોઠ હસે તો ફાગુન' કેટકેટલાં ગીતો યાદ આવે !

ગઝલક્ષેત્રે હરીન્દ્રભાઈનું ને 'મરીઝ'નું ગોત્ર એક છે. અત્યંત સાદી-સરળ ભાષામાં એમણે ચોટદાર ગઝલો આપી છે. એમની ગઝલોમાં ઉપરથી દેખાતી સાદગી અનેકવાર ગહન અર્થો લઈને આવે છે.

એમની અનેક ગઝલોમાં ઇશ્કે હકીકી અને મિજાજીનું ગજબ સંતુલન જોવા મળે છે. એમાં, મિલનના માધુર્ય કરતાં વિરહની વેદના વિશેષ પ્રગટી છે. ક્યારેક તો એ કોઈ સૂફી-સંતની બાનીમાં બોલતા હોય એમ લાગે. અભિવ્યક્તિમાં શિષ્ટતા અને સૌષ્ઠવના આગ્રહી એવા આ કવિની 'સૂર્યોપનિષદ' જેવી રચનામાં વ્યથા અને વિષાદનાં અનેક સ્વરૂપો, તદ્દન આગવી રીતે વ્યક્ત થતાં જોઈ શકાય. એમાં પરંપરા અને આધુનિક્તાનું વિશિષ્ટ-વિલક્ષણ ને માત્ર હરીન્દ્ર દવેમાં જ સંભવી શકે એવું અદ્ભુત સંમિશ્રણ જોવા મળે છે. ગઝલ, નઝમ, ગીત, છાંદસ, અછાંદસ અને કેટલાક પ્રયોગો દ્વારા એમણે કવિતામાં અભિવ્યક્તિ સાધી છે. શ્રી સુરેશ દલાલે એમની કવિતાઓમાંથી સંપાદન કર્યું

તે 'હયાતી' ઉપરાંત મૌન, સમય, અર્પણ, સૂર્યોપનિષદ આદિ એમના કાવ્યસંગ્રહો છે.

નવલકથાઓમાં 'માધવ ક્યાંય નથી' અને 'અનાગત'એ ગુજરાતી ભાષાની નીવડેલી કૃતિઓ છે. એની અનેક આવૃત્તિઓ થઈ છે. પરંપરા અને આધુનિક્તાનો સમન્વય કરવાની સાથે પ્રયોગ કરવાની સભાનતા હરીન્દ્રભાઈએ દેખાડી છે. ઉત્તમ કવિ, નવલકથાકાર હોવાની સાથોસાથ એ એવા જ આસ્વાદક હતા. મીરાં, નરસિંહ, ગાલિબ વગેરેની કૃતિઓના આસ્વાદની સાથોસાથ એમણે ભગીરથકાર્ય કર્યું વિદેશી સર્જકોની સુંદર કૃતિઓના એવા જ અનુવાદો સુલભ કરી આપવાનું. ભારતીય પરંપરામાં એમણે શ્રીકૃષ્ણ સંદર્ભે ખાસ્સો અભ્યાસ-વિચાર કર્યો છે અને મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ સંદર્ભે 'કથા રામની, વ્યથા માનવની' નવનીત-સમર્પણમાં પ્રગટતું હતું ત્યારથી જ બધાંનો આદર પામેલું. હરીન્દ્રભાઈની સમગ્ર સાહિત્યયાત્રા જોતાં કહેવાનું મન થાય કે એમણે અધ્યાત્મના શબ્દને અને શબ્દના અધ્યાત્મને ઉજાગર કરવાનું કપરું કામ અભ્યાસ અને સજ્જતાના જોરે સરળતાથી કર્યું એ એમનું મોટું અર્પણ છે. 'જનશક્તિ'થી શરૂ કરીને 'જન્મભૂમિ' (દૈનિક) સુધીની એમની કારકિર્દી દરમિયાન એ સતત વિકસતા રહ્યા. એને પરિણામે પત્રકારત્વના ક્ષેત્રે પણ મહત્ત્વનું અર્પણ કરી શક્યા અને મહત્ત્વના ઍવૉર્ડ પારિતોષિકો દ્વારા માન-સન્માન મેળવવાના અધિકારી બન્યા.

હરીન્દ્રભાઈને પત્રકારત્વને સંદર્ભે બી.ડી. ગોએન્કા ઍવૉર્ડ, સાહિત્ય સંદર્ભે મધ્યપ્રદેશ સરકારનો કબીર પુરસ્કાર, કેન્દ્રીય સાહિત્ય અકાદમી પુરસ્કાર, સાહિત્ય પરિષદ સંવાદિતા પુરસ્કાર, મહારાષ્ટ્ર રાજ્યનું ગૌરવ સન્માન, રણજિતરામ સુવર્ણચન્દ્રક આદિ અનેક નાનાં-મોટાં પારિતોષિકો એનાયત થયાં હતાં. ❑

('શબ્દસૃષ્ટિ'માંથી) - હર્ષદ ત્રિવેદી

, લકુ લપ્રિએ

ઇ. ૧૫૬૫માં ચાર્લ્સ નવમાએ નવું સુધારેલું પંચાંગ-કૅલેન્ડર અપનાવ્યું ત્યાં સુધી એપ્રિલનો પહેલો દિવસ નવા વર્ષની પ્રથમ દિન તરીકે ઉજવાતો, અને તે દિવસે લોકો સ્નેહી-મિત્રોની મજાક-મશ્કરી કરી આનંદ લેતાં. આ નવા કૅલેન્ડના સ્વીકાર પછી જાન્યુઆરીનો પહેલો દિવસ નવા વર્ષના પ્રથમ દિન તરીકે ઉજવાતો થયો, પણ ઘણા રૂઢિચુસ્ત લોકો પહેલી એપ્રિલે જ નૂતન વર્ષની ઉજવણી કરતા અને એથી તેવાં લોકો 'એપ્રિલ ફૂલ્સ' તરીકે ઓળખાતા. ધીરે ધીરે પહેલી એપ્રિલની ઉજવણી અન્ય દેશોમાં પણ પ્રસરી. એકબીજાની નિર્દોષ ઠઠ્ઠામશ્કરી કરી આનંદ લેવાની આ પ્રથા સ્વાભાવિક જ સૌને ગમી ગઈ અને આજે પણ આ રસમ ઘણા દેશોમાં ચાલુ જ છે. ફ્રાંસમાં આવી મજાકના ભોગ બનનારને 'એપ્રિલ ફિશ' કહે છે. સ્કૉટલૅન્ડમાં એ 'એપ્રિલ ગૉક' તરીકે ઓળખાય છે. અન્યત્ર બહુધા 'એપ્રિલ ફૂલ' કહેવાય છે. ❑

અનુ.) દક્ષિણ ભારતનાં મંદિરો (પૃ. ૧૭૦થી

મંદિર મંદિર-રચનાની દૃષ્ટિએ વધુ શ્રેષ્ઠ છે. અહીં શિલ્પકળા તેની પરાકાષ્ઠાએ પહોંચી. આ મંદિરમાં જ દ્રવિડિયન શૈલીનાં મંદિરોનાં અગત્યનાં અંગો - જેવાં કે ગોપુરમ્, વિમાન, અર્ધમંડપ, મહામંડપ, નંદિમંડપ, મોટો સભાખંડ વગેરે અક્ષરેખા પર આયોજાયેલાં જોવા મળે છે. આશરે ૫૦૬ × ૨૫૩ ફૂટના ક્ષેત્રફળમાં પ્રસરેલ આ મંદિર-સંકુલ ફરતે બહારની બાજુ દિવાલ વડે રચાયેલી પરસાળ છે. જે પાછળથી દ્રવિડિયન મંદિર-શૈલીની ઓળખ બની ગઈ. સમચોરસ પીઠિકાવાળું, ત્રણ સ્તરમાં વિભાજિત થતું, ઉપર જતાં સાંકડું થઈ અણિયાળી ટોચમાં પરિણમતું આ મંદિરનું આશરે ૨૦૦ ફૂટ ઊંચું વિતાન તત્કાલીન સ્થાપત્યની સિદ્ધિ ગણાય છે. એમ કહેવાય છે કે આ વિતાનની રચના માટે પાંચ કિલોમીટર લાંબા ઢાળવાળો રસ્તો બનાવાયેલો. આ મંદિર-સંકુલમાં સમયાનુસાર ઉમેરા થતા રહ્યા છે, જેમ કે સભાખંડના મંડપની અંદર મૂકાયેલો એક જ પથ્થરમાંથી કરાયેલો નંદી અર્વાચીન છે. આ મંદિરની રચનામાં ગ્રેનાઈટ પથ્થરનો ઉપયોગ પણ વધુ જોવા મળે છે. વળી, અહીંની દિવાલો તથા છત પરનું ચિત્રકામ પણ ઉલ્લેખનીય છે. તાંજોરના મંદિરની સરખામણીમાં ગંગૈકોંડ ચોળપુરમ્નું રાજેન્દ્ર ચોળે બનાવેલું મંદિર નાનું તથા ઓછું અલંકૃત છે. આ ઉપરાંત ચોળ રાજ્યાશ્રયે અન્ય મંદિરો પણ બનાવાયાં હતાં, જેમાં તાંજોર જિલ્લાના દશસુરમ્ના ઐરાવતેશ્વર તથા ત્રિભુલનમ્ના કામપહારેશ્વર મંદિરો મુખ્ય છે.

મુખ્યત્વે તામિલનાડુમાં પાણ્ડય રાજ્યાશ્રયે વિકસેલી દ્રવિડિઅન શૈલીમાં કોઈ નોંધપાત્ર વિકાસ થયો ન હતો. આ સમયગાળામાં મોજુદ મંદિરોમાં જ વધુ સુધારા-વધારા થયા હતા. મંદિરોની ફરતે દિવાલ બાંધી તેમાં ચાર દિશાને સન્મુખ ચાર દ્વાર તથા તોરણો મૂકવું, વળી, આ ચાર દિશામાં વિશાળ અલંકૃત ગોપુરમ્ બનાવવાં, વિવિધ જરૂરિયાત પ્રમાણે મંદિરમાં મંડપો રચવા, મંદિરની મુખ્ય અક્ષરેખાનું મહત્ત્વ વધારતાં અલંકૃત શિલ્પો મૂકવાં તથા મંદિરના પટાંગણમાં પથ્થરો જડવા જેવાં કામો માટે પાણ્ડ્ય રાજાઓએ સાધનો ફાળવ્યાં હતાં. ઈ. ૭૫૦માં બનેલા પટ્ટડકલના વિરૂપાક્ષી મંદિર તથા ઈ. ૭૦૦માં બનેલ કાંચીપુરમના કૈલાસનાથ મંદિરનાં ગોપુરમ્ પાણ્ડ્ય રાજવીઓ દ્વારા બનાવાયાં હતાં. આ સમયગાળામાં ગોપુરમ્ મંદિર-સંકુલનું અંગ બની ગયું. એમ કહેવામાં અતિશયોક્તિ નથી કે દક્ષિણભારતની દ્રવિડિઅન મંદિર-શૈલીનાં ગોપુરમ્માં પાણ્ડ્ય રાજ્યાશ્રયે પૂર્ણતા આવી. આ જ સમયમાં ચિદમ્બરમ્, તિરૂવન્નમલઈ તથા કુંભકોણમમાં નવાં મંદિરો બન્યાં હતાં. પણ મંદિરની અલંકૃતતા પાણ્ડ્ય રાજાઓનું મુખ્ય ધ્યેય હતું. (ક્રમશઃ)

> ઊંચા ઊંચા સબ કોઈ ચાલે, નીચા ન ચાલે કોઈ;
> નીચા નીચા જો ચલે, સબ સે ઊંચા હોઈ.
>
> કબીર

વિશ્વના જાણીતા ધનપતિ જોન ડી. રોકફેલર એક વાર કોઈ શિક્ષણસંસ્થાની મુલાકાતે ગયા ત્યારે એક વર્ગમાં પહોંચી શિક્ષણકાર્યનું નિરીક્ષણ કરવા લાગ્યા. શિક્ષક વિદ્યાર્થીઓને વ્યાપાર વિશે સમજણ આપી રહ્યા હતા. તેવામાં એ શિક્ષકે વિદ્યાર્થીઓને પૂછ્યું, 'તમારામાંથી કોઈ જણાવી શકશો કે પ્રોમિસરી નોટ કઈ રીતે લખાય ?' તરત જ એક તેજસ્વી વિદ્યાર્થી ઊભો થયો અને તેણે બ્લેક બોર્ડ ઉપર લખ્યું : 'હું આ સંસ્થાને દસ હજાર ડૉલર આપવાનું વચન આપું છું.' નીચે સહી કરી - જોન ડી. રોકફેલર

આ વાંચી રોકફેલર ખુશ થયા અને તરત જ દસ હજાર ડૉલરનો ચેક એ સંસ્થાને લખી આપ્યો.

*

ચામચીડિયાં આંખ વડે નહિ, પણ નાક અને કાન વડે જુએ છે.

*

વીરેન્દ્ર વિરદી નામના માણસે, અંગૂઠાના નખ કરતાંય નાનું પુસ્તક બનાવ્યું છે. એમાં હનુમાન-ચાલીસા આખા લખ્યા છે. પુસ્તકને ઉઘાડવા માટે સોયની અણી વાપરવામાં આવે છે. પુસ્તકનું વજન એક મિલીગ્રામ કરતાંય ઓછું છે.

*

કૂતરાના નાકમાં ગંધ પારખવા માટેની કોશિકાઓ બાવીસ (૨૨) કરોડ હોય છે.

*

બેનઝીર ભુત્તોના ભાઈ આસિફ ઝરદારી, દક્ષિણ આફ્રિકાની સરકારના મહેમાન બન્યા હતા ત્યારે ભીંડાનું શાક ખાવાનો આગ્રહ રાખ્યો હતો. તે સમયે વિમાનમાં સરકારને ભીંડા લાવવા માટે (૧૭) હજાર રૂપિયા ખર્ચો કરવો પડ્યો હતો !

ઉત્તર નાઈજીરિયામાં થતી એક જાતની ચકલી દર વર્ષે એપ્રિલ મહિનામાં પોતાનું શરીર વધારીને બેવડા કદનું કરે છે.

*

ફ્રાંસમાં જીન કોલમેન્ટ નામની સ્ત્રીની ઉંમર, એક્સો ઓગણત્રીસ (૧૨૯) વર્ષની છે.

*

ગ્રીસની મહારાણી મારકેડા સેલિયા, લિપસ્ટિકની જગ્યાએ સુંદર યુવતીઓનું લોહી હોઠ પર લગાડતી હતી.

*

મધ્યપ્રદેશના જબલપુરના ઉદયકુમાર સોન્થી નામના પાયલટને, એક પગ નથી, છતાં પણ આજે તે હેલિકોપ્ટર ઉડાડે છે.

*

ઘાના નામના દેશના મોઝિસ ઓબ્રોઆએ એક વેપારી પાસેથી 'મર્સિડિઝ કૉફિન બનાવવાનો પાંચ (૫) લાખ રૂપિયા ચાર્જ કરેલો છે.

*

વિલિયમ નામનો એક માણસ હોટલમાં ખાવાનું ખાઈને, બિલ ચૂકવ્યા વગર (૯૭) વખત પકડાઈને જેલમાં ગયેલો છે.

કલાકણિકા : હિરણ્યકશિપુવધ. દક્ષિણ ભારતનું વિષ્ણુના ચોથા અવતાર નૃસિંહ અવતારનું શિલ્પાકન.



લખ

મારી આ લત વિશે લખ
ક્યાં તો આદત વિશે લખ.

સુરાહી છે ઠસોઠસ
પગની આફત વિશે લખ.

ખીલેલાં ફૂલો જોઈ,
કળીના મત્ત વિશે લખ.

મૂંઝવણોથી તરબતર
આવેલા વખ વિશે લખ.

ધસમસ દરિયો જોઈ લો
તરતી એ શખ વિશે લખ.

ગટાવી ગઈ છે મીરાં
પ્યાલી જે વખ વિશે લખ.

ટળવળતાં અંધારાં ને
ઊંડા નભ વિશે તું લખ

મણિભાઈ કે ચૌધરી

સ્થાનસમર્પિત

શ્રી લલ્લુકાકા બહુમાન સમારોહ